ઇન્દિરા ગાંધી
નેશનલ ઓપન યુનિવર્સિટી

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

પ્રથમ વર્ષ બી.એ.

# ઈતિહાસ: પેપર - ૦૨

(મુખ્ય વિષય તથા પ્રથમ ગૌણ)

# પ્રાચીન ભારતનો ઈતિહાસ

(ઈ.સ.પૂર્વે ૩૨૦ થી ઈ.સ. ૮મી સદી સુધી)

વિભાગ

# 8

## ભારતની રાજ્યવ્યવસ્થા : આશરે ઈ.સ.પૂર્વે 300થી ઈ.સ. 800
## (Indian Polity : C. 300-800 A.D.)


એકમ 32
ગુપ્તોનો ઉદ્ભવ અને અભ્યુદય (Rise and Growth of Guptas) 7

એકમ 33
ગુપ્તોની અર્થવ્યવસ્થા, સમાજવ્યવસ્થા અને રાજતંત્ર-વ્યવસ્થા
(Economy, Society and Polity : Guptas) 18

એકમ 34
ઉત્તર હિંદમાં અનુ-ગુપ્ત રાજ્યો (Post-Gupta Kingdoms in North India) 27

એકમ 35
દખ્ખણ અને દક્ષિણ હિંદનાં રાજ્યો (Kingdoms in the Deccan and the South) 35

## Expert Committee


Prof. K.N. Panikkar *(Chairman)*

Prof. B.D. Chattopadhyaya

Prof. S. Bhattacharya
Centre for Historical Studies
Jawaharlal Nehru University
New Delhi

Prof. Dwijendra Tripathi
Indian Institute of Management
Ahmedabad

Prof. A.J. Syed
History Department
Bombay University
Bombay

Prof. Sudhir Chandra
Centre for Social Studies
Surat

Prof. Anirudha Ray
Deptt. of Islamic History and Culture
Calcutta University
Calcutta

Prof. Gyan Pandey
History Department
Delhi University, Delhi

Dr. Aloka Parashar Sen
History Department
University of Hyderabad
Hyderabad

Dr. Kapil Kumar *(Convenor)*
Dr. A.R. Khan, IGNOU


## Course Preparation Team


Prof. B.D. Chattopadhyaya
Centre for Historical Studies
Jawaharlal Nehru University
New Delhi

Dr. Bhupesh Chandra
History Department
Meerut College
Meerut

Vishwa Mohan Jha
History Department
A.R.S.D. College
Delhi University

Prof. B.D. Chattopadhyaya *(Editor)*
Centre for Historical Studies
Jawaharlal Nehru University
New Delhi

**Faculty Members : Indira Gandhi National Open University**
Dr. Kapil Kumar
Mr. Salil Misra } *(Course Coordinators)*
Dr. A.R. Khan
Mr. Ajay Mahurkar
Mr. Swaraj Basu
Ms. Sangeeta Joshi
Ms. Mira Rai
Mrs. Indira Sharma


## Production


Mr. Balakrishna Selvaraj
Registrar (PPD)
IGNOU

પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫
પુનર્મુદ્રણ : ૧૯૯૬



© *Indira Gandhi National Open University, 1990*



આ પુસ્તિકામાંની અભ્યાસ-સામગ્રી મૂળે ઇન્દિરા ગાંધી નૅશનલ ઓપન યુનિવર્સિટી, નવી દિલ્હી, દ્વારા તૈયાર કરાવવામાં આવી છે. તેની સંમતિથી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી– (અમદાવાદ)એ તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.

*Printed at : Navajivan Mudranalaya, Ahmedabad - 380 014*

**અનુવાદ :**

| | |
|---|---|
| ડૉ. ચિનુભાઈ જે. નાયક | નિવૃત્ત આચાર્ય, હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ |
| ડૉ. પ્રિયબાળાબહેન શાહ | નિવૃત્ત પ્રાધ્યાપિકા, હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ |
| ડૉ. સુધા એન. મહેતા | નિવૃત્ત પ્રાધ્યાપિકા, એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી, મુંબઈ |
| ડૉ. શ્રીદેવી મહેતા | રીડર, ગુજરાતરાજ્ય શાળા પાઠ્યપુસ્તક સંશોધન તાલીમ કેન્દ્ર, અમદાવાદ |

**પરામર્શ (વિષય) :**

| | |
|---|---|
| ડૉ. આર. એલ. રાવલ | નિવૃત્ત પ્રાધ્યાપક, ઇતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. એચ. બી. પરીખ | અમદાવાદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ |
| ડૉ. ચંદ્રકાન્ત ઉપાધ્યાય | નિવૃત્ત પ્રાધ્યાપક, શિક્ષણ મહાવિદ્યાલય, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| પ્રો. રસેશ જમીનદાર | નિવૃત્ત પ્રાધ્યાપક, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |

**પરામર્શ (ભાષા) :**

| | |
|---|---|
| ડૉ. યોગેન્દ્ર વ્યાસ | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. અરવિંદ ભાંડારી | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. રંજના હરીશ | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. સિદ્ધાર્થ ન. ભટ્ટ | રીડર, રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |

**સંપાદન અને સંયોજન :**

| | |
|---|---|
| ડૉ. ચંદ્રકાન્ત એચ. ઠાકર | રીડર, અર્થશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. અરવિંદ ભાંડારી | રીડર, ભાષાશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. સિદ્ધાર્થ ન. ભટ્ટ | રીડર, રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. નિશા કે. શાહ | રીડર, કેમિસ્ટ્રિ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |

**પ્રકાશક**

એસ. એચ. બારોટ, મદદનીશ રજિસ્ટ્રાર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, સરકારી બંગલા નંબર - 9, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ - 380 004 ટે.નં. 7869690

© સર્વ હક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી તથા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃ મુદ્રિત કરવાની મનાઈ છે.

# વિભાગ : 8 ભારતની રાજવ્યવસ્થા : આશરે ઈ.સ.પૂર્વે 300 થી ઈ.સ. 800 (Indian polity : C.300 800 A.D.)

આ વિભાગમાં ઈ.સ.ની ચોથી સદીની શરૂઆતથી આઠમી સદી સુધીના, ઉત્તર હિંદના અને દ્વીપકલ્પીય હિંદના શાસકીય ઇતિહાસને કેન્દ્રમાં રાખવામાં આવ્યો છે. વિભાગ 6 અને 7 માં તમે અનુ-મૌર્યકાળમાં ઉત્તર હિંદ અને દ્વીપકલ્પીય હિંદની શાસકીય પરિસ્થિતિ વિશે અભ્યાસ કરી ગયા. તમે નોંધ્યું હશે કે પ્રાગ્-મૌર્યકાળ અને મૌર્ય કાળ કરતાં અનુ-મૌર્ય કાળમાં રાજકુળોની સંખ્યા ઘણી વધારે હતી. આનો અર્થ એવો થાય કે (1) વધુ ને વધુ વિસ્તારોમાં રજવાડાં ઉદ્ભવતાં જતાં હતાં. આ રજવાડાં નાનાં હોય તોપણ તેનાથી સ્થાનિક રાજકુળોનો નિર્દેશ કરતાં. (2) જ્યારે મોટાં રાજ્યો ઉદ્ભવે ત્યારે આ નાનાં રજવાડાં કયાં તો પોતાનું અલગ અસ્તિત્વ ગુમાવતાં અથવા મોટાં રાજ્યોમાં ગૌણ રાજ્યો તરીકે ચાલુ રહેતાં.

ઈ.સ.ની ચોથી સદીની શરૂઆતથી ઉદ્ભવવા માંડેલું એક મોટું રાજ્ય હતું ગુપ્તોનું. એકમ 32માં તમે ગુપ્તકાળના ઇતિહાસના શાસકીય અને અન્ય પાસાંઓનો અભ્યાસ કરશો. ગુપ્તસ ત્તાનું જ્યારે સૌથી વધુ પ્રભુત્વ હતું ત્યારે તે પશ્ચિમમાં ગુજરાતના કાઠિયાવાડથી પૂર્વમાં બંગાળ સુધી અને વાયવ્ય હિંદથી દક્ષિણમાં મધ્ય પ્રદેશના ઉત્તર ઉત્તર ભાગ સુધી વિસ્તરી હતી. જોકે એનો અર્થ એવો નથી થતો કે આ આખો વિસ્તાર કેન્દ્રીય સત્તાના સીધા શાસન હેઠળ હતો; બંગાળ, બિહાર અને ઉત્તર પ્રદેશ જેવા વિસ્તારોમાં ગુપ્તો પોતે નીમેલા અધિકારીઓ દ્વારા વહીવટ કરતા હતા. સ્કંદગુપ્ત જેવા ગુપ્ત શાસકોએ તો છેક દૂરના સૌરાષ્ટ્રમાં ઉપરિક(ગવર્નર)નીમ્યા હતા. માળવાની જેમ અન્ય પ્રદેશોમાં, ગુપ્તોએ સ્વાયત્ત સત્તાઓ સાથે શાસકીય અને વૈવાહિક સંબંધો બાંધીને પોતાનું અધિરાજત્વ જાળવી રાખ્યું હતું. એકમ 33માં તમે ગુપ્ત કાળનાં વહીવટી, આર્થિક અને સામાજિક પાસાંઓનો અભ્યાસ કરશો. આ કાળમાં સમાજમાં કેટલાંક પરિવર્તનો આવી રહ્યાં હતાં, જેનાથી અનુગુપ્ત કાળનાં સમાજનાં લક્ષણો બદલાયાં હતાં. એ પરિવર્તનોમાંનાં કેટલાંકથી તમને માહિતગાર કરવાનો પ્રયત્ન આ વિભાગમાં થશે. આ પરિવર્તનો વિશે વધુ અભ્યાસ તમે વિભાગ 9માં કરશો. આ વિભાગના એકમ 34 અને 35 માં તો તમને દેશના શાસકીય માળખામાં થયેલાં મહત્ત્વનાં પરિવર્તનોથી જ પરિચિત કરાશે.

એકમ 34માં તમે જોશો કે અનુગુપ્ત કાળમાં અનેક નવી શાસકીય સત્તાઓ ઉત્તર હિંદના વિવિધ ભાગોમાં ઉદ્ભવી હતી. આનાથી એવી છાપ ઊપસે છે કે શાસકીય સત્તા ઘણી વિભાજિત થઈ હતી અને તે કેન્દ્રીય સત્તાની શિથિલિતાનું પરિણામ હતું. પરંતુ જ્યારે તમે તેને એક જુદા દૃષ્ટિકોણથી તપાસશો તો તમને ખ્યાલ આવશે કે નવી શાસકીય સત્તાઓની રચના તો હિંદના શરૂઆતના ઇતિહાસની સતત ચાલતી પ્રક્રિયા હતી. વળી, બંગાળના પાલો, ગુર્જર-પ્રતિહારો અને રાજસ્થાન કે કાશ્મીરની અન્ય સત્તાઓ, હર્ષના મોટા રાજ્યમાળખાની જેમ માત્ર એક જ પેઢી ટકી ન હતી. તે વધુ સ્થાયી હતી. જે પ્રદેશોમાં તે ઉદ્ભવી હતી ત્યાં તેમના પાયા નંખાયેલા હતા. ઘણા કિસ્સાઓમાં તેમનાથી જે-તે પ્રદેશ કે પેટા પ્રદેશની શાસકીય ઓળખ અપાતી હતી. એકમ 35માં તમે અનુસાતવાહન કાળમાં દ્વીપકલ્પીય હિંદમાં ઉદ્ભવેલાં રાજ્યો વિશે અભ્યાસ કરશો. અહીં પણ તમે જોશો કે નાનાં રાજકુળો ધીમે ધીમે પલ્લવોની કે બદામીના ચાલુક્યોની સત્તાની ગૌણ સત્તા બન્યાં હતાં. અગત્યના શાસકીય પેટા પ્રદેશો પલ્લવ અને ચાલુક્ય સત્તાના આધાર હતા.

# એકમ 32 ગુપ્તોનો ઉદ્ભવ અને અભ્યુદય

## (Rise and growth of Guptas)

રૂપરેખા

32.0 ઉદ્દેશો
32.1 પ્રસ્તાવના
32.3 શાસકીય પૂર્વભૂમિકા
32.2.1 વાયવ્ય અને ઉત્તર હિંદ
32.2.2 પશ્ચિમ અને મધ્ય હિંદ
32.2.3 દખ્ખણ અને દક્ષિણ હિંદ
32.3 ગુપ્તોનો ઉદ્ભવ
32.3.1 સમુદ્રગુપ્ત
32.3.2 પ્રસાર અને સંગઠન
32.4 ચંદ્રગુપ્ત બીજો
32.5 કુમારગુપ્ત પહેલો
32.6 સ્કંદગુપ્ત
32.7 ગુપ્ત સામ્રાજ્યનું વિભાજન
32.8 સારાંશ
32.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 32.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે -

* ઈ.સ.ની ચોથી સદીના આરંભના અરસાની હિંદની શાસકીય સ્થિતિ વિશે જાણશો.
* ગુપ્તસત્તાનો ઉદય થવા માટેનાં પરિબળોથી માહિતગાર થશો.
* ગુપ્તસામ્રાજ્યના પ્રસાર અને સંગઠન વિશે જાણશો.
* ગુપ્તશાસકોના રાજ્યારોહણના ક્રમ અને તેમની લશ્કરી સિદ્ધિઓ વિશે સમજશો.
* ગુપ્તોના પતનની પરિપાટી સમજશો.

## 32.1 પ્રસ્તાવના

આ એકમમાં આપણે ઈ.સ.ની ચોથી સદીની શાસકીય પરિસ્થિતિ વિશે ટૂંકમાં ચર્ચા કર્યા પછી ગુપ્ત વંશનો ઉદય થવા પાછળની ઐતિહાસિક પરિસ્થિતિનું વિશ્લેષણ કરીશું. અહીં તમને આ કાળની શાસકીય રૂપરેખા આપવાનો પ્રયત્ન થશે.

1. આર્યાવર્ત.

2. દક્ષિણ હિંદ - કૃષ્ણા અને તુંગભદ્રા નદીઓની દક્ષિણે આવેલો પ્રદેશ.

ગુપ્ત રાજાઓના રાજ્યારોહણને લગતા વિવાદોની માહિતી મેળવીશું. સાથોસાથ તેમની જે સિદ્ધિઓને પરિણામે સામ્રાજ્યની રચના તેમ જ સમેકન થયાં એ વિશે પણ ચર્ચા કરીશું. આ સામ્રાજ્યના ઇતિહાસમાં સમુદ્રગુપ્ત, ચંદ્રગુપ્ત બીજો, કુમારગુપ્ત અને સ્કંદગુપ્ત જેવા રાજાઓ બહુ સ્પષ્ટ રીતે ઊપસી આવે છે. આ ગુપ્ત રાજાઓને નડેલી કેટલીક સમસ્યાઓ તથા ગુપ્ત સત્તાના પતન માટે જવાબદાર પરિબળોનું વિશ્લેષણ પણ આ એકમમાં કરીશું.

## 32.2 શાસકીય પૂર્વભૂમિકા (Political Background)

ઈ.સ.ની ચોથી સદીના આરંભના અરસામાં હિંદમાં કોઈ વિશાળ રાજ્યતંત્ર ન હતું. તમે વિભાગ 6 અને 7 માં જોયું કે અનુ-મૌર્ય કાળમાં બે વિશાળ રાજ્યતંત્રો ઉદ્ભવ્યાં હતાં : (1) ઉત્તર હિંદમાં અને (2) દખ્ખણમાં. ઉત્તરમાં કુષાણ રાજ્ય હતું અને દખ્ખણમાં સાતવાહન રાજ્ય હતું. કુષાણ અને શક નાયકોનું શાસન ઈ.સ.ની ચોથી સદીના આરંભના અરસામાં ચાલુ હતું, પણ તે ઘણું શિથિલ થઈ ગયું હતું. સાતવાહન રાજ્ય ઈ.સ.ની ત્રીજી સદીના મધ્ય સુધીમાં લુપ્ત થઈ ચૂક્યું હતું. આનો અર્થ એ નથી કે તે સમયે હિંદમાં સંપૂર્ણ શાસકીય શૂન્યાવકાશ હતો. કોઈ શાસકીય મહાસત્તા ન હતી, પરંતુ નાનાં શાસનો અસ્તિત્વમાં હતાં, નવા રાજવંશો ઉદ્ભવવા માંડ્યા હતા. આવી પરિસ્થિતિ હતી ત્યારે, ઈ.સ.ની ચોથી સદીના આરંભમાં ગુપ્તોએ સામ્રાજ્ય રચવા માંડ્યું હતું. ગુપ્તોના કુળની ઉત્પત્તિ વિશે અનિશ્ચિતતા છે. હવે સામ્રાજ્યનો ઇતિહાસ જોતાં પહેલાં આપણે આ કાળના વિવિધ પ્રદેશોની રાજ્ય-પરિસ્થિતિની રૂપરેખા એક પછી એક જોઈએ.

### 32.2.1 વાયવ્ય હિંદ અને ઉત્તર હિંદ (North-western and Northern India)

ઈ.સ.ની ત્રીજી સદીના પૂર્વાર્ધ પહેલાં ઈરાનમાં સાસાનીઆની સત્તા સ્થપાઈ ચૂકી હતી. સાસાનીઆના શાસકોએ કુષાણ રાજાઓ પર પોતાનું આધિપત્ય જમાવવા માંડ્યું હતું. વાયવ્ય હિંદના શક્તિશાળી કુષાણ રાજાઓની સ્થિતિ ગૌણ થવા માંડી હતી. સાસાનીઅન પ્રભુત્વ છેક સિંધ અને બીજા કેટલાક વિસ્તારો સુધી વિસ્તર્યું હતું.

જોકે અફઘાનિસ્તાન અને પંજાબમાંથી મોટી સંખ્યા મળી આવતા સિક્કાઓ શરૂઆતના કુષાણ સિક્કાઓ જેવા છે. તે સૂચવે છે કે શાસકોની કેટલીક શાખાઓ, કેટલાક કુષાણોનું શાસન એ પ્રદેશમાં ચાલુ હશે. કિદાર કુષાણ અને તેના અનુગામીઓના સિક્કાઓ અફઘાનિસ્તાન, કાશ્મીર અને પશ્ચિમ પંજાબમાંથી મળી આવે છે. આમાંના કેટલાક શાસકો શરૂઆતના ગુપ્ત શાસકોના સમકાલીન હોવાની શક્યતા જણાય છે.

વળી, પંજાબના અન્ય ભાગો, હરિયાણા અને રાજસ્થાનમાંથી મળી આવેલા પુરાણા સિક્કાઓ કેટલાંક ગણરાજ્યોનું અસ્તિત્વ દર્શાવે છે. આ રાજ્યો પર કોઈ રાજાનું નહિ પણ કદાચ કેટલાક નાયકોનું શાસન હશે. કોઈ એક નાયક ગોત્રના રાજાના પદનો દાવો કરે એવું ક્યારેક જોવા મળ્યું છે. ગુપ્ત શાસક સમુદ્રગુપ્તનાં પરાક્રમો સાથે સંકળાયેલા સિક્કાઓ પંજાબમાં મળી આવે છે. યૌધેયો બહુ શક્તિશાળી હતા. આજના હરિયાણામાં તેમનું રાજ્ય હતું. રાજસ્થાનમાં માલવો હતાં. આવાં બીજાં ઘણાં ગણરાજ્યો હતાં. તેમાંના કેટલાકનો તો ગુપ્ત અભિલેખોમાં પણ ઉલ્લેખ છે.

ઉત્તર હિંદમાં કુષાણ સત્તાની પડતી પછી મથુરા અને અન્ય કેન્દ્રોમાં બહુ શક્તિશાળી બનેલા નાગ કુળની કેટલીક શાખાઓ વિશે પણ જાણકારી મળી છે. સમુદ્રગુપ્તે હરાવેલા, ઉત્તર હિંદના કેટલાક શાસકો નાગ કુળના જ હતા.

### 32.2.2 પશ્ચિમ અને મધ્ય હિંદ (Western and Central India)

વિભાગ 6માં તમે જોયું કે અનુમૌર્યકાળમાં ક્ષત્રપ શાસકોની એક શાખાએ પશ્ચિમ હિંદમાં શાસન જમાવ્યું હતું. પ્રખ્યાત શક ક્ષત્રપ રુદ્રદામન તેમાંની ચેષ્ટન શાખા સાથે જોડાયેલો હતો. તે શાખાએ ઈ.સ. 304 સુધી રાજ કર્યું હતું. તે પછી શાસકોની એક નવી શાખાનું શાસન શરૂ થયું હતું. જોકે ઈ.સ.ની ચોથી સદીના અંત સમયે ગુપ્ત શાસક ચંદ્રગુપ્ત બીજાએ ક્ષત્રપ ક્ષેત્રોને જીતીને પોતાના રાજ્ય સાથે જોડી દીધા હતાં. આ રીતે ક્ષત્રપ સત્તાનો અંત આવ્યો હતો.

પ્રાચીન વિદર્ભ પ્રદેશ, જેનું કેન્દ્ર નાગપુર (ઈશાન મહારાષ્ટ્ર) હતું, ત્યાં ઈ.સ.ની ત્રીજી સદીના મધ્ય સુધીમાં નવી સત્તાનો ઉદય થયો હતો. આ સત્તા વાકાટકોની હતી. તે વિંધ્યશક્તિથી શરૂ થયેલા શાસકોની નવી શાખા હતી. વાકાટકો બહુ ઝડપથી દુર્જેય બન્યા અને એમની શાખા વત્સગુલ્મ (અકોલા જિલ્લાના બાસિમ)માં સ્થપાઈ હતી, પાછળથી, ખાસ તો વાકાટકો અને ગુપ્તો વચ્ચે વિવાહસંબંધો થયા પછીથી વાકાટક કુળ ગુપ્તોની ઘણી નિકટ આવ્યું હતું.

### 32.2.3 દખ્ખણ અને દક્ષિણ હિંદ (The Deccan and South India)

દખ્ખણના સાતવાહન રાજ્યના પતન પછી દખ્ખણના વિવિધ ભાગોમાં કેટલાક નવાં રાજકુળો ઉદ્ભવ્યાં હતાં. દરિયાકાંઠાના આંધ્રમાં ઇક્ષ્વાકુ, શાલંકાયન જેવાં કુળોનો ઉત્તરાધિકાર હતો. કર્ણાટકમાં સૌથી મહત્ત્વનું શાસક

કુળ કદંબોનું હતું. કદંબ સત્તાની શરૂઆત મયૂરસર્મન નામના બ્રાહ્મણે કરી હતી. તાલગુંડા અભિલેખમાંથી કદંબ રાજ્યની સ્થાપના પાછળના સંજોગોની તથા રાજ્યના વિસ્તાર વિશેની કેટલીક રસપ્રદ માહિતી મળે છે. તામિલનાડુમાં પલ્લવ રાજકુળની સત્તા ઈ.સ.ની નવમી સદી સુધી દુર્જેય હતી. તેમના અભિલેખો દર્શાવે છે કે તેમનું શાસન ઈ.સ.ની ત્રીજી સદીના મધ્યથી શરૂ થયું હતું. શરૂઆતના પલ્લવ શાસકોના અભિલેખો પ્રાકૃત ભાષામાં લખાયેલા તામ્રપત્રોના રૂપમાં છે. તામ્રપત્રો સામાન્યતઃ ઈ.સ. 250થી 350 દરમિયાનના ગણવામાં આવે છે. શિવસ્કંદરસ્મન આ કુળનો એક શક્તિશાળી શાસક હતો. તેણે ઈ.સ.ની ચોથી સદીના પ્રારંભ સુધી રાજ કર્યું હતું. તેના રાજ્યમાં આંધ્ર, કર્ણાટક અને તામિલનાડુના ભાગોનો સમાવેશ થતો હતો. કાંચી કે કાંચીપુરમ્ (તામિલનાડુના ચિંગલપેટ જિલ્લામાંનું) પલ્લવોની રાજધાની હતી. ગુપ્ત શાસક સમુદ્રગુપ્તે દક્ષિણ તરફ પ્રસ્થાન કર્યું હતું ત્યારે તેણે પલ્લવ રાજા વિષ્ણુગોપનો કાંચી પાસે સામનો કરવો પડ્યો હતો. ઉપર્યુક્ત વર્ણનોમાં ઘણા બધા વિસ્તારો કે શાસક કુળોનો ઉલ્લેખ નથી પરંતુ જે એકંદરે અગત્યનાં છે તેમનો જ ઉલ્લેખ છે. જોકે એ પણ નોંધપાત્ર છે કે બંગાળ, ઓરિસા, મધ્ય પ્રદેશનો જંગલ-વિસ્તાર અને બીજાં રાજ્યોનો પહેલી વાર ઉદય થતો હતો. આ એક નવો વળાંક હતો. શાસકીય ઇતિહાસની પાછળની રફતારમાં તે બહુ અર્થપૂર્ણ હતો.

## 32.3 ગુપ્તોનો ઉદય ( The rise of the Guptas)

ગુપ્ત કુળની ઉત્પત્તિ અને શરૂઆતના ઇતિહાસ વિશે બહુ માહિતી ઉપલબ્ધ નથી. આથી સ્વાભાવિક રીતે જ તે વિશે કેટલાક તર્કવિર્તક પેદા થયા. સાતવાહન અભિલેખમાં કેટલાક શાસકોનાં નામો છે. તેમાં જે નામને અંતે 'ગુપ્ત' હોય તે, ઉદાહરણ તરીકે શ્રીગુપ્ત ગુપ્તકુળની ઉત્પત્તિ સૂચવે છે એવું એક મંતવ્ય છે. પણ આ તર્ક અસંગત જણાય છે. ગુપ્તોના મૂળ વતન વિશે પણ જુદા જુદા વિદ્વાનોના મત જુદા જુદા છે. કેટલાક ઉત્તર બંગાળને, કેટલાક બિહારમાંના મગધને તો કેટલાક ઉત્તર પ્રદેશને તેમનું મૂળ વતન માને છે. નીચેની દલીલો પરથી એટલું તો તારવી શકાય કે ગુપ્ત ક્ષેત્રનું મૂળ કેન્દ્ર પૂર્વ ઉત્તર પ્રદેશ હશે :

* શરૂઆતના ગુપ્ત શાસક, સમુદ્રગુપ્તની સિદ્ધિ દર્શાવતો પ્રારંભિક અભિલેખ - અલાહાબાદ સ્તંભ-અભિલેખ આ વિસ્તારમાં છે.
* આ વિસ્તારમાંથી મળી આવેલા ગુપ્તોના સિક્કા-સંગ્રહોના પ્રકારથી પણ આ ફલિત થાય છે.
* શરૂઆતનાં ગુપ્ત-ક્ષેત્રોનાં વર્ણનોથી આમ કહી શકાય. ઈ.સ.ની ત્રીજી સદીના છેલ્લા દાયકાઓના ગુપ્તો વાયવ્ય હિંદમાં શાસન કરતા ઉત્તરકાલીન કુષાણોની શાખાના કદાચ આશ્રિત હશે. જોકે સાહિત્યિક અને પુરાતત્ત્વીય સ્રોતો દર્શાવે છે કે તેઓ ઈ.સ.ની ચોથી સદીના બીજા દાયકામાં સ્વતંત્ર બન્યા હતા.

અભિલેખો દર્શાવે છે કે શ્રીગુપ્ત એ પહેલો ગુપ્ત રાજા હતો. તેના પછી ઘટોત્કચ હતો. ચંદ્રગુપ્ત એ મહારાજાધિરાજનું બિરુદ ધરાવતો પહેલો સ્વતંત્ર રાજા હતો. મગધમાં પોતાની સ્વતંત્રતા સ્થાપ્યા પછી લિચ્છવીઓ સાથેના વિવાહ સંબંધની મદદથી તેણે પોતાનું રાજ્ય વિસ્તાર્યું હતું. એક વિશેષ પ્રકારના સિક્કાઓથી આપણને આ સંબંધ વિશેની જાણકારી મળે છે. આ સિક્કાઓના મુખ્ય બાજુ પર ચંદ્રગુપ્ત અને તેની રાણી કુમારદેવીની આકૃતિઓ કોતરેલી છે. તેની બીજી બાજુ પર એક દેવીની આસન્ન આકૃતિ કોતરેલી છે. સાથે **લિચ્છવાયહ** (એટલે કે લિચ્છવીઓ) એમ લખેલું છે. આ સિક્કાઓ સોનાના છે. આ હકીકત તથા ગુપ્તોએ કુષાણોની, સુવર્ણ સિક્કાઓના વજનની પદ્ધતિ અપનાવી હતી તે હકીકત - એ બન્ને સૂચવે છે કે ગુપ્તો કુષાણ ક્ષેત્રોના સંપર્કમાં હતા.

ચંદ્રગુપ્તના રાજ્યની સીમાઓ નક્કી કરવા માટે કોઈ ચોક્કસ પુરાવાઓ નથી, પરંતુ એવું માનવામાં આવે છે કે બિહાર, ઉત્તર પ્રદેશ અને બંગાળના ભાગો તેમાં સમાવિષ્ટ હતા.

ઈ.સ. 319-20 થી ચંદ્રગુપ્ત પહેલાએ નવી સંવત શરૂ કરી હતી એવી અનુશ્રુતિ છે. **ગુપ્ત સંવત** કે ગુપ્ત યુગ કહેવાતી આ સંવત તેણે શરૂ કરી એમ કોઈ દસ્તાવેજી પુરાવા પરથી ફલિત થતું નથી. પરંતુ ચંદ્રગુપ્ત પહેલાના **મહારાજાધિરાજ** તરીકેના ઉલ્લેખને કારણે તેને યુગ શરૂ કરવાનો યશ આપવામાં આવે છે. તેના પુત્ર સમુદ્રગુપ્તના સમય દરમિયાન ગુપ્ત રાજ્ય વિસ્તરીને સામ્રાજ્ય બન્યું હતું.

### 32.3.1 સમુદ્રગુપ્ત (Samudragupta)

**પ્રયાગપ્રશસ્તિ** તરીકે જાણીતા, અલાહાબાદના અશોકસ્તંભ પરના એક અનુકાલીન અભિલેખથી આપણને સમુદ્રગુપ્તના રાજ્યારોહણ અને વિજયો વિશેની માહિતી મળે છે. રાજ્યના એક મહત્ત્વના અધિકારી હરિષેણે રચેલી 33 વાક્યો સ્તંભ પર કોતરેલાં છે. અભિલેખમાં ઉલ્લેખ છે કે મહારાજાધિરાજ ચંદ્રગુપ્તે લાગણીસભર સ્થિતિમાં પોતાના ઉત્તરાધિકારી તરીકે પોતાના પુત્ર સમુદ્રગુપ્તની ઘોષણા કરી હતી. પરિણામે દરબારીઓને

હર્ષ થયો હતો પરંતુ તેના સહોદરોને ઈર્ષા થઈ હતી. આના પરથી માની શકાય કે અન્ય કુંવરોમાં પોતાના અધિકારો માટે સ્પર્ધા હશે, જે આ ઘોષણાથી શાંત થઈ ગઈ હશે. વળી 'કચ' નામ ધરાવતા કેટલાક સોનાના સિક્કાઓ મળી આવતાં સમુદ્રગુપ્તના ઉત્તરાધિકારી અંગે વિદ્વાનોમાં વિવાદ સર્જાયો છે. વિવાદ થવાનાં કારણો આ પ્રમાણે છે :

(1) કચના સિક્કાઓ ઘણી રીતે સમુદ્રગુપ્તના સિક્કાઓને મળતા આવે છે.

(2) ગુપ્ત અભિલેખો પરથી બનેલી, ગુપ્ત શાસકોની અધિકૃત યાદીઓમાં કચનું નામ ક્યાંયે દેખાતું નથી.


**આ માટે જુદાં જુદાં અર્થઘટનો તારવવામાં આવે છે :**

* એક અર્થઘટન મુજબ સમુદ્રગુપ્તના ભાઈઓએ તેની સાથે વિદ્રોહ કરીને, તેના સ્થાને તેના સૌથી મોટા ભાઈ કચને બેસાડ્યો હતો. જોકે ઉત્તરાધિકારીની લડાઈમાં તે માર્યો ગયો હતો.

* બીજું અર્થઘટન એવું છે કે સમુદ્રગુપ્તે પોતાના ભાઈની સ્મૃતિમાં આ સિક્કા પડાવ્યા હતા.

* ત્રીજા મંતવ્ય મુજબ કચ એ સમુદ્રગુપ્તનું જ શરૂઆતનું નામ હતું. દક્ષિણના વિજય પછી તેણે સમુદ્રગુપ્ત નામ અપનાવ્યું હતું.

આ વિવાદનું કોઈ નિરાકરણ થઈ શક્યું નથી, કારણ કે દરેક મંતવ્યની તરફેણમાં તેમ જ વિરુદ્ધમાં દલીલો છે. આપણે માત્ર એટલું કહી શકીએ કે અત્યાર સુધીમાં મળી આવેલા કચના સિક્કાઓની સંખ્યા મર્યાદિત છે. આથી તે કદાચ બહુ ટૂંકા ગાળા માટે સત્તા પર રહ્યો હશે. ઉપરાંત, ચંદ્રગુપ્તે સ્વેચ્છાએ ગાદીત્યાગ કર્યો હોવા છતાં સમુદ્રગુપ્તને રાજ્યારોહણ માટે સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. પરંતુ છેવટે તે વિજયી નીવડ્યો હતો.



1. સમુદ્રગુપ્તની પ્રયાગપ્રશસ્તિ

## 32.3.2 પ્રસાર અને સંગઠન (Expansion and Consolidation)

ગુપ્ત સત્તાના પ્રસાર અને સમેકન માટે સમુદ્રગુપ્તે આક્રમક નીતિ અપનાવી વિજયો મેળવ્યા હતા. આના પરિણામે ગુપ્ત સામ્રાજ્યની રચના થવા માંડી હતી. જોકે આપણે અહીં નોંધવું જોઈએ કે કેટલાક પ્રદેશોમાં ખાસ કરીને દક્ષિણમાં તેણે જે રાજાઓને હરાવ્યા હતા. તેમની સત્તા પ્રદેશોમાં ચાલુ રાખી હતી. અલબત્ત રાજાઓએ સમુદ્રગુપ્તનું આધિપત્ય સ્વીકાર્યું હતું અને ખંડણી ભરી હતી. વિશાળ પ્રદેશો માટે આ નીતિને કારણે સંદેશાવ્યવહાર તેમ જ અસરકારક અંકુશને લગતી સમસ્યાઓના નિરાકરણમાં લાભ થયો હશે. પરિણામે થોડા સમય માટે સ્થિરતા આવી હશે. ચાલો આપણે, સમુદ્રગુપ્તે જુદા જુદા પ્રદેશોમાં કરેલા આક્રમક સંગ્રામોનું ટૂંકમાં વિવરણ કરીએ. અહીં ફરી એક વાર નોંધી લઈએ કે આપણને હરિષેણના પ્રયાગપ્રશસ્તિના-એટલે કે એક જ અભિલેખ પરથી સમુદ્રગુપ્તના તમામ સંગ્રામો વિશેની જાણકારી મળે છે.

### (1) આર્યાવર્તમાં સંગ્રામો (Campaigns in Aryavarta)

કેટલાક ઇતિહાસકારો માને છે કે સમુદ્રગુપ્તે એક જ સમયે આર્યાવર્તનો વિજયી સંગ્રામ ખેડ્યો હતો. જોકે બીજા

ઇતિહાસકારોની ધારણા છે કે પ્રયાગપ્રશસ્તિમાં સમુદ્રગુપ્તના વિજયો કાલાનુક્રમમાં દર્શાવ્યા છે. એમનું માનવું છે કે ઉ ૧૨ હિંદમાં બે સંગ્રામો થયા હતા. આનું કારણ એ છે કે પ્રશસ્તિમાં પહેલાં આર્યાવર્તના ત્રણ રાજાઓનો ઉલ્લેખ છે. ત્યાર બાદ દક્ષિણના સંગ્રામનો અને પછી ફરીથી આર્યાવર્તના નવ રાજાઓના ઉલ્લેખ છે. સમુદ્રગુપ્તને રાજ્યારોહણ માટે કરવી પડેલી લડાઈનો લાભ લઈને કેટલાક રાજાઓએ પોતાનું પ્રભુત્વ સ્થાપવાના પ્રયત્નો કર્યા હશે એવું લાગે છે. આ સંદર્ભે સમુદ્રગુપ્તે અચ્યુત, નાગસેન અને કોટા-કુલજને હરાવ્યા હશે. આ રાજાઓના શાસન હેઠળના વિસ્તારો વિશે કે એ વિજયો વિશેની કોઈ વિગતો ઉપલબ્ધ થઈ નથી. જોકે ઇતિહાસકારો અચ્યુત અહિચ્છત્ર પર, નાગસેન ગ્વાલિયર વિસ્તાર પર અને કોટા-કુલજ અથવા તો કોટા કુળના શાસક પૂર્વ પંજાબ અને દિલ્હી પર શાસન કરતા હોવાનું જણાવે છે. એમની ઓળખ વિશે મતમતાંતર છે, છતાં એ તો સ્પષ્ટ છે કે સમુદ્રગુપ્તે તેમને હરાવ્યા પછી ગંગાની ખીણ તેમ જ તેની આસપાસના પ્રદેશોમાં તેનું પ્રભુત્વ દઢ થયું હશે.

2. દક્ષિણમાં સંગ્રામો (Campaign in South)

સમુદ્રગુપ્તે દક્ષિણાપથ અથવા દક્ષિણ હિંદના બાર રાજાઓને હરાવ્યાનો ઉલ્લેખ પ્રયાગપ્રશસ્તિમાં છે. આ રાજાઓ હતાં :

* કોસલ(રાયપુર,દુર્ગ,સંબરપુર અને બિલાસપુર જિલ્લાઓ)નો મહેન્દ્ર.
* મહાકંટાર (જેપોર, ઓરિસાનો જંગલ પ્રદેશ)નો વ્યાઘ્રરાજ.
* કૌરત (કદાચ મધ્ય પ્રદેશનો સોનપુર વિસ્તાર અથવા મહેન્દ્ર પર્વતના વાયવ્ય ખૂણાનો મેદાન પ્રદેશ)નો મંતરાજા.
* પિષ્ટપુર (પિઠાપુરમ્,પૂર્વ ગોદાવરી જિલ્લા)નો મહેન્દ્રગિરિ.
* કોટુર(ગંજમ જિલ્લા)નો સ્વામિદત્ત.
* એરંડપલ્લ(ચીકાકોલ અથવા પશ્ચિમ ગોદાવરી જિલ્લા)નો દામન.
* કાંચી (ચીંગલપુટ જિલ્લા)નો વિષ્ણુગોપ.
* અવમુક્તા(ગોદાવરી ખીણ)નો નીલરાજ.
* વેંગી (કૃષ્ણા-ગોદાવરી મુખત્રિકોણમાં સેલોનો હસ્તિ-વર્મન.
* પલક્કા(નેલ્લોર જિલ્લા)નો ઉગ્રસેન.
* દેવરાષ્ટ્ર(કદાચ તામિલનાડુમાં ઉત્તર આર્કાટ જિલ્લા)નો ધનંજય.

જોકે આ રાજાઓ અને તેમનાં રાજ્યોની વિશિષ્ટ ઓળખ વિશે પણ ઇતિહાસકારોમાં મતમતાંતર છે. પ્રયાગપ્રશસ્તિમાં દર્શાવ્યું છે કે સમુદ્રગુપ્તે દક્ષિણપથના રાજાઓને પ્રથમ તો કેદ કર્યા (ગ્રહણ) અને પછી મુક્ત કર્યા (મોક્ષ). આ રીતે તેમના પ્રત્યે પક્ષપાત કર્યો હતો. આર્યાવર્ત અથવા ઉ ૧૨ હિંદના રાજાઓ માટે આ બાબતે તેણે બિલકુલ જુદી નીતિ અપનાવી હતી. તેણે આર્યાવર્તના રાજાઓને હરાવીને તેમના વિસ્તારો પોતાના રાજ સાથે જોડી દીધા હતા. ભળી જવાથી ગુપ્ત સામ્રાજ્ય બન્યું હતું. સમુદ્રગુપ્તે હરાવેલા ઉત્તર હિંદના રાજાઓ હતાં - રૂદ્રધ્વ, માટીલા, નાગદત્ત, ચંદ્રવર્મા, ગણપતિનાગ, નાગસેન, અચ્યુત, નંદી, બલવર્મન અને બીજા. આ પ્રત્યેકની ઓળખ મેળવવી મુશ્કેલ છે, પરંતુ એટલું ચોક્કસ કે તે આર્યાવર્તના કોઇ ને કોઇ ભાગમાં શાસન કરતા હતા. એમાંના કેટલાક નાગ કુળના શાસકો હતા. નાગ શાસકો ગુપ્તો પહેલાં, કેટલાક પ્રદેશોમાં શક્તિશાળી હતા. પશ્ચિમ બંગાળના શાસક ચંદ્રવર્મા જેવા કેટલાંક નવાં રાજકુળોના હતા. પ્રશસ્તિ વધુમાં એમ પણ દર્શાવે છે કે જંગલ વિસ્તારનાં બધાં રાજ્યોને સેવકોની સ્થિતિમાં મૂકી દીધાં હતાં. અન્ય એક શ્રેણીમાં સામતટ(અગ્નિ બંગાળ), કામરૂપ (આસામ), નેપાલા (નેપાળ) અને માલવો, યૌધેયો, મદ્રકો અને આભીરો વગેરેનાં ગણરાજ્યોનો ઉલ્લેખ છે. તેમણે તેને તમામ પ્રકારની ખંડણી આપી, તેનો સત્કાર કર્યો હતો. બીજી એક શ્રેણીનાં રાજ્યોએ તેની સર્વોપરીતા જુદી રીતે સ્વીકારી હતી. તેમણે તેની શરણાગતિ સ્વીકારી, પોતાની પુત્રીઓ તેને પરણાવવાની તત્પરતા દર્શાવી અને પોતાના જિલ્લા અને પ્રાંતોમાં વહીવટ કરવાની અરજ કરી તેને ખુશ કર્યો હતો. આનો અર્થ એ થાય કે તે સ્વતંત્ર રહ્યા પરંતુ તેમની સ્વતંત્રતા સમુદ્રગુપ્તે મંજૂર કરી હોય એ જરૂરી હતી. આ શ્રેણીમાં ઉત્તરકાલીન કુષાણો, શક નાયકો, વાયવ્યના વિદેશી શાસકો તથા સિંહલ દેશ (શ્રીલંકા) સહિતનાં વિવિધ ટાપુરાજ્યોના શાસકોનો સમાવેશ થતો હતો.

પ્રયાગપ્રશસ્તિના રચયિતા હરિષેણે કરેલા ઘણા દાવાઓ અતિશયોક્તિપૂર્ણ છે. છતાં તેમાંના ઘણા સાચા પણ છે. ગુપ્ત સામ્રાજ્યનો પાયો સમુદ્રગુપ્તે નાંખ્યો હતો. તેના અનુગામીઓએ એ પાયા પર ચણતર કર્યું હતું.

**તમારી પ્રગતિ ચકાસો-(ક)**

**(1) ખાલી જગ્યા પૂરો :**

(ક) ઈ.સ.ની ચોથી સદીના શરૂઆતના અરસામાં ઉત્તર હિંદમાં નાનાં રાજ્યો ———— (ઘણાં હતાં/ન હતાં.)

(ખ) ચંદ્રગુપ્ત પહેલાને ———— સાથે વિવાહ સંબંધ હતો. (શકો/લિચ્છવીઓ)

(ગ) પ્રયાગપ્રશસ્તિમાં ———— ના વિજયોના ઉલ્લેખ છે. (પ્રવરસેન/સમુદ્રગુપ્ત)

(2) ગુપ્ત સામ્રાજ્યના પ્રસાર માટે સમુદ્રગુપ્તે કરેલા પ્રયાસોની આશરે દસ વાક્યોમાં ચર્ચા કરો.

..........................................................................................................................
..........................................................................................................................
..........................................................................................................................
..........................................................................................................................
..........................................................................................................................
..........................................................................................................................
..........................................................................................................................
..........................................................................................................................
..........................................................................................................................
..........................................................................................................................

(3) ઈ.સ.ની ચોથી સદીના આરંભની પાંચ લઘુ સત્તાઓની યાદી કરો.

..........................................................................................................................
..........................................................................................................................
..........................................................................................................................
..........................................................................................................................

## 32.4 ચંદ્રગુપ્ત બીજો (Chandragupta-II)

ગુપ્ત અભિલેખોમાં સમુદ્રગુપ્તના ઉત્તરાધિકારી તરીકે ચંદ્રગુપ્ત બીજાનો ઉલ્લેખ છે. જોકે સાહિત્યિક સ્રોતો અને કેટલાક તામ્ર સિક્કાઓ તથા તામ્રશાસનો સૂચવે છે કે સમુદ્રગુપ્તનો ઉત્તરાધિકારી તેનો બીજો એક પુત્ર રામગુપ્ત હતો. વિશાખાદત્તના નાટક **દેવી-ચંદ્રગુપ્તમ**માં ઉલ્લેખ છે કે ચંદ્રગુપ્ત બીજાએ તેના મોટા ભાઈ રામગુપ્તને મારી નાખ્યો હતો. રામગુપ્ત શકો દ્વારા હારવાનો હતો, ત્યારે રાજ્યને બચાવવા તે પોતાની રાણી શક રાજાને હવાલે કરવા સંમત થયો હતો. ચંદ્રગુપ્તે તેનો વિરોધ કર્યો હતો. રાણી ધ્રુવદેવીના વેશમાં તે શક છાવણીમાં ગયો હતો. ચંદ્રગુપ્ત શક રાજા સામે વિજયી થયો હતો. પરંતુ તે પછી ભાઈ સાથે થયેલા વેરભાવને પરિણામે તેણે ભાઈને મારી નાખ્યો હતો. ત્યાર બાદ તે રાણી ધ્રુવદેવીને પરણ્યો હતો. **હર્ષચરિત, કાવ્યમીમાંસા** જેવાં બીજાં કેટલાંક લખાણોમાં પણ આ ઘટનાનો ઉલ્લેખ છે. રામગુપ્ત નામ ધરાવતા તાંબાના કેટલાક સિક્કાઓ પણ મળી આવ્યા છે. વિદિશા પાસેથી મળેલી કેટલીક જૈન પ્રતિમાઓની બેસણી પરના અભિલેખોમાં મહારાજા રામગુપ્તનું નામ છે. એ જ રીતે એક વૈશાલી-મુદ્રા પર ધ્રુવદેવીનું ગોવિંદગુપ્ત(ચંદ્રગુપ્તના પુત્ર)ની માતા તરીકે વર્ણન છે. આપણે એવું કહી શકીએ કે ચંદ્રગુપ્ત એવા સમયે ગાદીએ આવ્યો હશે જ્યારે ફરીથી સમસ્યાઓ શરૂ થઈ હશે. ફરી એક વાર ગુપ્ત સર્વોપરીતા સ્થાપવા તેને પણ સંગ્રામો ખેડવા પડ્યા હશે. રાજકુંવરી કુબેરનાગને પરણીને તેણે નાગકુળ સાથે વૈવાહિક સંબંધો બાંધ્યા હતાં. પાછળથી કુબેરનાગની પુત્રી પ્રભાવતીને વાકાટક કુળના રુદ્રસેન બીજા સાથે પરણાવવામાં આવી હતી. ચંદ્રગુપ્ત બીજાના શાસનની ઘટનાઓ વર્ણવતો, પ્રયાગપ્રશસ્તિ જેવો કોઈ ઐતિહાસિક દસ્તાવેજ જ ઉપલબ્ધ નથી. આમ છતાં આપણને ચંદ્રગુપ્તના સંગ્રામો અને વિજયોની માહિતી કેટલાક અભિલેખો અને સિક્કાઓ પરથી મળે છે. તેણે શક રાજા રુદ્રસિંહ ત્રીજાને હરાવીને તેનું રાજ્ય પોતાના રાજ્ય સાથે જોડી દીધું હતું. આના પરિણામે પશ્ચિમ હિંદમાં શક-ક્ષત્રપ સત્તાનો અંત આવ્યો હતો. ગુજરાત, કાઠિયાવાડ અને પશ્ચિમ માળવા ગુપ્ત સામ્રાજ્યમાં ઉમેરાયા હતાં. ચંદ્રગુપ્ત બીજાના શકો સાથેના સંગ્રામોની વિગતો ઉપલબ્ધ થઈ નથી. સંગ્રામોની તૈયારીમાં તેના વાકાટકો અને નાગ કુળ સાથેના વૈવાહિક સંબંધોનું મહત્ત્વ ખૂબ હશે. સાંચી નજીકની ઉદયગિરિ ગુફાઓના બે અભિલેખોમાં તથા સાંચી નજીકના એક અભિલેખમાં ચંદ્રગુપ્ત બીજાને તેમ જ તેના ખંડિયા રાજાઓ અને લશ્કરી અધિકારીઓના ઉલ્લેખ છે. આનાથી એમ ફલિત થાય છે કે સંગ્રામોની તૈયારી માટે ચંદ્રગુપ્ત બીજો થોડા સમય પૂર્વે માળવામાં હતો. એક અભિલેખ તેને ''સમસ્ત પૃથ્વી સર કરવાના અભિલાષી'' તરીકે વર્ણવે છે. શકોના વિસ્તારો પર

તેણે સંપૂર્ણ જીત મેળવી હતી એ બાબત નિ:શંક છે. કારણ કે -

* શક સિક્કાઓ તે પહેલાં સળંગ ચારસો વર્ષ સુધી પાડવામાં આવેલા. આમ છતાં તે સમય પછીના સિક્કાઓ ઉપલબ્ધ થયા નથી.

* ચંદ્રગુપ્તના સમયથી ગુપ્તોએ આ વિસ્તારમાં શકો જેવા ચાંદીના સિક્કા શરૂ કર્યા હતા. તેમણે સિક્કાઓ પર માત્ર પોતાનાં પ્રતીકો ઉમેર્યાં હતાં. એ સિવાય તે સિક્કાઓ ત્યાં સુધી ચલણમાં હતા તેવા શક સિક્કાઓ જેવા જ હતા. આ હકીકત ચોક્કસપણે દર્શાવે છે કે શક વિસ્તારો ચંદ્રગુપ્ત બીજાના અંકુશ હેઠળ આવ્યા હતા.

* શકો પરના વિજય પછી ચંદ્રગુપ્ત બીજાને શકારી વિક્રમાદિત્ય, એટલે કે વિક્રમાદિત્ય જે શકોનો દુશ્મન છે, કહેવાની પ્રણાલી પડી હશે.


* મહેરોલી લોહસ્તંભ અભિલેખ (દિલ્હીના કુતુબ મિનાર સંકુલમાં છે) તેમાં રાજા ચંદ્રની સિદ્ધિઓનો ઉલ્લેખ છે. ઘણા વિદ્વાનો રાજા ચંદ્ર એ ચંદ્રગુપ્ત બીજો જ છે એમ ગણે છે. આ અભિલેખ મુજબ ચંદ્રે સપ્ત નદીઓના સિંધુ પ્રદેશને પાર કરી અને બેક્ટ્રિયાના વલ્હીકોને હરાવ્યા હતા. કેટલાક વિદ્વાનો કાલિદાસના **રઘુવંશ**ના નાયક રઘુ એ ચંદ્રગુપ્ત બીજો હતો એમ દર્શાવે છે, કારણ કે રઘુની સિદ્ધિઓ અને ચંદ્રગુપ્તની સિદ્ધિઓમાં સામ્ય છે.

* મહેરોલી અભિલેખમાં ચંદ્રગુપ્તના વંગ(બંગાળ)ના દુશ્મનો પરના વિજયનો પણ ઉલ્લેખ છે.


આ બધા પુરાવાઓના આધારે કહી શકાય કે ચંદ્રગુપ્ત બીજાએ ગુપ્ત સામ્રાજ્યની સીમાઓ પશ્ચિમ, વાયવ્ય અને પૂર્વ હિંદ સુધી વિસ્તારી હતી.

આ અરસાની એક મહત્ત્વની ઘટના હતી ચીની પ્રવાસી ફા-હ્યાનની મુલાકાતની. તે બૌદ્ધ લખાણોની શોધમાં હિંદના પ્રવાસે આવ્યો હતો. તેનાં સંસ્મરણોમાં તેણે જે જે સ્થળોની મુલાકાત લીધી હતી તે સ્થળોનાં સામાજિક, વહીવટી પાસાંઓનાં વિશદ વર્ણનો છે. જોકે તેની નોંધમાં રાજાનાં નામોનો ઉલ્લેખ નથી. પરંતુ તેમાં એ અરસામાં ગુપ્ત સમ્રાટના સીધા શાસન હેઠળના પ્રદેશ મધ્ય-દેશના રાજાનો આદરપૂર્વક ઉલ્લેખ છે. તેના શાસનમાં પ્રજા સુખી અને સમૃદ્ધ હતી.

વિદ્વાનોને આપેલા પ્રોત્સાહન માટે પણ ચંદ્રગુપ્ત બીજો પ્રખ્યાત છે. તેણે આશરે ઈ.સ.415-16 સુધી રાજ કર્યું હતું.



**2. મેહરોલી લોહસ્તંભ**



3. લોહસ્તંભ પરનો અભિલેખ

## 32.5 કુમારગુપ્ત પહેલો (Kumargupta-I)


ચંદ્રગુપ્ત બીજાનો ઉત્તરાધિકારી તેનો પુત્ર કુમારગુપ્ત હતો. કેટલાક ચોક્કસ અભિલેખો અને સિક્કાઓ પરથી કુમારગુપ્ત વિશેની માહિતી ઉપલબ્ધ છે :

* તેના સમયનો સૌથી પહેલો અભિલેખ બિલસાડ (ઈટાહ જિલ્લા)નો છે. તેનો સમય ઈ.સ. 415(ગુપ્ત સંવત વર્ષ 96) ગણાય છે.
* કુમારગુપ્તના મંત્રી (ઈ.સ.436)એ કોતરાવેલા કરમદાંડ (ફૈઝાબાદ) અભિલેખમાં તેની કીર્તિ ચાર સાગર પાર પ્રસરી હોવાનો ઉલ્લેખ છે.
* મંદસૌરમાંના શિલાલેખ (ઈ.સ.436)માં કુમારગુપ્ત આખી પૃથ્વી પર શાસન કરતો હોવાનો ઉલ્લેખ છે.
* દામોદરપુર તામ્રપત્ર - અભિલેખો (ઈ.સ.433 થી 447)માં તેને મહારાજાધિરાજ કહેલ છે. તેમાં દર્શાવાયું છે કે સામ્રાજ્યના સૌથી મોટા વહીવટી વિભાગ પુંદ્રવર્ધન ભુક્તિ (પ્રાંત)ના ઉપરિક(ગવર્નર) તેણે પોતે નીમ્યા હતા.
* ચાંદીના એક સિક્કા પરથી કુમારગુપ્તનો જાણમાં આવેલો છેલ્લો સમય ઈ.સ. 455 (ગુપ્ત સંવત વર્ષ 136) છે.

તેના અભિલેખો વિશાળ વિસ્તાર પર પથરાયેલા છે. આ બાબત દર્શાવે છે કે તેણે પૂર્વમાં મગધ અને બંગાળ સુધી અને પશ્ચિમમાં ગુજરાત સુધી શાસન કર્યું હશે. તેના શાસનના છેલ્લા વર્ષમાં ગુપ્ત સામ્રાજ્ય પર વિદેશી આક્રમણો થયાં હતાં. તેનો સફળતાપૂર્વકનો મુકાબલો કુમારગુપ્તના પુત્ર સ્કંદગુપ્તે કર્યો હતો. અગાઉના વૈવાહિક સંબંધોને કારણે વાકાટકો સાથે થયેલા ઉષ્માભર્યા સંબંધો કુમારગુપ્તે જાળવી રાખ્યા હતાં.



અ. દામોદરપુર



બ. તુમાન

4. કુમારગુપ્તના અભિલેખો

## 32.6 સ્કંદગુપ્ત (Skandagupta)

કુમારગુપ્ત પહેલાનો ઉત્તરાધિકારી સ્કંદગુપ્ત એ કદાચ છેલ્લો શક્તિશાળી ગુપ્ત સમ્રાટ હતો. પોતાની સત્તા મજબૂત કરવા તેણે પુષ્યમિત્રો સાથે યુદ્ધ કરવું પડ્યું હતું. દેશની વાયવ્ય સરહદો પારથી હૂણોના હુમલાનો ભય હતો. સ્કંદગુપ્ત હૂણોને પાછા હટાવવામાં સફળ રહ્યો હતો. આ યુદ્ધોની સામ્રાજ્યના અર્થતંત્ર પર પ્રતિકૂળ અસર થઈ હતી એવું જણાય છે. સ્કંદગુપ્તના સોનાના સિક્કાઓ આ બાબતનો પુરાવો આપે છે. અગાઉના શાસકોની સરખામણીએ સ્કંદગુપ્તે પાડેલા સોનાના સિક્કાઓના પ્રકાર મર્યાદિત હતા. વળી, તેણે અગાઉની વજનપદ્ધતિ અપનાવી હતી, પરંતુ સોનાના નવા સિક્કા માટે તેણે વધુ વજનની પદ્ધતિ દાખલ કરી હતી. જોકે તેના સોનાના સિક્કાઓ અગાઉના સોનાના સિક્કા કરતાં ઓછા વજનના હતા.

તદુપરાંત તે પશ્ચિમ હિંદમાં ચાંદીના સિક્કાઓ પાડનાર છેલ્લો ગુપ્ત શાસક હશે એવું લાગે છે. જુનાગઢના અભિલેખમાં તેના શાસનકાળ દરમિયાન થયેલાં સાર્વજનિક કાર્યોનો ઉલ્લેખ છે. મૌર્યકાળમાં બંધાયેલું સુદર્શન સરોવર અતિશય વરસાદને કારણે ફાટ્યું હતું. તેના શાસનની શરૂઆતમાં તેના ઉપરિક(ગવર્નર) પર્ણદત્તે સરોવરનું સમારકામ કરાવ્યું હતું. આ દર્શાવે છે કે રાજ્ય તે સમયે સાર્વજનિક કાર્યોની જહેમત ઉઠાવતું હશે. સ્કંદગુપ્તના ચાંદીના સિક્કાઓ પરથી જાણવા મળતો તેનો છેલ્લો સમય ઈ.સ.467 છે.

### સ્કંદગુપ્ત પછીના ગુપ્ત શાસકો

સ્કંદગુપ્તના અનુગામી શાસકોનો ક્રમ ચોક્કસ નથી. સ્કંદગુપ્ત પોતે જ કદાચ ગાદીનો સાચો વારસ ન હતો. તેણે ગાદીના અન્ય હરીફો સાથે લડાઈ કરવી પડી હતી. આને કારણે કદાચ, એક મુદ્રા અભિલેખમાં સ્કંદગુપ્તનો ઉલ્લેખ નથી પણ ગુપ્તશાસકોની એક શાખાના કુમારગુપ્ત પહેલા અને તેના પુત્ર પુરુગુપ્તનો ઉલ્લેખ છે. બીજું એ પણ શક્ય છે કે સ્કંદગુપ્તના શાસનકાળના અંત ભાગમાં ગુપ્ત સામ્રાજ્ય અનેક ભાગોમાં વિભાજિત થવા માંડ્યું હશે. આમ, સ્કંદગુપ્તના છેલ્લા વર્ષમાં લખાયેલા, પશ્ચિમ માલવાના એક અભિલેખમાં સ્કંદગુપ્તનો સંદર્ભ નથી પરંતુ ચંદ્રગુપ્ત બીજાથી શરૂ કરીને અન્ય કેટલાક શાસકોનો સંદર્ભ છે.

અભિલેખોમાં નોંધાયેલા, સ્કંદગુપ્તના અનુગામીઓમાંના કેટલાક હતાં. : બુદ્ધગુપ્ત, વૈન્યગુપ્ત, ભાનુગુપ્ત, નરસિંહગુપ્ત,બાલાદિત્ય, કુમારગુપ્ત બીજો અને વિષ્ણુગુપ્ત. ચંદ્રગુપ્ત બીજા અને કુમારગુપ્ત પહેલાની જેમ આ બધાએ કદાચ સમગ્ર સામ્રાજ્ય પર શાસન નહિ કર્યું હોય. આશરે ઈ.સ. 550 સુધી ગુપ્તોનું શાસન ચાલુ હતું પરંતુ ત્યાં સુધીમાં તેમની સત્તાનું મહત્ત્વ ખાસ્સું ઘટી ગયું હતું.

## 32.7 ગુપ્ત સામ્રાજ્યનું વિભાજન (Disintegration of the Gupta Empire)

આ વિભાગમાં આપણે ગુપ્ત સામ્રાજ્યના વિભાજન માટે જવાબદાર પરિબળો વિશે જોઈશું.

**(1) હૂણ આક્રમણો (Huna Invasions)**

હૂણ એ એક મધ્ય એશિયાની જાતિ હતી. કુમારગુપ્ત પહેલાના સમયમાં વાયવ્ય સરહદો પર હૂણોનો ભય હતો. હૂણો વિવિધ બાજુએ સફળતાપૂર્વક આગળ વધી રહ્યા હતા. તેમણે વાયવ્ય, ઉત્તર અને પશ્ચિમ હિંદનાં નાનાં ક્ષેત્રોમાં સત્તા સ્થાપવા માંડી હતી. કુમારગુપ્ત પહેલાના શાસનકાળ દરમિયાન તેમનાં આક્રમણોનો સફળ મુકાબલો કરી તેમને પાછા હટાવવામાં આવ્યા હતા. આમ છતાં ઈ.સ.ની પાંચમી સદીના અંત સમયે હૂણ નાયક તોરમાણ પશ્ચિમ હિંદ અને મધ્ય હિંદના મોટા ભાગો પર સત્તા સ્થાપી શક્યો હતો. તેના પુત્ર મિહિરકુલે એ ભાગોને વિસ્તાર્યા હતા. આમ, હૂણ આક્રમણોને કારણે સામ્રાજ્યના ઉત્તર અને પશ્ચિમ વિસ્તારોમાં ગુપ્તોને મોટો ફટકો પડ્યો હતો.

**(2) વહીવટી નબળાઈઓ (Administrative Weaknesses)**

જીતેલા વિસ્તારોમાં સ્થાનિક નાયકો કે રાજાઓ ગુપ્તોનું આધિપત્ય સ્વીકારે એટલે તેમની સત્તા પુનઃસ્થાપિત કરવાની ગુપ્તોની નીતિ હતી. હકીકતમાં આવા વિસ્તારોમાં કડક અને અસરકારક અંકુશ માટે ગુપ્તોએ કોઈ પ્રયાસો કર્યા ન હતા. પરિણામે ગુપ્ત સામ્રાજ્યમાં ઉત્તરાધિકારની કટોકટી સર્જાઈ હોય અથવા તો રાજા નબળો હોય ત્યારે સ્થાનિક નાયકો પોતાની સ્વતંત્રતા પુનઃસ્થાપિત કરતા. લગભગ દરેક ગુપ્ત રાજાને આ સમસ્યા થતી અને રાજાએ પોતાનું પ્રભુત્વ પુનઃ દઢ કરવું પડતું. સતત ચાલુ રહેતી લડાઈઓથી રાજકોષ પર બોજો વધતો. ઈ.સ.ની પાંચમી સદીના અંતના અને છઠ્ઠી સદીની શરૂઆતના અરસામાં નબળા ગુપ્ત સમ્રાટોનો લાભ લઈને ઘણી પ્રાદેશિક સત્તાઓએ પોતાની સત્તાના પુનઃદાવા કર્યા. વખત જતાં તેમણે પોતાને સ્વતંત્ર ઘોષિત કર્યા. (એકમ 34 માં તમે આ સત્તાઓ વિશે અભ્યાસ કરશો.) ગુપ્તોની પડતી માટે આ ઉપરાંત પણ ઘણાં કારણો હતાં. ઉદાહરણ તરીકે, ગુપ્તો બ્રાહ્મણોને ભૂમિદાન કરતા. મહેસૂલ અને વહીવટના બધા હકો દાન લેનારને સોંપી દેવામાં આવતા. વળી, **સામંત** પ્રણાલીમાં સામંતો કે નાના રાજવીઓ, જે કેન્દ્રીય સત્તાના તાબામાં રહીને શાસન કરતા હતા તે ગુપ્તકાળ દરમિયાન મજબૂત થવા માંડ્યા હતા. ગુપ્તોનું વહીવટી માળખું શિથિલ થવાનું આ પણ એક કારણ હતું. સામંત પ્રણાલીની શરૂઆત અને તેની વિગતો વિશે મતમતાંતર છે. પરંતુ સામ્રાજ્યમાં અનેક સામંતોનું અસ્તિત્વ દર્શાવે છે કે તેઓ ગુપ્ત સત્તાથી સ્વતંત્ર રીતે શાસન કરતા હશે. રાજકુળમાં ભાગલા, સ્થાનિક નાયકો અથવા ઉપરિકો(ગવર્નરો) પાસે સત્તાનું કેન્દ્રીકરણ, સામ્રાજ્યના વહીવટી માળખાની શિથિલતા વગેરે કારણોને લીધે ગુપ્ત સામ્રાજ્યનું વિભાજન થયું હતું.

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(1) ચંદ્રગુપ્ત બીજાના સંગ્રામોની આશરે દસ વાક્યોમાં ચર્ચા કરો.

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

(2) ગુપ્ત સામ્રાજ્યના વિભાજન માટે જવાબદાર પરિબળોની આશરે દસ વાક્યોમાં ચર્ચા કરો.

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

(૩) નીચેનાં વિધાનો પૈકી કયાં સાચાં છે ? કયાં ખોટાં છે ?

(ક) કુમારગુપ્તના સમય દરમિયાનના હૂણ આક્રમણ સ્કંદગુપ્તે રોકેલા.

(ખ) ફા-હ્યાન જૈન લખાણોની શોધમાં હિંદ આવ્યો હતો.

(ગ) રામગુપ્ત એ ચંદ્રગુપ્ત બીજાનો મોટો ભાઈ હતો એમ કહેવાય છે.

(ઘ) સ્કંદગુપ્તના શાસન દરમિયાન સુદર્શન સરોવરનું સમારકામ થયું હતું.

## 32.8 સારાંશ

ઈ.સ.ની ચોથી સદીની શરૂઆતમાં ઉત્તર હિંદ અનેક નાનાં રાજ્યોમાં વહેંચાયેલું હતું. વિવિધ વિસ્તારમાં રાજ્યો પરસ્પર લડ્યા કરતાં હતાં. આવી રાજકીય સ્થિતિમાં ગુપ્ત વંશે સત્તા હાંસલ કરી અને ધીમે ધીમે સામ્રાજ્ય સ્થાપ્યું હતું. આ વંશના રાજાઓએ વિવિધ વિસ્તારોમાં ઘણાં યુદ્ધો કર્યાં હતાં. સમુદ્રગુપ્ત અને ચંદ્રગુપ્ત બીજાના શાસન હેઠળ આ ભવ્ય સત્તાનું યોગ્ય રીતે સમેકન થયું હતું. સ્કંદગુપ્તના સમય સુધી ગુપ્તો પ્રભાવશાળી હતા, પરંતુ તેના પછી વિભાજન શરૂ થયું હતું. વિદેશી આક્રમણ, શાસકકુળમાં કલહો, સ્થાનિક નાયકો દ્વારા સત્તાનું પુનઃસ્થાપન, વહીવટી નબળાઈઓ વગેરે પરિબળોને કારણે વિભાજન ઝડપથી થયું હતું.

## 32.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

1. ક) અનેક ખ)લિચ્છવીઓ ગ) સમુદ્રગુપ્ત

2. પેટા વિભાગ 32.3.2 વાંચીને તમારો ઉત્તર સરખાવો.

3. યૌધેયો, માલવો, નાગ-લોકો, મદ્રો, ઉત્તરકાલીન કુષાણો.

જુઓ પેટા વિભાગ 32.2.1.

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(1) તમારો ઉત્તર, વિભાગ 32.4 ના વિષયવસ્તુ સાથે સરખાવો.

(2) જુઓ વિભાગ 32.8

(3) ક)ખરું ખ) ખોટું ગ) ખરું ઘ) ખરું

# એકમ 33 ગુપ્તોની અર્થવ્યવસ્થા, સમાજવ્યવસ્થા, રાજતંત્ર-વ્યવસ્થા (Economy, Society and Polity : Guptas)

રૂપરેખા


33.0 ઉદ્દેશો
33.1 પ્રસ્તાવના
33.2 ગુપ્તોનો વહીવટ
33.2.1 રાજા
33.2.2 મંત્રીપરિષદ અને અન્ય અધિકારીઓ
33.2.3 લશ્કર
33.2.4 મહેસૂલ વહીવટ
33.2.5 પ્રાંતો, જિલ્લા અને ગામો
33.3 અર્થવ્યવસ્થા
33.3.1 કૃષિ
33.3.2 હુન્નર-ઉદ્યોગો અને વેપારવણજ
33.4 સમાજવ્યવસ્થા
33.5 સારાંશ
33.6 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 33.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે નીચેના વિશે જાણકારી મેળવશો:

* ગુપ્તોનું વહીવટી માળખું
* કૃષિ, હુન્નર ઉદ્યોગ અને વેપારવણજ સંદર્ભે ગુપ્તોના શાસન હેઠળની આર્થિક સ્થિતિ તથા
* આ કાળના સમાજજીવનનાં વિવિધ પાસાંઓ

## 33.1 પ્રસ્તાવના

ગુપ્તકાળના રાજકીય ઇતિહાસ (એકમ 32)ની રૂપરેખાથી તમને માહિતગાર કર્યા પછી હવે તે કાળનાં અન્ય કેટલાંક પાસાંઓ લઈએ. આ કાળના આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક પાસાંઓ વિશેની માહિતી આપી શકે એવા અનેકવિધ સ્રોત ઉપલબ્ધ થયા છે. આ માહિતીસ્રોત છે : (1) તામ્રપત્રો, શીલા, મૃણ્મુદ્રા(Clay seals) જેવા વિવિધ પદાર્થો પર લખાયેલા અભિલેખો; (2) વિવિધ રાજવંશોના શાસકોએ પાડેલા સિક્કાઓ; (3) પુરાત વ સ્થાનોમાંથી મળેલા પદાર્થો ; (4) સમકાલીન સાહિત્ય અને (5) ફા-હ્યાન જેવા વિદેશી પ્રવાસીઓનાં વૃ ાાંતો.

આ એકમમાં તમને, ગુપ્તોએ અપનાવેલા વહીવટી માળખા વિશે જણાવીશું. સાથે સાથે તે કાળની આર્થિક પ્રવૃત્તિઓ અને રાજ્ય-મહેસૂલના વિવિધ સ્રોતો વિશે પણ જણાવીશું. એકમમાં આ કાળની સામાજિક સ્થિતિનું વિવરણ પણ થશે.

## 33.2 ગુપ્તોનો વહીવટ (Administration under the Guptas)

એકમ 32માં આપણે જોયું કે જે પ્રદેશોના રાજાઓએ ગુપ્ત રાજાઓનું આધિપત્ય સ્વીકાર્યું હતું ત્યાંના વહીવટમાં ગુપ્તો દખલગીરી કરતા નહીં. જોકે એનો અર્થ એવો પણ નથી કે ગુપ્તો તેમના સામંતો દ્વારા જ રાજ ચલાવતા. ગુપ્તોના સીધા અંકુશ હેઠળના વિસ્તારોમાં એક વિસ્તૃત વહીવટીતંત્ર કાર્યરત રહેતું.

### 33.2.1 રાજા (King)

રાજા એ વહીવટમાં કેન્દ્રસ્થાને ગણાતો. આમ છતાં તેમની રાજાશાહીમાં એક નોંધપાત્ર તફાવત હતો. ગુપ્ત સમ્રાટો **પરમભટ્ટારક**, **પરમ-દૈવત**, **ચક્રવર્તી**, **પરમેશ્વર** વગેરે જેવા પ્રભાવશાળી બિરુદો ધારણ કરતા. ઉદાહરણ તરીકે, સમુદ્રગુપ્તની અલાહાબાદ પ્રશસ્તિમાં તેનું વર્ણન આ પ્રમાણે છેઃ ''દેવોને સમકક્ષ ધનદ(કુબેર), વરુણ (સાગરદેવ),ઇન્દ્ર, અંતક(યમ), જેના જેટલો સત્તાવાન પ્રતિસ્પર્ધી આ દુનિયામાં કોઈ નથી...'' સ્મૃતિ શાસ્ત્રોમાં રાજાને દૈવી દરજ્જો આપવામાં આવ્યો છે તેવી રીતે ગુપ્ત સમ્રાટો પણ પૃથ્વી પરના અધિદેવતા ગણાતા હતા.

ભીતરી સ્તંભ-અભિલેખમાં સ્કંદગુપ્તની પ્રશસ્તિ એવી વ્યક્તિ તરીકે કરી છે : ''જેણે સમગ્ર પૃથ્વીને પરાભૂત કરી છે, જે જિતાયેલી પ્રજા પ્રત્યે કૃપાળુ છે, જેની કીર્તિ દિનપ્રતિદિન વધતી જાય છે, છતાં જે અભિમાની કે ઉદ્દંડ નથી થયો.'' તેના પિતા કુમારગુપ્ત ''ધર્મના યથાર્થ માર્ગને અનુસર્યા હતા.'' રાજાશાહીના આવા સંદર્ભો દર્શાવે છે કે રાજા સર્વોચ્ચ સત્તા ધરાવતો છતાં તે નીતિપરાયણ માર્ગને અનુસરે એ અપેક્ષિત હતું, રાજાની ચોક્કસ ફરજો હતી :

* શાંતિના અને યુદ્ધના સમય દરમિયાન રાજ્યની નીતિ નક્કી કરવાની ફરજ રાજાની હતી. ઉદાહરણ તરીકે, સમુદ્રગુપ્તે સમજદારીપૂર્વક દક્ષિણાપથના સમ્રાટોને તેમનાં મૂળ રાજ્યોમાં પુનઃસ્થાપિત કર્યા હતા.
* કોઈ પણ આક્રમણ સમયે પોતાની પ્રજાનું રક્ષણ કરવાની રાજાની મુખ્ય ફરજ હતી.
* યુદ્ધ વખતે રાજા સૈન્યને દોરતો હતો. સમુદ્રગુપ્ત અને ચંદ્રગુપ્ત બીજાના સંગ્રામો દ્વારા આનો નિર્દેશ મળે છે.
* બ્રાહ્મણો, શ્રમણો અને બીજા જે કોઈને રાજાના રક્ષણની જરૂર હોય તેને મદદ આપવાની રાજા પાસે અપેક્ષા રખાતી.
* વિદ્વાનો અને ધાર્મિક પ્રજાનો આદર કરવાની અને તેમને શક્ય તે તમામ સહાય કરવાની પણ તેની પાસે અપેક્ષા રખાતી.
* રાજા ન્યાયતંત્રને, ધાર્મિક પ્રતિબોધ અને તે સમયના રીતરિવાજ અનુસાર, સર્વોચ્ચ ન્યાયાધીશ તરીકે સંભાળતો.
* કેન્દ્રીય અને પ્રાંતીય અધિકારીઓની નિમણૂક કરવાની રાજાની ફરજ હતી.
* **પ્રયાગપ્રશસ્તિ** તેમ જ કુમારગુપ્ત પહેલાના **અપ્રતિઘ** પ્રકારના સિક્કા દર્શાવે છે કે શાસક રાજા પોતાના ઉત્તરાધિકારીની નિમણૂક કરતો આ કાળની મહત્ત્વની રાજકીય ઘટના એ હતી કે એક વાર ગુપ્ત રાજાનું આધિપત્ય સ્વીકારનાર રાજાઓનું તેમના પ્રદેશમાં શાસન ચાલુ રહેતું. ગુપ્ત રાજા આવા પ્રદેશના વહીવટમાં દખલગીરી કરતો નહિ.

### 32.2.2 મંત્રીપરિષદ અને અન્ય અધિકારીઓ (Council of Ministers and Other Officials)

મંત્રીઓના અધિક્રમ (Hierarchy)વિશે ગુપ્ત અભિલેખોમાંથી સ્પષ્ટ માહિતી મળતી નથી. જોકે એ નિઃશંક છે કે અગત્યની તમામ બાબતો માટે રાજા તેના મંત્રીઓ સાથે મંત્રણા કરીને લેખિત સૂચના આપતો.

મંત્રીપદ કદાચ વારસાગત હતું. ઉદાહરણ તરીકે, ચંદ્રગુપ્ત બીજાના સમયનો ઉદયગિરિ અભિલેખ દર્શાવે છે કે વીરસેન સાબા નામના શાંતિ અને યુદ્ધના મંત્રીને મંત્રીપદ વારસામાં મળ્યું હતું. ન્યાયસંબંધી સર્વોચ્ચ સત્તા રાજાની હતી. તેને **મહાદંડનાયક**(મુખ્ય ન્યાયાધીશ) સહાય કરતા. પ્રાંતોમાં એ કામ ઉપરિકને અને જિલ્લાઓમાં **વિષયપતિ**ને સોંપવામાં આવતું. ગામોમાં મુખિયો અને ગામના અગ્રણીઓ મામૂલી કિસ્સાઓ અંગે નિર્ણય આપતા. ચીની પ્રવાસી ફા-હ્યાને નોંધ્યું છે કે ક્યારેય મૃત્યુદંડની સજા અપાતી ન હતી.

અન્ય કેટલાક ઉચ્ચ અધિકારીઓ પણ હતા. ઉદાહરણ તરીકે, **મહાપ્રતિહાર** રાજમહેલના રક્ષકોનો નાયક હતો. **પ્રતિહાર** સમારોહોનું નિયમન કરતો તથા રાજા/રાજકુળ સમક્ષ ઉપસ્થિત થવા માટે જરૂરી પરવાનગી આપતો. અગાઉના કાળની જેમ એક ગુપ્તચર તંત્ર અસ્તિત્વમાં હતું. ભૂમિદાન-અભિલેખોમાં દૂતકનો અવારનવાર ઉલ્લેખ છે. બ્રાહ્મણો અને અન્યને જ્યારે ભૂમિદાન કરવામાં આવે ત્યારે તેનો અમલ કરવાના કામ સાથે દૂતક સંકળાયેલા હતા.

### 33.2.3 લશ્કર (Army)

ગુપ્તોનું લશ્કર ઘણું મોટું હશે. યુદ્ધના સમયે રાજા લશ્કરને દોરતો, પરંતુ સામાન્યત: સંધિવિગ્રહક નામે ઓળખાતો મંત્રી (શાંતિ અને યુદ્ધનો મંત્રી) અન્ય ઉચ્ચ અધિકારીઓની સહાયથી લશ્કરને સંભાળતો. અધિકૃત બિરુદ મહાબલાધિકૃતનો ઘણા અભિલેખોમાં ઉલ્લેખ છે. **પીલુપતિ**-(ગજદળનો વડો), **અશ્વપતિ**(અશ્વદળનો વડો), **નરપતિ**(પાયદળનો વડો) જેવા અધિકારીઓ કદાચ મહાબલાધિકૃત હેઠળ કામ કરતા. લશ્કરને રોકડમાં ચુકવણી થતી. **રણભાંડાગારિક** નામે ઓળખાતો ભંડારનો હવાલો સંભાળનાર એક અધિકારી લશ્કરની જરૂરિયાતોની યોગ્ય સંભાળ લેતો. આક્રમક તેમ જ રક્ષાત્મક શસ્ત્રો જેવાં કે ફરસી, ધનુષ-બાણ, તલવાર, ભાલા, બરછી વગેરે પૂરા પાડવાની ફરજ તેની હતી.

### 33.2.4 મહેસૂલ વહીવટ(Revenue Administration)

દંડ ઉપરાંત જમીન મહેસૂલ એ રાજ્યની આવકનો મુખ્ય સ્રોત હતો. અનુશ્રુતિમાં સમુદ્રગુપ્તના સમયમાં **ગોપાશ્રમીન** નામે ઓળખાતો અધિકારી **અક્ષપટલાધિકૃત** તરીકે કામ કરતો હોવાનું જણાયું છે. સંખ્યાબંધ બાબતોને હિસાબના ચોપડે ચઢાવવાની, સેવકોની જામીનગીરીમાંથી શાહી દેવું વસૂલ કરવાની, ઉડાઉગીરી પર નિયંત્રણ રાખવાની, અવહેલના/બેપરવા કે કપટથી થયેલા નુકસાનને ભરપાઈ કરવાની ફરજ ગોપાશ્રમીનની હતી.

બીજો એક મહત્ત્વનો ઉચ્ચ અધિકારી હતો - પુસ્તપાળ (દસ્તાવેજ રાખનાર). કોઈ પણ સોદાને દફતરે કરતાં પહેલાં તે વિશેની તપાસ કરવાની ફરજ પુસ્તપાળની હતી. જમીનના યોગ્ય સર્વેક્ષણ અને માપન માટે તેમ જ જમીન-મહેસૂલ ઉઘરાવવા માટેનો એક સુવ્યવસ્થિત વિભાગ ગુપ્ત રાજાઓ રાખતા હતા. કામંદકે **નીતિસાર**માં સૂચવ્યું છે કે રાજાએ તેના કોશની ખાસ કાળજી રાખવી જોઈએ, કારણ કે રાજ્યનું જીવન માત્ર તેના પર નિર્ભર છે.

કાલિદાસે તેમ જ **નારદ-સ્મૃતિ**ના રચયિતાએ નોંધ્યું છે કે નીપજનો છઠ્ઠો ભાગ શાહી-મહેસૂલ તરીકે લેવાતો. આ ઉપરાંત, એક નગરમાંથી બીજા નગરમાં લઈ જવાતાં કાપડ, તેલ વગેરે પર **ઉપરિકર** લગાવવામાં આવતો. વેપારીઓના સંગઠનોએ **શૂલ્ક**(વાણિજ્ય કર) ચૂકવવો પડતો. શૂલ્ક ન ચૂકવનારનો વેપારનો હક રદ થતો અને તેણે મૂળ શૂલ્કથી આઠ ગણી રકમનો દંડ ભરવો પડતો. **વિષ્ટિ** (વેઠ), બલિ અને બીજા અનેક પ્રકારના ફાળા લેવાનો રાજાને અધિકાર હતો. રાજકુળની જમીન અને જંગલોમાંથી થતી આવક રાજાની આગવી આવક ગણાતી. આ ઉપરાંત જમીનમાંથી અચાનક મળી આવતાં દ્રવ્યપાત્રો(સિક્કાઓ, રત્નો કે અન્ય કીમતી વસ્તુઓ ધરાવતાં પાત્રો), ખાણોમાં ખોદકામથી મળતો ખજાનો તેમ જ મીઠાના ઉત્પાદનથી થતી આવક રાખવાનો રાજાના કોષને હક હતો.

### 32.2.5 પ્રાંતો, જિલ્લા અને ગામો (Provinces, Districts and Villages)

સમગ્ર સામ્રાજ્યને **દેશો**, **રાષ્ટ્રો** કે **ભુક્તિ**ઓમાં વહેંચાયેલું હતું. કેટલીક ચોક્કસ ભુક્તિઓનાં નામ અભિલેખોમાંથી મળે છે. ઉદાહરણ તરીકે બંગાળમાંની **પુંદ્રવર્ધરા** ભુક્તિ(ઉત્તર બંગાળ) અને તિરા-ભુક્તિ (ઉત્તર બિહાર). ભુક્તિનું સંચાલન, રાજાએ નીમેલા **ઉપરિક** દ્વારા થતું. પશ્ચિમ માલવા જેવા પ્રદેશોમાં બંધુવર્મન જેવા સ્થાનિક શાસકો કુમારગુપ્ત પહેલાના ખંડિયા તરીકે રાજ કરતા, જ્યારે સ્કંદગુપ્તે પર્ણદત્તને સૌરાષ્ટ્રનો ગવર્નર નીમ્યો હતો.

ભુક્તિ(પ્રાંત)ને વિષયો(જિલ્લાઓ)માં વિભાજિત કરવામાં આવતી. તે **આયુક્તક** અને કેટલાક કિસ્સામાં વિષયપતિ નામે ઓળખાતા અધિકારી હેઠળ રહેતી. તેની નિમણૂક પ્રાંતીય ઉપરિક કરતાં. બંગાળમાંના ગુપ્ત અભિલેખો દર્શાવે છે કે અધિકરણ (જિલ્લાના વડાની કચેરી) સાથે મહત્ત્વના સ્થાનિક સમુદાયો : **નગરશ્રેષ્ઠી** (નગર-વેપારીઓના વડો), સાર્થવાહ (વણજાર-નેતા), **પ્રથમ-કુલિક** (કારીગર-સમુદાયનો વડો) અને **પ્રથમ કાયસ્થ**(કાયસ્થ સમુદાયનો વડો)નું પ્રતિનિધિત્વ સંકળાયેલું રહેતું. આ ઉપરાંત **પુસ્તપાળો** હતા. દસ્તાવેજોના સંચાલન અને સંભાળનું કામ પુસ્તપાળ કરતા. ગામ એ વહીવટનું નિમ્નતમ એકમ હતું. ગામોમાં જ્યાં મુખી હતો તે **ગ્રામપતિ** કે **ગ્રામાધ્યક્ષ** કહેવાતો.

જોકે ઉત્તર બંગાળમાંથી મળેલા અભિલેખો દર્શાવે છે કે ગામથી ઉપરના કક્ષાના અન્ય એકમો પણ હતા. કેટલાક કિસ્સાઓમાં **અષ્ટકુલાધિકરણ**ના સંદર્ભો મળે છે. **ગ્રામિક**, કુટુંબી અને **મહત્તર** જેવી ગામની વિવિધ શ્રેણીઓ પોતાના પ્રતિનિધિઓ આ કચેરીઓમાં મોકલતા, જે વિવિધ પ્રસંગોએ ગામથી ઉપરની કક્ષાએ કામ કરતી.

ગામોમાં કિસાનો ઉપરાંત, સુથાર, વણકર, કુંભાર, ઘાંચી, સોની, પશુપાલક જેવા અન્ય વ્યાવસાયિક વર્ગો પણ હતા. આ તમામ વર્ગોએ ગામના કામકાજ પર દેખરેખ રાખવા સ્થાનિક સંસ્થાઓ કે સંઘો રચ્યા હશે. આ

સંઘો, ગ્રામવૃદ્ધો(ગામના વડેરાઓ)ની મદદથી ગામના વિવાદોનું નિરાકરણ કરતા હતા.

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(1) નીચેનાં વિધાનો પૈકીનું કયું સાચું(✓) કે ખોટું (✗) છે ?

(ક) ગુપ્ત શાસનમાં રાજા કેન્દ્રસ્થાને રહ્યો ન હતો.

(ખ) યુદ્ધસમયે રાજાએ લશ્કરને દોરવાનું હતું.

(ગ) મહાદંડનાયક એ મહેસૂલ-મંત્રી હતો.

(ઘ) નીપજનો છઠ્ઠો ભાગ શાહી મહેસૂલ તરીકે લેવામાં આવતું.

(ચ) ગામ એ વહીવટનું સર્વોચ્ચ એકમ હતું.

(2) ગુપ્તોના મહેસૂલ વહીવટ વિશે આશરે પાંચ વાક્ય લખો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

3) રાજાની સત્તાઓ અને ફરજો વિશે આશરે દસ વાક્ય લખો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 33.3 અર્થવ્યસ્થા (Economy)

તમે આગળ જોયું કે સમાજ દ્વારા પેદા થતા ખેતીના પાક એ મુખ્ય સ્રોત હતા. રાજ્યના મહેસૂલનો મહત્ત્વનો ભાગ કૃષિમાંથી મળતો. જોકે એનો અર્થ એ નથી થતો કે ખેતી એ પ્રજાનો એકમાત્ર વ્યવસાય હતો અથવા તો પ્રજા માત્ર ગામોમાં જ વસતી હતી. વેપારવણજ અને હુન્નર ઉદ્યોગ જેવા વ્યવસાયો પણ હતા. તે વિશિષ્ટ વ્યવસાયો બન્યા હતા અને તેમાં જુદાં જુદાં સામાજિક જૂથો જોડાયેલાં હતાં. એટલે કે અગાઉના કાળની જેમ પ્રજા જંગલોમાં, ખેતીના પ્રદેશોમાં, ગામોમાં અને નગરમાં વસતી હતી. પરંતુ આર્થિક ઉત્પાદનના સ્વરૂપમાં અને તેને પરિણામે વિવિધ સામાજિક જૂથો વચ્ચેના સંબંધોમાં કેટલાંક પરિવર્તનો થવા માંડ્યાં હતાં. આ વિભાગ અને પછીના વિભાગમાં આપણે એમાંનાં કેટલાંક પરિવર્તનો ધ્યાનમાં લઈશું.

### 33.3.1 કૃષિ (Agriculture)

કૃષિ-ઉત્પાદનના સ્વરૂપથી આપણે શરૂઆત કરીએ. ગુપ્તકાળના માહિતીસ્રોતોમાં કૃષિસંબંધી પ્રવૃત્તિઓના ઉલ્લેખો છે તે પરથી કૃષિ-ઉત્પાદન વિશેની સમાજની ફિકર સ્પષ્ટ થાય છે. અભિલેખોમાં ભૂમિના વિવિધ પ્રકારોના ઉલ્લેખ છે : ખેડાણની જમીન સામાન્યતઃ ક્ષેત્ર કહેવાતી. પડતર જમીન ખિલા અપ્રહત વગેરે જેવા જુદા જુદા નામે ઓળખાતી. વળી, અભિલેખો પરથી એવી છાપ ઊપસે છે કે પડતર જમીન નિયમિત રીતે ખેડાણયોગ્ય બનાવવામાં આવતી. ભૂમિ, ફળદ્રુપતા અને ઉપયોગ મુજબ ભૂમિનું વર્ગીકરણ છેક અજાણ્યું ન હતું. વિવિધ પ્રદેશોમાં વિવિધ ભૂમિ-માપ વપરાતાં. જોકે કોઈ પદ દ્વારા કયું ચોક્કસ માપ દર્શાવાતું તે વિશે ચોક્કસપણે કહી શકાય તેમ નથી. કેટલાક વિસ્તારોમાં ભૂમિ-માપ માટે નિવર્તન પદ વપરાતું, જ્યારે બંગાળના અભિલેખોમાં કુલ્યવાપ અને દ્રોણવાપ જેવાં પદો વપરાયાં છે. પાકોના આધારે વિસ્તારોનું નિશ્ચિત વર્ગીકરણ

શક્ય નથી. પરંતુ પાકના મહત્ત્વના તમામ વર્ગો ધાન્યો જેવાં કે જવ, ઘઉં, ડાંગર, કઠોળની વિવિધ જાત, ચણા અને શાકભાજી તેમ જ કપાસ અને શેરડી જેવા રોકડિયા પાક ગુપ્ત કાળ કરતાં પણ અગાઉના સમયથી જાણમાં હતા. તેમનું સંવર્ધન ગુપ્તકાળ દરમિયાન ચાલુ જ હતું. અલબત્ત, ગુપ્તકાળના ખેડૂતો મકાઈ જેવા પાક કે બટાટા કે ટામેટા જેવાં શાકભાજીથી માહિતગાર ન હતા.

સિંચાઈને અપાયેલા મહત્ત્વથી પણ સમાજની કૃષિ-ઉત્પાદન વિશેની ચિંતા પ્રતિબિંબિત થાય છે. અગાઉના વિભાગોમાં તમે ગુજરાતમાં સૌરાષ્ટ્રમાંના સુદર્શન સરોવર (તડાગ) વિશે અભ્યાસ કરી ગયા. મૌર્યકાળમાં બંધાયેલ આ સરોવરને મહાક્ષત્રપ રુદ્રદામન (ઈ.સ.ની બીજી સદીના મધ્યે)ના સમયમાં વ્યાપક નુકસાન થયું ત્યારે તેનું સંપૂર્ણપણે સમારકામ કરાવવામાં આવ્યું હતું. તેને સ્કંદગુપ્તના સમયમાં ફરીથી સખત નુકસાન થયું હતું. સ્કંદગુપ્તે સૌરાષ્ટ્ર માટે નવા નીમેલા ગવર્નર પર્ણદત્ત અને તેના પુત્ર ચક્રપાલિતે એ સમયે સરોવરનું સમારકામ કરાવ્યું હતું. સિંચાઈની બીજી એક પદ્ધતિમાં કૂવામાંથી પાણી ખેંચીને, કાળજીપૂર્વક તૈયાર કરેલી નીકો દ્વારા તે પાણી ખેતરને પૂરું પાડવામાં આવતું. ગુપ્તકાળ પહેલાં, કદાચ જાણીતી હતી એવી એક રચનામાં સાંકળ સાથે અનેક ઘડા બાંધવામાં આવતા. ઘડાવાળી સાંકળ કૂવાના પાણી સુધી પહોંચે એટલી રખાતી. ઘડા અને સાંકળને ચક્રગતિમાં રાખીને ઘડા સતત ભરાતા રહે અને ખાલી થતા રહે તેવી ગોઠવણ કરવામાં આવતી. આ રચના **ઘટી-યંત્ર** તરીકે ઓળખાતી. ઘટી એટલે ઘડો. આ રચના **અરઘટ્ટ** તરીકે પણ જાણીતી થઈ હતી. શેરડી જેવા પાકના ઉત્પાદનમાં ઘટી-યંત્રની મદદથી ખેતરોની સિંચાઈ કરવાની રીતનું સુંદર વર્ણન ઈ.સ.ની સાતમી સદીમાં બાણભટ્ટે લખેલા **હર્ષચરિત**માં છે. બંગાળ જેવા પ્રદેશોમાં તળાવો અને અન્ય પ્રકારનાં જળાશયોમાં વરસાદના પાણીનો સંગ્રહ કરવામાં આવતો. દ્વીપકલ્પીય ભારતમાં જળાશય-સિંચાઈ ધીમે ધીમે સ્વીકારાયું હતું. આમ, સિંચાઈની વિવિધ પદ્ધતિઓ અસ્તિત્વમાં હતી અને ખેડૂતોને સિંચાઈ-સુવિધાઓ પૂરી પાડવામાં રાજ્યનો ફાળો બહુ નજીવો હતો. ખેડૂતો, અલબત્ત મુખ્યત્વે વરસાદ પર આધાર રાખતા. કૌટિલ્યના **અર્થશાસ્ત્ર**માં તેમ જ ગુપ્તકાળનાં અન્ય લખાણોમાં વરસાદના મહત્ત્વ પર વિશેષ ઝોક આપવામાં આવ્યો છે.

ગુપ્તકાળનાં માહિતીસ્રોતો સૂચવે છે કે કૃષિસમાજમાં કેટલાંક મહત્ત્વનાં પરિવર્તનો આવવા માંડ્યાં હતાં. બંગાળના અભિલેખોમાં જિલ્લા કક્ષાના વહીવટ દ્વારા વ્યક્તિઓને જમીનના વેચાણ થયાના નિર્દેશ છે. આ વ્યક્તિઓ તે જમીન રોકડેથી ખરીદતી અને વૈદિક યજ્ઞો કરતા બ્રાહ્મણોને અથવા તો બૌદ્ધ કે જૈન ધાર્મિક સંસ્થાઓને તે જમીન ભેટમાં આપતી. જમીન ખરીદવા અને ભેટ આપવા ઉપરાંત ધર્મદેય (Religious Donees)ને જમીન ભેટ આપવાની પ્રથા સામાન્ય બની ગઈ હતી. તે સિવાય પણ, શાસકોની વિવિધ કક્ષાએ સેવા બજાવવા માટે અધિકારીઓને પુરસ્કારરૂપે જમીન આપવામાં આવતી. આ બધું જોકે તદ્દન નવું ન હતું. પરંતુ ત્યાં સુધીમાં શાસકકુટુંબોની સંખ્યા ઘણી વધી ગઈ હતી અને તેથી પોતે ખેતી ન કરતા હોય તેવા જમીન મેળવનારાઓની સંખ્યા ઘણી વધી ગઈ હતી. ભૂમિ આપવાના સદ્ગુણોની ઘણી પ્રશંસા થતી અને ભેટમાં જમીન લેનારને અનેક અનિષ્ટોનો ભય રહેતો. આ બધાને કારણે જમીન પર ઉચ્ચ અધિકારો ભોગવતો એક વર્ગ સમાજમાં ઊપસવા માંડ્યો હતો. આવા અધિકારોને કારણે તેમ જ ઉચ્ચ વર્ણના હોવાને કારણે તેમને ઊંચો આર્થિક અને સામાજિક દરજ્જો મળતો. અલબ ા, ભૂમિના હક માત્ર તે મેળવનારના જ થતા ન હતા. ગુપ્ત અભિલેખોમાં ગામવાસીઓના ગ્રામિક, કુટુંબી, અને મહત્તર જેવા પ્રકારોના નિર્દેશ છે. તે ગામના જમીનદારો હશે અને જમીનની લેવડદેવડમાં તેમની સહભાગીતા દર્શાવે છે કે તેઓ પણ ગ્રામીણ સમાજના મહત્ત્વના સભ્યો હતા. શાસકો પાસેથી જમીન મેળવનારા અને ગામના પ્રભાવશાળી જમીનદારોની તુલનામાં સામાન્ય ખેડૂતોની સ્થિતિ ખરાબ કહેવાય તેવી હતી. કેટલાક ઇતિહાસકારો માને છે કે ભૂમિદાનની પ્રથાને કારણે સમગ્ર કિસાન વસ્તીનો દરજ્જો સમાજમાં ઘણો નીચો બની ગયો હતો. આ સંપૂર્ણપણે સાચુંયે નથી. **કૃષિબાળ, કર્શક** કે **કિનાસ** જેવા નામે ઓળખાતા સાધારણ કિસાનોનો આર્થિક અને સામાજિક દરજ્જો નીચો હતો. ખરેખરા ખેડૂતોમાં એવા પણ હતા જે બીજાની જમીન ખેડતા અને નીપજનો એક હિસ્સો જ મેળવતા. એવા ગુલામો પણ હતા, જે પોતાના માલિકોનાં ખેતરોમાં કામ કરતા. દાસીઓ(સ્ત્રી,ગુલામો)નું પણ ક્રૂર રીતે શોષણ થતું. **કામસૂત્ર** જેવાં લખાણ, જે કદાચ ગુપ્તકાળમાં લખાયું છે, દાસીઓએ માલિકો દ્વારા કેવી કેવી યાતનાઓ ભોગવવી પડે તે જણાવે છે.

સાધારણ કિસાનોની સ્થિતિમાં નોંધપાત્ર પતન થવા માટે અનેક કારણો હતાં. એક કારણ એ હતું કે અનેક વિસ્તારોમાં નવા શાસકોનાં નાનાં-નાનાં રાજ્યોનો ઉદય થયો હતો. આ શાસકોના અધિકારીઓ અને કૃષિ સાથે ન સંકળાયેલી પ્રજાના વર્ગોએ સમાજમાં મોટી અસમાનતા પેદા કરી હતી. ખરા ખેડૂતો પર તેમણે સખત બોજો નાખ્યો હતો. આ કાળ દરમિયાન રાજ્ય દ્વારા ઉત્પાદકો પર નખાતા કરવેરા પણ વધ્યા હતા. વધુમાં વિષ્ટિ કે વેઠ કરાવવાની પ્રથા પણ ચાલુ હતી. જોકે આપણે એ ચોક્કસ રીતે જાણી શક્યા નથી કે કૃષિ-ઉત્પાદનમાં તે કેટલી આવશ્યક હતી. એટલું તો ખરું જ કે સાધારણ ખેડૂતોની સ્થિતિ અગાઉના કાળ કરતાં વધારે ખરાબ થઈ હતી.

## 33.3.2 હુન્નર-ઉદ્યોગો અને વેપારવણજ (Crafts Production and Trade)

હુન્નર-ઉદ્યોગોમાં ચીજવસ્તુઓનો એક મોટો વ્યાપ આવી જતો. માટીના ઘડા, રાચરચીલું, છાબડીઓ, ધાતુનાં ઓજારો વગેરે જેવી ઘરવપરાશની સામાન્ય ચીજો, સાથોસાથ સોના, ચાંદી કે કિંમતી પથ્થરોમાંથી બનાવેલાં ઘરેણાં, હાથીદાંતની વસ્તુઓ, સૂતર અને રેશમમાંથી બનાવેલ બારીક કાપડ અને અન્ય કીમતી વસ્તુઓ જેવી મોજશોખની ઘણી ચીજવસ્તુઓ સમાજના સમૃદ્ધ વર્ગોને સુલભ કરવામાં આવતી. આમાંની કેટલીક ચીજવસ્તુ વેપારવણજ દ્વારા ઉપલબ્ધ થતી. કેટલીકનું ઉત્પાદન સ્થાનિક હતું. મોજશોખની ઘણી ચીજોના અવશેષો પુરાત વીય ખોદકામોમાંથી સામાન્યતઃ મળતા નથી. તેમનાં વર્ણનો સમકાલીન સાહિત્યિક લખાણો કે અભિલેખોમાં જોવા મળે છે. આ માહિતીસ્રોતો આપણને વિવિધ કક્ષાના કારીગરોના દરજ્જા વિશેના રસપ્રદ સંકેતો આપે છે. ઉદાહરણ તરીકે, રેશમી કાપડની જાતો - **ક્ષૌમા** અને **પટ્ટવસ્ત્ર** આ કાળનાં લખાણોમાં છે. પશ્ચિમ માળવાના મંદસોરમાંના, પાંચમી સદીના એક અભિલેખમાં રેશમના વણકરોના એક મંડળ(Guild)નો નિર્દેશ છે, જે દક્ષિણ ગુજરાતથી સ્થળાંતર કરીને માળવામાં સ્થાયી થયું હતું. **અમરકોશ** અને **બૃહદ સંહિતા** જેવાં આ કાળનાં લખાણોમાં ઘણી ચીજોની યાદીઓ, તેમનાં સંસ્કૃત નામો તેમ જ તે બનાવનાર કારીગર વર્ગોના પણ ઉલ્લેખો છે.

આમ છતાં, આ કાળમાં ઉત્પાદિત ચીજોની વિવિધતા તથા પ્રમાણનો અંદાજ મેળવવા વિવિધ પુરા વીય સ્થળોએથી મળેલા પદાર્થોના અહેવાલો જોવા પડે. ગંગાખીણનાં તક્ષીલા, અહિછત્ર, મથુરા, રાજઘાટ, કૌસાંબી અને પાટલીપુત્ર જેવાં મહત્ત્વનાં સ્થળો તેમ જ અન્ય ભૌગોલિક પ્રદેશોમાંનાં સ્થળોએથી હુન્નરના ઘણા નમૂના મળ્યા છે. તેમાં માટીનાં વાસણો, પકવેલી માટીની ચીજો, વિવિધ પથ્થરોના મણકા, કાચની વસ્તુઓ, ધાતુની ચીજો વગેરે છે. પુરોગામી શક કુષાણ કાળના હુન્નર ઉદ્યોગની તુલનાએ ગુપ્ત કાળમાં હુન્નર ઉદ્યોગની પીછેહઠ થઈ હતી. જોકે આ દષ્ટિકોણથી બંને કાળનો તુલનાત્મક અભ્યાસ સંતોષકારક રીતે હજુ સુધી થઈ શક્યો નથી.

તમામ વસ્તુઓ તમામ સ્થળોએ પ્રાપ્ય ન હતી. આથી વેપાર અર્થે ચીજોની એકથી બીજા સ્થળે હેરફેર, અગાઉના કાળની જેમ જ, ચાલુ હતી. વિભાગ VI અને VII માં તમે જોઈ ગયા કે પહેલાંના કાળમાં મધ્ય, પશ્ચિમ અને નૈર્ઋત્ય એશિયા તથા રોમન જગત સાથે હિંદના વિસ્તૃત વ્યાપારિક સંબંધો હતા. સૈકાઓ દરમિયાન દેશની અંદરના વિવિધ પ્રદેશોને જોડતા વેપારમાર્ગો વિકસ્યા હતા. એ સ્પષ્ટ છે કે ગુપ્તકાળમાં વેપારવણજ ચાલુ હતા. ગુપ્ત શાસકો પણ, તેમના કુષાણ પુરોગામીઓની જેમ વિવિધ પ્રકારના સિક્કા પડાવતા હતા. ગુપ્ત શાસકોના સોનાના સિક્કા કારીગરીના અદ્ભુત નમૂના છે. ગુપ્તોએ તાંબાના, ચાંદીના તથા સીસાના સિક્કાઓ પણ પાડેલા. સ્વાભાવિક રીતે જ આ સિક્કાઓ વેપારમાં લેવડદેવડના હેતુ માટે વપરાતા હતા. ગુપ્ત સામ્રાજ્યના કેટલાક વિસ્તારોમાં તો વેપારીઓનુંયે સમાજમાં ઊંચું સ્થાન હતું. ઉદાહરણ તરીકે, વેપારીઓના બે પ્રકારના પ્રતિનિધિઓ - **નગરશ્રેષ્ઠી** અને **સાર્થવાહ** ઉત્તર બંગાળમાં જિલ્લા મથકોના વહીવટ સાથે સંકળાયેલા હતાં. ઉત્તર બિહારમાં વૈશાલી પાસેથી મળી આવેલી ગુપ્ત મુદ્રાઓ સૂચવે છે કે વેપારીઓ વૈશાલી નગરની પ્રજાનો એક મહત્ત્વનો ભાગ હતાં. આ કાળનાં સાહિત્યિક લખાણો પણ દર્શાવે છે કે પાટલીપુત્ર અને ઉજ્જયિની જેવાં નગરોમાં વેપારવણજ તેજીમાં હતું અને તેમાં જુદા જુદા દેશોના લોકો હતાં. આ નગરોમાં પણ વેપારી સમુદાયો મહત્ત્વના ગણાતા.

કારીગરો અને વેપારીઓ એ બંનેની કામગીરીની સુવિધાઓ માટે સંગઠનો હતાં. આવાં સંગઠનો માટે એક પ્રાચીન પદ - **શ્રેણી** વપરાતું. સંગઠનોને રક્ષણ આપવાની અને તેમનાં વ્યવહારો અને ધારાધોરણોનું સન્માન જાળવવાની રાજ્ય પાસે અપેક્ષા રખાતી. તે જ રીતે શ્રેણીના સદસ્યો પાસે સંગઠનનાં ધારાધોરણો અનુસરવાની અપેક્ષા રખાતી. અન્યથા તે દંડને પાત્ર ગણાતા. શ્રેણીનું અર્થઘટન ઘણી વાર મહાજન તરીકે થાય છે. પરંતુ આ પદનાં ઘણાં અર્થઘટનો છે. વિગતોની દષ્ટિએ શ્રેણીઓ કેવી હતી તે વિશે આપણને હજુ સુધી ચોક્કસ માહિતી નથી.

હુન્નર ઉદ્યોગ અને વેપારવણજ ગુપ્ત કાળમાં તેજીમાં હતાં, છતાં આપણે બે મુદ્દા ખાસ યાદ રાખવા જોઈએ :

1) ઘણા પ્રકારના કારીગરો હતા અને બધા આર્થિક કે સામાજિક રીતે સમકક્ષ ન હતા. ઉદાહરણ તરીકે, ઉજ્જયની જેવા નગરમાં દુકાન ધરાવતા સોની અને તેના કુટુંબ અને એક ગામમાં છાબડ બનાવનારના કુટુંબ વચ્ચે ખાસ્સો તફાવત હતો. આ કાળના બ્રાહ્મણો દ્વારા લખાયેલાં **ધર્મશાસ્ત્રો**માં આ બાબત અમુક અંશે પ્રતિબિંબિત થાય છે. **ધર્મશાસ્ત્રો** કારીગરોનાં જુદાં જુદાં જૂથોને જુદા જુદા ક્રમ આપે છે. જોકે તેમના આયોજન પ્રમાણે કારીગરોનો દરજ્જો બ્રાહ્મણો, ક્ષત્રિયો અને વૈશ્યો કરતાં નીચો હતો. ધર્મશાસ્ત્રો એ પણ સૂચવે છે કે કારીગરોનું પ્રત્યેક જૂથ એક જાતિ કે જ્ઞાતિ રચતું. ઉદાહરણ તરીકે, **કુંભકારો** (કુંભારો) એક જ્ઞાતિ રચે, **સુવર્ણકારો** (સોનીઓ) બીજી એક જ્ઞાતિ રચે વગેરે. જ્ઞાતિવ્યવસ્થા એટલી સરળ પણ નહોતી. છતાં એક હુન્નરના કારીગરોમાં એક જાતિ કે જ્ઞાતિ રચવાનું વલણ રહેતું.

2) મોટા ભાગના પ્રદેશોમાં ગુપ્ત કાળથી કદાચ, હુન્નર ઉદ્યોગો અને વેપારવણજનું પતન શરૂ થયું હતું. કેટલાક

ઇતિહાસકારોના મંતવ્ય મુજબ આને પરિણામે ગામો અને નગરોની પડતી થઈ તથા કૃષિ-ઉત્પાદન પર સમાજનું અવલંબન વધ્યું. આ વિશેનો વધુ અભ્યાસ તમે વિભાગ 9માં કરશો.

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(1) ખાલી જગ્યા પૂરો :

(ક) ખેડાણની જમીન સામાન્યતઃ__________ કહેવાતી. (ખિલા/ક્ષેત્ર)

(ખ) ઈ.સ.ની પાંચમી-છઠ્ઠી સદી દરમિયાન ધર્મદેયોને ભૂમિદાનની પ્રથા સામાન્ય __________ (બની હતી/હતી જ નહીં.)

(ગ) આ કાળ દરમિયાન સાધારણ ખેડૂત__________ હતો. (સમૃદ્ધ થયો/પીડાયો)

(ઘ) __________ના સમય દરમિયાન સુદર્શન સરોવરનું સમારકામ થયું હતું. (સ્કંદગુપ્ત/પુરુગુપ્ત)

(2) આ કાળ દરમિયાન અપનાવાયેલી સિંચાઈ-પદ્ધતિઓ વિશે દસ વાક્યો લખો.

..............................................................................................................
..............................................................................................................
..............................................................................................................
..............................................................................................................
..............................................................................................................
..............................................................................................................
..............................................................................................................
..............................................................................................................
..............................................................................................................
..............................................................................................................

(3) હુન્નરો અને કારીગરો વિશેના નિર્દેશો ધરાવતા માહિતીસ્રોતો વિશે પાંચ વાક્ય લખો.

..............................................................................................................
..............................................................................................................
..............................................................................................................
..............................................................................................................
..............................................................................................................

## 33.4 સમાજ વ્યવસ્થા (Society)

તમે જોઈ ગયા કે બ્રાહ્મણોએ વિચારેલી સમાજવ્યવસ્થા મુજબ સમાજ ચાર વર્ણો (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર)માં વહેંચાયેલો હતો. પ્રત્યેક વર્ણ તેને માટે નિયત થયેલાં કાર્ય કરતો અને તેને ફાળવાયેલા હકો ભોગવતો હતો. આ એક આદર્શ સમાજવ્યવસ્થા હતી અને રાજ્ય પાસે એની જાળવણીની અપેક્ષા રખાતી. એટલે કે દેશના કોઈ ખૂણામાં કોઈ નાના રાજ્યનો ઉદય થાય તો તે રાજ્યના રાજાએ પણ આ વ્યવસ્થાને માન્યતા આપવાની અપેક્ષા રખાતી. ગુપ્ત કાળથી બ્રાહ્મણોએ રાજાઓ પર નોંધપાત્ર પ્રભાવ પાડવા માંડ્યો હતો. રાજાઓ, અધિકારીઓ અને બીજાઓ વ્યક્તિગત બ્રાહ્મણોને ભૂમિ આપતા તો વળી કેટલીક વાર બ્રાહ્મણોનાં મોટાં જૂથોને આવીને દૂરના વિસ્તારોમાં સ્થાપી થવા પણ પ્રેરતા. આથી બ્રહ્મદિયા, અગ્રહાર જેવાં નામે ઓળખાતી બ્રાહ્મણ વસાહતોની સંખ્યા વધવા માંડી હતી. તેમણે અન્ય બાબતોની સાથે સાથે વર્ણવિભાજિત સમાજવ્યવસ્થાના વિચારને પણ ફેલાવવા માંડ્યો હતો.

વર્ણક્રમ એક આદર્શ વ્યવસ્થા હતી છતાં સમાજમાં એવાં ઘણાં જૂથો હતાં જેમના વર્ણ નિયત થઈ શક્યા ન હતા. વળી, એવું માની લેવાતું કે વર્ણો તેમની ફરજો બજાવશે. હકીકતમાં તેમણે ફરજ ન પણ બજાવી હોય. આ બધું સૂચવે છે કે વાસ્તવિક સમાજ આદર્શ સમાજ કરતાં જુદો હતો. આ બાબત ધર્મશાસ્ત્રોના બ્રાહ્મણ લેખકો દ્વારા પણ સ્વીકારાઈ છે. આથી તેમણે વિવિધ જાતિ કે જ્ઞાતિઓના મૂળ વિશે કાલ્પનિક ખુલાસા આપીને સમાજમાં તેમનો દરજ્જો નક્કી કરવાના પ્રયાસો કર્યા હતા. તેમણે સૂચવ્યું કે કેટલીક જાતિઓ કે જૂથો વર્ણસંકર કે આંતરવિવાહથી ઉદ્ભવ્યાં છે. પ્રાગ્ ગુપ્તકાળના, ગ્રીક સાઈથીઅન મૂળનાં કેટલાંક વિદેશી શાસકકુળોને વ્રાત્યક્ષત્રિય (અર્ધ ક્ષત્રિય) દરજ્જો આપવામાં આવ્યો, કારણ કે તેમને શુદ્ધ ક્ષત્રિય મૂળના ગણી ન શકાય. એ જ પ્રમાણે જે આદિવાસી જૂથો બ્રાહ્મણ સમાજમાં ભળી ગયા હતા તેમને માટે બનાવટી મૂળ વિચારવામાં

આવ્યા.

આપદ્ધર્મ એટલે કે સંકટસમયે અનુસરવાના વર્તન વિશે પણ ધર્મશાસ્ત્રો કહે છે. એટલે કે વર્ણોને જરૂર જણાઈ ત્યારે તેમને માટે નિયત ન થયા એવા વ્યવસાયો કરતા અને ફરજો બજાવતા. વ્યવસાયની બાબતોમાં પણ ધર્મશાસ્ત્રો સ્વીકારે છે કે વાસ્તવિક સમાજ આદર્શ સમાજ કરતાં જુદો હતો. આ ફેરફારો ગુપ્તકાળથી ઘણા પહેલાંથી શરૂ થયા હતા., પરંતુ હિંદના જુદા જુદા ભાગોમાં બ્રાહ્મણોના ફેલાવાની સાથોસાથ સામાજિક માળખું, ઘણું જટિલ થયું હતું. નવા સમાજે ઘણાં સામાજિક જૂથોને સમાવવાનાં હતાં. પ્રદેશે પ્રદેશે વાસ્તવિક સામાજિક માળખું બદલાવા માંડ્યું હતું. જોકે તેમના કેટલાક આદર્શો સમાન હતા.

* બ્રાહ્મણો શુદ્ધતમ હોવાનું સ્વીકારાયું અને તેથી તેમનો વર્ણ ઉચ્ચતર ગણાયો. તે સંસ્કૃતસંબંધી વિદ્યા સાથે સંકળાયેલા હતા અને પુરોહિતોનાં કાર્યો કરતા હતા. તેથી તેઓ શાહી સત્તાની ખૂબ નિકટ આવવા માંડ્યા. જે રાજાઓ બૌદ્ધ, જૈન કે અન્ય કોઈ ખાસ સંપ્રદાયનું સમર્થન કરતા હોય તે પણ બ્રાહ્મણોને ખાસ તો વિદ્વાન બ્રાહ્મણોને પ્રોત્સાહન આપતા. બ્રાહ્મણોની પ્રતિષ્ઠા અને આર્થિક સમૃદ્ધિ માટેનાં મહ વનાં કારણોમાંનું આ એક હતું.

* આદર્શ રીતે ચાર વર્ણ હતા, છતાં એવા પણ કેટલાંક જૂથો હતાં જેમને આ વ્યવસ્થાની બહાર રાખવામાં આવ્યાં હતાં. અંત્યજો(અસ્પૃશ્યો)ને અશુદ્ધ ગણવામાં આવતા. તેમનો સ્પર્શ પણ અશુદ્ધ ગણાતો. ઉચ્ચ વર્ણો જે વિસ્તારોમાં વસતા હોય કે અવરજવર કરતા હોય તે વિસ્તારોમાં તેમની ઉપસ્થિતિ માન્ય ન હતી. ચાંડાલ, ચર્મકારો અને એવાં જૂથો અશુદ્ધ અને બહિષ્કૃત ગણાતાં. આમ, બ્રાહ્મણોએ વિચારેલી સમાજવ્યવસ્થામાં ઘણા સામાજિક જૂથો ઘૃણાપાત્ર રહ્યાં હતાં.

* ઉચ્ચ વર્ણોની મહિલાનું સ્થાન નીચું હતું. વાકાટક રાણી પ્રભાવતી ગુપ્ત જેણે નોંધપાત્ર આધિપત્ય ભોગવ્યું હતું. એનાં જેવાં વ્યક્તિત્વો વિશે આપણે સાંભળીએ છીએ, પરંતુ બધી સ્ત્રીઓને એવા વિશેષાધિકાર ન હતા. બ્રાહ્મણ રચનાએ સ્ત્રીઓએ અનુસરવાનાં ધારાધોરણો નિયત કર્યાં હતાં. કુટુંબમાં સ્ત્રીઓએ મુખ્યત્વે આદર્શ પત્ની અને આદર્શ માતા તરીકે વર્તવાનું અપેક્ષિત હતું. ઘણી બ્રાહ્મણ રચનાઓમાં કેટલાંક કારણોસર સ્ત્રીઓ શૂદ્રો જેવી જ કક્ષાની ગણાઈ હતી. બ્રાહ્મણોને નિયમિત રીતે ભૂમિદાન અપાતું હતું પરંતુ બ્રાહ્મણ સ્ત્રીઓને ભૂમિદાન અપાયાના પુરાવા મળતા નથી એ નોંધપાત્ર છે.

સમાજજીવનનું બીજું એક પાસું હતું - ધનિક નગર-વાસીઓ અને ગ્રામીણ પ્રજાની રહેણીકરણી વચ્ચેના મોટા તફાવતનું. આદર્શ નગરવાસી-નગરક (શહેરી) પોતાની સમૃદ્ધિને કારણે મોજશોખ અને સંસ્કારસંપન્ન સભ્યતાનું જીવન જીવતો. વાત્સાયનના કામસૂત્ર ઉપરાંત આ કાળનાં અન્ય સાહિત્યિક લખાણોમાં પણ આ પ્રકારના જીવનનાં રસપ્રદ વર્ણનો છે. જોકે નગરોમાં વસતા તમામ વર્ગોની પ્રજા આવું જીવન જીવી શકતી એમ માની લેવું પણ ખોટું ગણાશે.

**તમારી પ્રગતિ ચકાસો (ગ)**

(1) નીચેનાં પૈકીનું કયું વિધાન સાચું(✓) કે ખોટું (✗) છે ?

(ક) ગુપ્તકાળથી બ્રાહ્મણો રાજાઓ પર નોંધપાત્ર પ્રભાવ પાડતા હતા.

(ખ) ગુપ્તકાળ દરમિયાન વાસ્તવિક સમાજ આદર્શ સમાજ કરતાં જુદો હતો.

(ગ) વર્ણવ્યવસ્થામાં અંત્યજ ઉચ્ચતમ હતા.

(ઘ) નગરવાસી અને ગામવાસીના જીવન સરખાં હતાં.

(2) વર્ણવ્યવસ્થામાં પરિવર્તનો વિશે દસ વાક્યમાં ચર્ચા કરો.

......................................................................................................
......................................................................................................
......................................................................................................
......................................................................................................
......................................................................................................
......................................................................................................
......................................................................................................
......................................................................................................
......................................................................................................
......................................................................................................

## 33.5 સારાંશ

આ એકમમાં ગુપ્ત વહીવટ, અર્થવ્યવસ્થા અને સમાજ વ્યવસ્થાનાં કેટલાંક પાસાંઓનો અભ્યાસ કરીને આપણે જોયું કે અગાઉના કાળની તુલનાએ તેમાં નોંધપાત્ર ફેરફારો થયા હતા. રાજત્વનું એક મહત્ત્વનું પાસું એ હતું કે રાજાઓ ગુપ્ત રાજાનું આધિપત્ય એક વાર સ્વીકારે એટલે તે પોતાના પ્રદેશમાં રાજા તરીકે ચાલુ રહેતા. કૃષિ-ઉત્પાદન વિશે ઘણી ચિંતા સેવાતી હતી. આ કાળ દરમિયાન સિંચાઈને અપાયેલી અગ્રિમતા પરથી આ બાબત ફલિત થાય છે. ધર્મદેયને ભૂમિદાન કરવાની પ્રથા સામાન્ય બની હતી. બ્રાહ્મણો રાજા પર નોંધપાત્ર પ્રભાવ ધરાવતા હતા. કિસાનોની સ્થિતિમાં વિષમતા હતી. ધનિકોની સરખામણીમાં સાધારણ કિસાનની સ્થિતિ ઘણી નીચી ગઈ હતી. એ જ પ્રમાણે, વિવિધ પ્રકારના કારીગરોના આર્થિક અને સામાજિક દરજ્જામાં તફાવત હતો. આ કાળ દરમિયાન વેપારવણજ ચાલુ હતો, છતાં હુન્નર ઉદ્યોગોમાં પડતી થઈ હતી. સમાજમાં વર્ણવ્યવસ્થા ચાલુ હતી. છતાં જુદાં જુદાં વિદેશી શાસકકુટુંબો વર્ણવ્યવસ્થામાં ભળી ગયાં હતાં.વળી, ઘણાં જૂથો વર્ણવ્યવસ્થામાંથી બાકાત રખાયાં હતાં અને તે અસ્પૃશ્યો ગણાતાં હતાં. સમાજમાં સ્ત્રીનું સ્થાન ઘણું નીચું ગયું હતું.

## 33.6 'તમારી પ્રગતિ ચકાસો' ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(1) (ક)ખોટું (ખ) ખરું (ગ) ખોટું (ઘ) ખરું (ચ) ખોટું

(2) જુઓ પેટા વિભાગ 33.2.4

(3) તમારા ઉત્તર માટે પેટા વિભાગ 33.2.1 નો આધાર લો.

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(1) (ક) ક્ષેત્ર (ખ) બની હતી. (ગ) પીડાયો (ઘ) સ્કંદગુપ્ત

(2) તમારા ઉત્તર માટે પેટા વિભાગ 33.3.1 નો આધાર લો.

(3) પેટા વિભાગ 33.3.2 ના પહેલા બે ફકરા સાથે તુલના કરી તમારો ઉત્તર ચકાસો.

**તમારી પ્રગતિ ચકાસો-(ગ)**

(1) (ક) ખરું (ખ) ખરું (ગ) ખોટું (ઘ) ખોટું

(2) વિભાગ 33.4 વાંચીને તમારો ઉત્તર ચકાસો.

# એકમ 34 ઉત્તર હિંદમાં અનુ-ગુપ્ત રાજ્યો (Post-Gupta kingdoms in North India)

## રૂપરેખા

34.0 ઉદ્દેશો
34.1 પ્રસ્તાવના
34.2 પ્રાદેશિક સત્તાઓ
34.2.1 યશોધર્મન
34.2.2 મૌખરિઓ
34.2.3 ઉત્તરકાલીન ગુપ્તો
34.3 થાણેશ્વર અને કનોજના પુષ્યભૂતિઓ
34.4 હર્ષવર્ધન
34.5 અનુ-હર્ષ કાળમાં ઉત્તર હિંદની રાજકીય સ્થિતિ
34.6 સારાંશ
34.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 34.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે–

* ગુપ્ત સામ્રાજ્યના વિભાજન પછી થયેલાં રાજકીય પરિવર્તનો વિશે શીખશો.
* ધીમે ધીમે મહત્ત્વ મેળવતી જતી કેટલીક શાસકીય સત્તાઓના ઉદય વિશે જાણશો.
* થાણેશ્વર અને કનોજના પુષ્યભૂતિઓની સત્તાના ઉદ્ભવ અને ફેલાવા વિશે ચર્ચા કરી શકશો.
* રાજા હર્ષના શાસનકાળ દરમિયાનની કેટલીક ઘટનાઓ વિશે જાણશો.
* હર્ષની વહીવટ-વ્યવસ્થા વિશે શીખશો. અને
* હર્ષના મૃત્યુ પછીના ઉત્તર હિંદની રાજકીય સ્થિતિ વિશે જાણશો.

## 34.1 પ્રસ્તાવના


ઈ.સ.ની છઠ્ઠી સદીમાં ગુપ્ત સામ્રાજ્યનું વિભાજન થવાથી નાનાં-નાનાં ઘણાં રાજ્યો વિસ્તરવા માંડ્યાં. કેટલાક પ્રદેશોમાં નવાં રાજ્યો ઉદય પામ્યાં. અન્ય વિસ્તારોમાં જે વંશોએ અગાઉ ગુપ્ત આધિપત્ય સ્વીકાર્યું હતું તેમણે હવે પોતાને સ્વતંત્ર ઘોષિત કર્યા. ઉદાહરણ તરીકે, યશોધર્મા જેવા રાજાઓ તથા મૌખરીઓ, હૂણો અને મગધના ઉત્તરાકાલીન ગુપ્તોની નવી સત્તાઓ અસ્તિત્વમાં આવી. તદુપરાંત પુષ્યભૂતિઓ, ગૌડો, વર્મનો અને મૈત્રકોનું પણ મહત્ત્વ વધ્યું. આ એકમમાં આવાં રાજ્યોના શાસકીય ઇતિહાસની સંક્ષિપ્ત રૂપરેખા આપવાનો પ્રયાસ કરીશું. પુષ્યભૂતિ કુળના હર્ષવર્ધનના શાસનમાં વહીવટી તંત્ર, બૌદ્ધ ધર્મને શાસકીય પ્રોત્સાહન વગેરે જેવાં અન્ય પાસાંઓની માહિતી પણ જોઈશું.

## 34.2 પ્રાદેશિક સત્તાઓ (The Regional Powers)

એક શક્તિશાળી સત્તાના અભાવે વિવિધ પ્રદેશોમાં અનેક પ્રાદેશિક સત્તાઓનો ઉદય થયો હતો. જુદા જુદા વંશોની આવી સત્તાઓએ પોતાનાં રાજ્યો સ્થાપ્યાં. તે અવારનવાર પરસ્પર યુદ્ધ કરતાં. અહીં આપણે એમાંની કેટલીક સત્તાઓનો સંક્ષિપ્ત ઉલ્લેખ કરીશું.

### 34.2.1 યશોધર્મન (Yasodharman)

કુમારગુપ્ત પહેલાના શાસનકાળ દરમિયાન તેનો એક સામંત બંધુવર્મન પશ્ચિમ માળવાના મહત્ત્વના કેન્દ્ર મંદસૌર પર રાજ કરતો હતો. તે અઉલીકર કુળનો હતો. આ કુળનું શાસન કદાચ ઈ.સ.ની છઠ્ઠી સદીની શરૂઆત સુધી હતું. મધ્ય પ્રદેશના મંદસૌરમાંના બે શિલાસ્તંભ-અભિલેખો છે. તેમાંનો એક ઈ.સ. 532નો છે. તેમાં યશોધર્મનનો એક પ્રતાપી રાજા તરીકે નિર્દેશ છે. આ બે સ્તંભ-અભિલેખોમાંના એકમાં યશોધર્મનના વિજયોના હેવાલ છે. અભિલેખમાં તેને એવા વિજેતા તરીકે વર્ણવાયો છે, જેણે ગુપ્તો પણ નહોતા જીતી શક્યા એવા પ્રદેશો જીત્યા હતા. જોકે તેમાં મિહિરકુળ સિવાયની પરાજિત સત્તાઓના ઉલ્લેખ નથી. યશોધર્મન આશરે ઈ.સ. 528 માં સત્તાધીશ થયો હશે અને તેણે ઈ.સ. 532 (મંદસૌર અભિલેખનો સમય) સુધી રાજ કર્યું હશે એવું જણાય છે. તેની સત્તા ઈ.સ. 543 સુધી લુપ્ત થઈ ગઈ હશે.



5. યશોધર્મનનો મંદસોર અભિલેખ

### 34.2.2 મૌખરિઓ (The Maukharis)

મૌખરિઓનું એક પુરાણું કુળ હશે કારણ કે આપણને પતંજલિની રચનાઓ અને અગાઉના અન્ય પ્રલેખો (Documents)માં તેના નિર્દેશ જોવા મળે છે. ઈ.સ. 554ના હર્ષ અભિલેખમાં એ કાળ દરમિયાન ગયાના યજ્ઞવર્મનનો ઉદય થયાનો ઉલ્લેખ છે. એ પરથી જણાય છે કે ઈ.સ.ની પાંચમી સદીના અંતમાં મૌખરિઓએ સત્તા હાંસલ કરવા માંડી હશે. બરાબર અને નાગાર્જુની અભિલેખોમાં ત્રણ મૌખરિ રાજાઓનાં નામો પણ છે. આ રાજાઓએ કનોજના તેમના અનુગામીઓથી આશરે 150 વર્ષ પહેલાં રાજ કર્યું હતું.

યજ્ઞવર્મન, શાર્દૂલવર્મન અને અનંતવર્મન એ પહેલા ત્રણ મૌખરિ રાજાઓ છે. એમાંના કેટલાક રાજાઓએ માત્ર સામંતનું બિરુદ ધારણ કર્યું હતું. દર્શાવે છે કે તેઓ ગુપ્તોના આધિપત્ય સ્વીકારીને ખંડિયા તરીકે શાસન કરતા હતા.

અસિરગઢ તામ્રશાસનમાંથી જેમણે કનોજ (યુ.પી.) પર શાસન કર્યું હતું તેવા રાજાઓનાં નામો (1) હરિવર્મન, (2) આદિત્યવર્મન, (3) ઈશ્વરવર્મન, (4) ઈશાનવર્મન, (5) સર્વવર્મન મળે છે. આમાંના પહેલા ત્રણ રાજાઓને મહારાજા અને ઈશાનવર્મનને મહારાજાધિરાજ બિરુદ હતું.

ઈશાનવર્મને કદાચ એક સ્વતંત્ર રાજ્ય શરૂ કર્યું હતું. અગાઉના મૌખરિ રાજાઓએ ઉત્તરકાલીન ગુપ્તો સાથે કૌટુંબિક સંબંધો બાંધ્યા હતા. જોકે ઈશાનવર્મને પોતાને સ્વતંત્ર ઘોષિત કરતાં ઉત્તરકાલીન ગુપ્તો અને મૌખરિઓ વચ્ચેના સંબંધો વણસ્યા હશે, કારણ કે મગધના ઉત્તરકાલીન ગુપ્તકાળના ચોથા રાજા કુમારગુપ્તે ઈશાનવર્મન

પર જીત મેળવ્યાનું અપસાડ અભિલેખ પરથી જણાય છે. તેમ છતાં તે વંશે પોતાનું શાસન ચાલુ રાખ્યું હશે.

ઈશાનવર્મનનો બીજો પુત્ર સર્વવર્મન ઉત્તરકાલીન ગુપ્તવંશના દામોદરગુપ્તને હરાવીને મૌખરિઓએ ગુમાવેલી પ્રતિષ્ઠા પુનઃ પ્રાપ્ત કરવામાં સફળ રહ્યો હતો. છેલ્લો મૌખરિ રાજા ગ્રહવર્મન હતો. તેણે થાણેશ્વરના પ્રભાકરવર્ધનની દીકરી અને પ્રખ્યાત રાજા હર્ષવર્ધનની બહેન રાજ્યશ્રી સાથે લગ્ન કર્યાં હતાં. માળવાના રાજા દેવગુપ્તે કનોજ આક્રમણ કરીને ગ્રહવર્મનને મારી નાખ્યો હતો. આમ, મૌખરિ શાસનનો અંત આવ્યો હતો. અર્વાચીન ઉ ાર પ્રદેશ અને મગધના ભાગો પર મૌખરિઓ રાજ્ય કરતા હતા. પરંતુ અનેક યુદ્ધો થયેલાં. તેમના પરાજયો અને વિજયોને કારણે તેમના રાજ્યની સરહદો બદલાતી રહી હતી.

## 34.2.3 ઉત્તરાકાલીન ગુપ્તો (The Later Guptas)

લગભગ ઈ.સ.ની છઠ્ઠી સદીના મધ્યથી શરૂ કરીને આશરે ઈ.સ. 675 સુધી મગધ પર શાસન કરનારા રાજાઓ મગધ ગુપ્તો અથવા ઉત્તરકાલીન ગુપ્તો તરીકે ઓળખાયા. જોકે અગાઉના કાળના મહાપ્રતાપી ગુપ્તો સાથે તેમનો શો સંબંધ હતો તે સ્પષ્ટ નથી.

ગયાના અપશદ અભિલેખ પરથી 8 ગુપ્તસમ્રાટોનાં નામ મળે છે :

(1) કૃષ્ણગુપ્ત (2) હર્ષગુપ્ત (3) જીવિતગુપ્ત
(4) કુમારગુપ્ત (5) દામોદરગુપ્ત (6) મહાસેનગુપ્ત
(7) માધવગુપ્ત (8) આદિત્યસેન

ઉત્તરકાલીન ગુપ્તોએ સંમકાલીન શાસક કુટુંબો સાથે વૈવાહિક સંબંધ બાધ્યા હતા. ઉદાહરણ તરીકે, હર્ષગુપ્તે પોતાની બહેન એક મૌખરિ રાજાને પરણાવી હતી. આ સમગ્ર કાળ દરમિયાન ઉત્તરકાલીન ગુપ્તો એક યા બીજા શત્રુ સાથે લડાઈમાં રોકાયેલા રહ્યા હતા. ઉદાહરણ તરીકે, હર્ષગુપ્તે હૂણો સાથે લડવું પડ્યું હતું; તેનો પુત્ર જીવિતગુપ્ત નેપાળના લિચ્છવીઓ અને બંગાળના ગૌડો સાથે લડ્યો; અને જીવિતગુપ્તનો ઉત્તરાધિકારી રાજા કુમારગુપ્તે મૌખરિ રાજા ઈશાનવર્મનને હરાવ્યો.

તે પછીના રાજા કુમારગુપ્તના પુત્ર, દામોદરગુપ્તને મૌખરિ રાજા સર્વવર્મને હરાવીને મારી નાખ્યો અને દામોદર ગુપ્તે મગધનો એક ભાગ ગુમાવ્યો. દામોદરગુપ્તના અનુગામીઓએ, મૌખરિઓને કારણે થોડા સમય માટે માળવા પીછેહઠ કરી હતી. પરંતુ તેમણે ફરીથી મગધમાં સર્વોપરીતા સ્થાપી દીધી હતી.

ઈ.સ.672માં મગધ પર શાસન કરનારો આદિત્યસેન એ સૌથી બળવાન ઉત્તરકાલીન ગુપ્ત રાજા હતો. એના અભિલેખોમાંથી એકમાં ઈ.સ.672 નો ઉલ્લેખ છે. ઉત્તરકાલીન ગુપ્ત સત્તા હર્ષવર્ધનના સામ્રાજ્યમાં પણ ટકી રહી હતી. આદિત્યસેને અશ્વમેધ યજ્ઞ કરીને પોતાના રાજ્યારોહણને ઉલ્લેખનીય બનાવ્યું હતું. અપસાડ અભિલેખ મુજબ તેના સામ્રાજ્યમાં મગધ, અંગ અને બંગાળનો સમાવેશ થતો હતો. પૂર્વીય ઉત્તર પ્રદેશના એકાદ ભાગનો પણ એના રાજ્યમાં સમાવેશ થયો હોય. તે એક પરમ-ભાગવત હતો. તેણે વિષ્ણુનું એક મંદિર બંધાવ્યું હતું.

બંગાળના ગૌડોની સત્તા પશ્ચિમ તરફ વિસ્તરતા ઉત્તરકાલીન ગુપ્ત શાખાનો અંત આવ્યો. જોકે કનોજના યશોવર્મને ગૌડોને હરાવ્યા હતા.

ઉપર્યુક્ત અનુ-ગુપ્ત કાળમાં રાજવંશીય સત્તાઓ ઉપરાંત બીજાં મહત્ત્વનાં રાજ્યોનો પણ ઉદય થયો હતો :

* ગુજરાતમાં વલભીના મૈત્રકો
* રાજપૂતાના અને ગુજરાતમાં ગુર્જરો
* બંગાળમાં ગૌડો
* કામરૂપ(આસામ)માં વર્મનો
* ઓરિસામાં માન અને શૈલોદ્ભવ કુળો

વલભીના મૈત્રક રાજાઓ શરૂઆતમાં મહાપ્રતાપી ગુપ્તોના આધિપત્ય હેઠળ હતા. તેમણે ક્રમશઃ પોતાની સર્વોપરીતા સ્થાપી હતી. ગુર્જર રાજ્યનો સ્થાપક હરિચંદ્ર હતો. તેના ઉત્તરાધિકારીઓએ લગભગ ઈ.સ. 640 સુધી શાસન કર્યું હતું. ઉત્તર અને વાયવ્ય બંગાળના પ્રદેશ - ગૌડ પર, હર્ષવર્ધનના સમકાલીન અને મુખ્ય પ્રતિસ્પર્ધી શશાંકનું શાસન હતું. ઈ.સ.ની સાતમી સદીની શરૂઆતના સમયમાં ગૌડ એક સ્વતંત્ર રાજ્ય હતું. ગુપ્ત શાસક સમુદ્રગુપ્તની સિદ્ધિઓનો પ્રયાગપ્રશસ્તિમાં આસામમાં બે રાજ્યોનો નિર્દેશ છે : કામરૂપ અને દેવક. આસામના સૌ પ્રથમ ઐતિહાસિક રાજકુળના પુષ્યવર્મને ઈ.સ.ની ચોથી સદીના મધ્યમાં કામરૂપ રાજ્ય સ્થાપ્યું હતું. ત્યારથી કામરૂપ એ ઈશાન ભારતનો મહત્ત્વનો રાજકીય પ્રદેશ બન્યું હતું. આ કુળની બાર પેઢીઓએ

છેક ભાસ્કરવર્મનના સમય સુધી શાસન કર્યું. ભાસ્કરવર્મન કનોજના હર્ષવર્ધનનો સમકાલીન તેમ જ મિત્ર હતો. તેણે ઈ.સ.ની સાતમી સદીના પૂર્વાર્ધમાં રાજ કર્યું હતું.

ઓરિસાના કેટલાક સ્થાનિક શાસકોએ ગુપ્તવંશના અંત સમયે મહાપ્રતાપી ગુપ્તો પ્રત્યે પોતાની નિષ્ઠા દર્શાવી હતી. આમ છતાં ઈ.સ.ની છઠ્ઠી સદીના ઉત્તરાર્ધમાં ઓરિસામાં બે સ્વતંત્ર રાજ્યો ઉદ્‌ભવ્યાં હતાં. એક હતું માન રાજ્ય - જે બાલાસોરથી પુરી જિલ્લા સુધી વિસ્તરેલું હતું. બીજું હતું કોંગોડાનું શૈલોદ્‌ભવ રાજ્ય - જે ચિલ્કા સરોવરથી ગંજમ જિલ્લાના મહેન્દ્રગિરિ પર્વતો સુધી વિસ્તરેલું હતું. બંગાળના શશાંક અને કનોજના હર્ષવર્ધનના ઉદયને કારણે આ બંને રાજ્યોને ધક્કો લાગ્યો હતો.

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(1) ઈ.સ.ની છઠ્ઠી સદીમાં ઉત્તર ભારતમાં શાસન કરતી મુખ્ય-મુખ્ય ગૌણ સત્તાઓની યાદી બનાવો અને તેમના પ્રદેશોનાં નામ આપો.

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

(2) નીચેનાં વિધાનો પૈકીનું કયું સાચું (✓) કે ખોટું (✗) છે ?

(ક) મંદસોરનો શિલાસ્તંભ-અભિલેખ કુમારગુપ્ત પહેલાના શાસનનો નિર્દેશ કરે છે.

(ખ) મૌખરિ રાજાઓ ગયા પર શાસન કરતા હતા.

(ગ) સૌથી બળવાન મૌખરિ રાજા હતો - આદિત્યવર્મન.

(ઘ) ઉત્તરકાલીન ગુપ્તોને મહાપ્રતાપી ગુપ્તો સાથે સંબંધો હતા તે સ્પષ્ટ છે.

## 34.3 થાણેશ્વર અને કનોજના પુષ્યભૂતિઓ (The Pushyabhutis of Thaneshwar and Kanauj)

અનેકવિધ માહિતીસ્રોતો આપણને પુષ્યભૂતિ કુળના ઉદય વિશે માહિતી આપે છે. તેમણે શરૂઆતમાં થાણેશ્વર(હરિયાણા)માંથી અને પાછળથી કનોજ (ઉત્તર પ્રદેશ)માંથી શાસન કર્યું હતું. આ માહિતીસ્રોતોમાં બાણભટ્ટની રચના **હર્ષચરિત**, હ્યુએન-સંગનાં વૃ ાંતો, કેટલાક અભિલેખો અને સિક્કા વગેરેનો સમાવેશ થાય છે. બાણભટ્ટ આપણને જણાવે છે કે થાણેશ્વરમાં વંશનો સ્થાપક રાજા પુષ્યભૂમિ હતો. તે કુળ **પુષ્યભૂતિ વંશ** તરીકે ઓળખાયું. જોકે હર્ષના અભિલેખોમાં તેનો નિર્દેશ નથી. બાંસખેડા અને મધુવન તકતીઓ અને રાજમુદ્રાઓમાં શરૂઆતના પાંચ રાજાઓના ઉલ્લેખ છે. તેમાંના પહેલા ત્રણને મહારાજા બિરુદ અપાયું છે. આ દર્શાવે છે કે તે સર્વસત્તાધીશ સમ્રાટો ન હતા. ચોથા રાજા પ્રભાકરવર્ધનનું વર્ણન મહારાજાધિરાજ તરીકે છે. તેના પરથી અનુમાન થઈ શકે કે તે એક સ્વતંત્ર સમ્રાટ હતો. તેણે પોતાની પુત્રી રાજ્યશ્રીનું ગ્રહવર્મન સાથે લગ્ન કરાવીને મૌખરિઓ સાથે વૈવાહિક સંબંધો બાંધ્યા હતા.

આ સમય દરમિયાન (લગભગ ઈ.સ. 604) થાણેશ્વર પર પશ્ચિમ બાજુએથી હૂણોના આક્રમણનો ભય હતો. બાણભટ્ટે પ્રભાકરવર્ધનને ''હૂણ હરણો સામે સિંહ સમાન'' વર્ણવ્યો છે. બાણભટ્ટ મુજબ હૂણોને હરાવવા માટે રાજ્યવર્ધનને એક સેના સાથે મોકલવામાં આવ્યો હતો. પરંતુ તેના પિતા અચાનક બીમાર થતાં તેણે પાછા ફરવું પડ્યું હતું. પ્રભાકરવર્ધનના મૃત્યુ પછી થોડો સમય તે કુળને પ્રતિકૂળ સંજોગોનો સામનો કરવો પડ્યો હતો. માલવ રાજાએ ગ્રહવર્મનને મારી નાંખી રાજ્યશ્રીને કેદ કરી હતી. માલવ અને ગૌડ રાજાઓએ સંધિ કરી અને થાણેશ્વરને પણ ખતરો થયો. રાજ્યવર્ધને માલવોને હરાવ્યા પરંતુ તેને ગૌડ રાજા શશાંકે દગાથી મારી નાંખ્યો. હવે વેર લેવાની જવાબદારી હર્ષ પર આવી. સમય જતાં તે એક શક્તિશાળી સામ્રાજ્ય સ્થાપી શક્યો હતો.

## 34.4 હર્ષવર્ધન (Harshavardhan)

ઈ.સ. 606ના અરસામાં હર્ષે થાણેશ્વરની ગાદી પર રાજ્યારોહણ કર્યું અને તરત જ ગૌડો તરફ કૂચ કરી. ગૌડ

રાજા શશાંક પ્રાગજ્યોતિષ (આસામ)ના રાજા ભાસ્કરવર્મન તેમ જ હર્ષવર્ધન બંનેનો શત્રુ હતો. આથી હર્ષે ભાસ્કરવર્મન સાથે સંધિ કરી. હર્ષે શશાંક સાથે લડાઈ કરી કે નહીં તે વિશે આપણને માહિતી ઉપલબ્ધ નથી. પરંતુ તે પોતાની બહેન રાજ્યશ્રીને બચાવી શક્યો હતો. થાણેશ્વર અને કનોજનાં રાજ્યો ભેગાં થઈ ચૂક્યાં હતાં અને હર્ષ કનોજમાંથી શાસન કરતો હતો. હકીકતમાં હ્યુએન-સંગના વૃ ાંતમાં તેનો અને તેના પુરોગામીઓનો કનોજના શાસકો તરીકે ઉલ્લેખ છે. બાણ અને હ્યુએન-સંગ બંનેએ અન્ય રાજાઓને હરાવવાની હર્ષની પ્રતિજ્ઞાનો નિર્દેશ કર્યો છે. ત્યાર બાદ હર્ષે પશ્ચિમમાં વલભીના શાસકો તેમ જ ગુર્જરો સાથે, દખ્ખણમાં ચાલુક્યો સાથે તથા પૂર્વમાં મગધ અને ગૌડ સાથે લડાઈ કરી હતી :

* ગુજરાતના સૌરાષ્ટ્રમાં વલભીના મૈત્રકોનો એક બળવાન સત્તા તરીકે ઉદય થયો હતો. (વલભી એટલે કે વાળા, ભાવનગરથી 18 માઈલ દૂર છે.) હર્ષના સમકાલીન એવા પાંચ વલભી રાજાઓનાં નામ મળે છે. હ્યુએન-સંગે વલભી રાજા ધ્રુવસેન બીજા બાલાદિત્યનો હર્ષના જમાઈ તરીકે ઉલ્લેખ કર્યો છે. તેણે હર્ષે ગયામાં યોજેલી ધર્મસભામાં પણ હાજરી આપી હતી. આ દર્શાવે છે કે હર્ષની વલભી સાથેની શત્રુતાનો અંત વૈવાહિક સંબંધને કારણે આવ્યો હતો. જોકે ગુર્જર રાજાઓના અભિલેખો દ્વારા જાણવા મળે છે કે ગુર્જર રાજા દદ્દા બીજાએ વલભીઓને ટેકો કર્યો હતો. હર્ષના રાજ્યકાળ દરમિયાન વલભીઓ શક્તિશાળી સત્તા તરીકે ચાલુ રહ્યા હતા.
* બાણના વર્ણન પરથી જાણવા મળે છે કે ગુર્જરો વર્ધનોના શત્રુ હતા. આ સમય દરમિયાન નંદીપુરી (ગુજરાતના ભરૂચ પ્રદેશ)માં ગુર્જર શાસકોના એક કુળનું શાસન હતું. તે કદાચ હર્ષના કાળમાં ચાલુ રહ્યું હતું. ઐહોળે અભિલેખમાં લાટ, માલવ અને ગુર્જરનો ચાલુક્ય રાજા પુલકેશી બીજાના સામંતો તરીકે નિર્દેશ છે. એ પરથી લાગે છે કે હર્ષથી બચવા માટે ગુર્જરોએ બદામી (કર્ણાટક)ના ચાલુક્યોનું આધિપત્ય સ્વીકાર્યું હતું.
* ઐહોળેમાં એક મંદિરની દીવાલ પર પુલકેશી બીજાની **પ્રશસ્તિ** છે. તેમાં હર્ષવર્ધન સામેના યુદ્ધમાં પુલકેશીના વિજયનો પણ ઉલ્લેખ છે.

  હ્યુએન-સંગના વૃ ાંતમાં ઉલ્લેખ છે કે હર્ષે અનેક રાજ્યો પર વિજયો મેળવ્યા હતા. પરંતુ તે બદામી (કર્ણાટક)ના ચાલુક્ય શાસક પુલકેશી બીજાને હરાવી શક્યો ન હતો. એ બંને વચ્ચેની લડાઈની વિગતો કે એ લડાઈ ક્યાં થઈ હતી તેની વિગતો આપણી પાસે નથી. પરંતુ હર્ષ પુલકેશી બીજા પર વિજયી થઈ શક્યો ન હતો એ સ્પષ્ટ છે.

* હર્ષ તેના પૂર્વીય સંગ્રામોમાં વિજયી બન્યો હતો. એક ચીની વૃત્તાંતમાં તેનો ઈ.સ. 641માં મગધના રાજા તરીકે ઉલ્લેખ છે. આપણે કામરૂપ (આસામ)ના રાજા ભાસ્કરવર્મન સાથેની તેની સંધિ વિશે અગાઉ જોઈ ગયા. એ શક્ય છે કે તેમણે સાથે રહીને બંગાળમાં અને પૂર્વીય હિંદના અન્ય ભાગોમાં સંગ્રામો ખેડ્યા હોય.

* હર્ષને ચીનાઓ સાથે રાજદ્વારી સંબંધો હતા, કારણ કે તેના સમકાલીન સમ્રાટ ત 'આંગે હર્ષના દરબારમાં ત્રણ રાજદૂતો મોકલ્યા હતા. તેમાંનો છેલ્લો વાંગ-હ્યુએન-સે હેઠળ ઈ.સ. 647માં હિંદ આવ્યો હતો જ્યારે હર્ષ હયાત ન હતો. હર્ષે પણ એક બ્રાહ્મણ સંદેશા વાહકને ઈ.સ. 641માં ચીન મોકલ્યો હતો. હર્ષે 41 વર્ષ રાજ્ કર્યું હતું. કહેવાય છે કે આશરે ઈ.સ. 647માં તે મૃત્યુ પામ્યો હતો. હર્ષના શાસનમાં વહીવટી માળખું ગુપ્તોના સમયમાં પ્રચલિત પદ્ધતિનું કંઈક અંશે અનુસંધાન હતું. હ્યુએન-સંગ દર્શાવે છે કે હર્ષ પોતાના આખા રાજ્યમાં પ્રવાસો કરતો. રાજા સર્વસત્તાધીશ હતો. તેના મંત્રીઓ અને વિવિધ કક્ષાના અન્ય અધિકારીઓ તેને સહાય કરતા.

ઉદાહરણ તરીકે, મધુબન તામ્રપત્રમાં ઉપરીક (પ્રાંતીય ગવર્નર), સેનાપતિ દૂતક વગેરે જેવા કેટલાક અધિકારીઓનાં નામ છે. જોકે હર્ષના અભિલેખો, બાણનું **હર્ષચરિત** અને હ્યુએન-સંગનું વૃ ાંત એ બધા પરથી એટલું તો નિઃશંક છે કે વહીવટી અને સામ્રાજ્યની સ્થિરતા મહદંશે સામંતો અને મહાસામંતોના ટેકા પર આધારિત હતી. અધિકારીઓને રોકડમાં પગાર ચૂકવાતા ન હતા, એને બદલે તેમની સેવાઓની ચુકવણીરૂપે તેમને જમીન અપાતી. હ્યુએન-સંગને પોતાને પણ ડાકુઓએ લૂંટ્યો હતો. તે પરથી લાગે છે કે કાયદો અને વ્યવસ્થા આ કાળમાં શિથિલ થયાં હશે.

હર્ષના બાંસખેડા, નાલંદા અને સોનેપત અભિલેખો તેને શિવ-ભક્ત તરીકે વર્ણવે છે. જોકે પાછળથી તે બૌદ્ધ થયો હતો અને તેણે કનોજમાં સભા બોલાવી હતી. ત્યાં મહાયાનના સિદ્ધાંતોનો ખૂબ ચોક્કસાઈપૂર્વક પ્રચાર થયો હતો. હ્યુએન-સંગ મુજબ આ સભા અઢાર દિવસ ચાલી હતી. તેમાં અઢાર રાજાઓ અને ત્રણ હજાર સાધુઓએ હાજરી આપી હતી. હર્ષના શાસનકાળની બીજી આવી ઘટના હતી - પ્રયાગના પંચવાર્ષિક વિતરણ સમારંભ (Quinquennial distribution ceremony). હર્ષે તેનાં છેલ્લાં ત્રીસ વર્ષમાં આવા પાંચ સમારંભો કર્યા. તેમાં તે પાંચ વર્ષ દરમિયાન ભેગો થયેલો તમામ ખજાનો વહેંચી દેતો.

વિદ્વ ા અને વિદ્યાને આ કાળમાં શાહી પ્રોત્સાહન મળતું. નાલંદા વિદ્યાપીઠમાં દસ હજારથી પણ વધુ વિદ્યાર્થીઓ હતા. હર્ષે આ વિદ્યાપીઠને સો ગામ દાનમાં આપ્યાં હતાં.

## 34.5 અનુ-હર્ષ કાળમાં ઉત્તર હિંદની રાજકીય સ્થિતિ (Political Condition of North India in Post-Harsha Period)

હર્ષવર્ધને સ્થાપેલા સામ્રાજ્યનું માળખું ઘણું શિથિલ હતું. તેના મૃત્યુ પછી તે માળખુંયે પડી ભાગ્યું.


ચીની સમ્રાટે મોકલેલા રાજદૂત વાંગ-હ્યુએન- ત્સે એ હર્ષના મૃત્યુ પછી તરત બનેલી ઘટનાઓને લંબાણપૂર્વક વર્ણવી હતી. પરંતુ એ જેવો હિંદની સરહદે આવ્યો ત્યારે એને હર્ષના મૃત્યુના સમાચાર મળ્યા. એણે જણાવ્યું છે કે ચીની રાજદૂતનો પ્રવેશ અટકાવવા અર્જુને સૈન્ય મોકલ્યું હતું. વાંગ-હ્યુએન-ત્સે કોઈક રીતે છટકી ગયો. તે તિબેટમાંથી એક હજાર અને નેપાળમાંથી સાત હજારનું સૈન્ય લઈને અર્જુન સાથે લડાઈ કરવા પાછો આવ્યો. અર્જુન અને તેનું સૈન્ય હાર્યું અને કેદ થયાં. તે પછી અર્જુનની રાણીએ લડાઈ ચાલુ રાખી પણ તેય હારી. વાંગ અર્જુનને ચીન લઈ ગયો અને તેને પોતાના રાજા સમક્ષ હાજર કર્યો. જોકે આ વૃ ાંતની પ્રમાણભૂતતા વિશે કેટલાક વિદ્વાનોને શંકા છે.



૬. બાંસખેડા તકતી પર હર્ષના હસ્તાક્ષર



7. હર્ષની નાલંદામુદ્રા



૮. હર્ષનો સોનાનો સિક્કો

### અનુ-હર્ષ રાજવંશો

રાજા ભાસ્કરવર્મનના નિધાનપુર અભિલેખમાં કર્ણસુવર્ણમાં (બંગાળના મુર્શીદાબાદ જિલ્લામાં) તથા નજીકનાં સ્થળો પરના તેના શાસનનો ઉલ્લેખ છે. તે જ રીતે અફશાદ અભિલેખમાં મગધ પર આદિત્યસેનના શાસનનો ઉલ્લેખ છે.

કાશ્મીરમાં દુર્લભવર્મને કર્કોટ તરીકે ઓળખાતા વંશની સ્થાપના કરી. તેના પૌત્ર ચંદ્રપીડે કાશ્મીરમાં આરબોનો પ્રવેશ અટકાવ્યો હતો. આ વંશના બીજા એક રાજા - લલિતાદિત્ય મુક્તપીડે કનોજ પર આક્રમણ કરી અને યશોવર્મનને હરાવ્યો હતો. ચીની વૃ ાાંતો પરથી જણાય છે કે મુક્તપીડે પોતાના રાજ્યમાં કનોજને જોડી દેવાને બદલે યશોવર્મન સાથે સંધિ કરી હતી.

હર્ષના મૃત્યુનાં આશરે 75 વર્ષ પછી કનોજમાં યશોવર્મન સત્તા પર આવ્યો. તેણે ગૌડોને હરાવ્યા અને મગધ પણ જીતી લીધું. યશોવર્મન એક મહાન લડવૈયો હોવા ઉપરાંત વિદ્વાનોનો મહાન પુરસ્કર્તા હતો. તેનો દરબાર વાક્પતિ ભવભૂતિથી શોભતો હતો. વાક્પતિએ પ્રાકૃતમાં **ગઉડવહો** (ગૌડનો વધ), જ્યારે ભવભૂતિએ સંસ્કૃતમાં **માલતીમાધવ**, **મહાવીરચરિત** અને **ઉત્તરરામચરિત**ની રચનાઓ કરી હતી.

આ રાજકુળોમાંના ઘણાનું શાસન ઘણા ટૂંકા ગાળાનું હતું, છતાં આપણે એ યાદ રાખવું ઘટે કે આ કાળમાં હિંદ ઉપખંડના ઘણા પ્રદેશોમાં સ્થાયી રાજ્યમાળખાની શરૂઆત થઈ હતી. આ સમગ્ર-હિંદ સામ્રાજ્યો ન હતાં પરંતુ તે પ્રાદેશિક રાજકીય માળખાંની શરૂઆત દર્શાવતાં હતાં. આપણે જોયું કે કાશ્મીર ખીણમાં ઘણાં રાજવંશીય પરિવર્તનો થવા છતાં પહેલી વાર સ્થાનિક રાજ્યતંત્ર કાર્યરત થયું હતું. ઈ.સ. ની આઠમી સદીના મધ્યે બંગાળમાં પાલ સત્તાનો ઉદય થયો હતો. કેટલાક સૈકાઓ સુધી ચાલેલા તેમના શાસનથી એ પ્રદેશના રાજકીય ઇતિહાસમાં એક નવો તબક્કો નોંધાયો. તે જ રીતે રાજસ્થાન અને ગુજરાત સહિતના પશ્ચિમ હિંદમાં ગુર્જરો, પ્રતિહારો, ગુહિલો, ચાહમાનો જેવાં નવાં શાસકકુળોનો ઉદય થયો હતો. આ બધાં રાજપૂતોના વિવિધ વંશોનાં હોવાનું મનાય છે. તેમણે સદીઓ સુધી પશ્ચિમ હિંદના રાજકીય તખ્તા પર પ્રભુત્વ જાળવ્યું હતું. આમ, ગુપ્ત સ ાાની પડતી અને હર્ષના સામ્રાજ્યનો વિધ્વંસ એટલે રાજકીય અરાજકતાની શરૂઆત એવું નથી. આ સામ્રાજ્યોના અંત પછી પ્રાદેશિક સત્તાઓ એકત્રિત થઈ અને તેમણે તે પછીના કાળના ઇતિહાસમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(1) નીચેના પૈકીનું કયું વિધાન સાચું(✓) કે ખોટું(✗) છે ?

(ક) હ્યુએન-સંગ આરબ પ્રવાસી હતો.

(ખ) વલભીના મૈત્રકો એ સૌરાષ્ટ્રમાંની એક શક્તિશાળી સત્તા હતી.

(ગ) હર્ષે પુલકેશી બીજાને હરાવ્યો હતો.

(ઘ) હર્ષે બૌદ્ધ મહાસભા યોજી નહોતી.

(ચ) વાંગ-હ્યુએન-ત્સેના વૃ ાાંતની પ્રમાણભૂતતા વિશે કેટલાક વિદ્વાનોને શંકા છે.

(2) હર્ષના અન્ય સત્તાઓ સાથેના સંબંધો વિશે આશરે દસ વાક્ય લખો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(3) અનુ-હર્ષ કાળમાં ઉત્તર હિંદની રાજકીય સ્થિતિ કેવી હતી ? તમારો ઉત્તર આશરે દસ વાક્યોમાં આપો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 34.6 સારાંશ

ઉત્તર-ગુપ્તકાળમાં ઘણાં રાજ્યો અસ્તિત્વમાં આવ્યાં. આ રાજ્યો ગુપ્ત રાજ્યો જેટલાં મોટાં ન હતાં. આ રાજ્યોમાં શાસન કરતા રાજવંશોનું રાજકીય ભાવિ સમય સાથે બદલાતું રહેતું હતું. હર્ષ જેવા શક્તિશાળી રાજાઓ લગભગ આખું ઉત્તર હિંદ તેમની હકૂમત હેઠળ લાવી શક્યા હતા, પરંતુ તેમનાં રાજ્યો પણ ટૂંકા ગાળાના હતાં. જોકે સાથોસાથ એવું પણ જોવા મળે છે કે ઘણા પ્રદેશોમાં નવી શાસકીય સત્તાઓ ઉદ્ભવી હતી અને તે ઘણા સૈકાઓ સુધી ટકી રહી હતી. ઘણાં પ્રાદેશિક રાજ્યોની શરૂઆત આ કાળ દરમિયાન થઈ હતી. આમાંનાં ઘણાં રાજકુળોની સત્તા ટૂંકા ગાળાની હોવા છતાં આ કાળ દરમિયાન હિંદ ઉપખંડના ઘણા પ્રદેશોમાં સ્થાયી રાજ્ય માળખાંઓની શરૂઆત થઈ હતી, એ આપણે યાદ રાખવું જોઈએ. આ સમગ્ર હિંદ સામ્રાજ્યો ન હતાં, પરંતુ તે પ્રાદેશિક રાજકીય માળખાની શરૂઆત દર્શાવતાં હતાં. આપણે કાશ્મીર ખીણ વિશે પણ જોઈ ગયા. ત્યાં ઘણાં રાજવંશીય પરિવર્તનો થયાં છતાં પહેલી વાર સ્થાનિક રાજ્યતંત્ર કાર્યરત થયું હતું. બંગાળમાં પાલ સત્તાનો, ઈ.સ.ની આઠમી સદીના મધ્યથી, ઉદય થયો હતો. કેટલાક સૈકાઓ સુધી ચાલેલા તેમના શાસનથી એ પ્રદેશના રાજકીય ઇતિહાસમાં એક નવો તબક્કો નોંધાયો હતો. એ જ રીતે રાજસ્થાન અને ગુજરાત સહિતના પશ્ચિમ હિંદમાં ગુર્જર-પ્રતિહારો, ગુહીલો, ચાહમાનો અને અન્ય નવાં શાસક કુળોનો ઉદય થયો હતો. તે બધાં રાજપૂતોના વિવિધ વંશોનાં હોવાનું મનાય છે. તેમણે સદીઓ સુધી પશ્ચિમ હિંદના રાજકીય તખ્તા પર પ્રભુત્વ જાળવ્યું હતું. આમ, ગુપ્ત સત્તાનું પતન અને હર્ષના સામ્રાજ્યનો વિધ્વંસ થવાથી રાજકીય અરાજકતાની શરૂઆત થઈ હતી એવું નથી. આ સામ્રાજ્યોના અંત પછી, પ્રાદેશિક સત્તાઓએ એકત્રિત થઈને તે પછીના ઇતિહાસમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

## 34.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(1) તમારા ઉત્તર માટે વિભાગ 34.2નો આધાર હતો.

(2) (ક) ખોટું (ખ) ખરું (ગ) ખોટું (ઘ) ખોટું

**તમારી પ્રગતિ ચકાસો-(ખ)**

(1) (ક) ખોટું (ખ) ખરું (ગ) ખોટું (ઘ) ખોટું (ચ) ખરું

(2) જુઓ વિભાગ 34.4

(3) વિભાગ 34.5ના વિષયવસ્તુ સાથે તમારા ઉત્તરની તુલના કરો.

# એકમ 35 દખ્ખણ અને દક્ષિણ હિંદનાં રાજ્યો
# (Kingdoms in the Deccan and South India)

## રૂપરેખા

35.0 ઉદ્દેશો
35.1 પ્રસ્તાવના
35.2 ઈ.સ.ની છઠ્ઠી સદીના મધ્ય સુધીની દખ્ખણની રાજકીય સ્થિતિ
 35.2.1 વિદર્ભ
 35.2.2 કર્ણાટક
 35.2.3 પૂર્વ દખ્ખણ
 35.2.4 દક્ષિણ કર્ણાટક
35.3 દક્ષિણ હિંદની રાજકીય સ્થિતિ
35.4 ચાલુક્યો, પલ્લવો અને પાંડ્યોનો ઉદય
 35.4.1 ચાલુક્યો *
 35.4.2 પલ્લવો
 35.4.3 પાંડ્યો
 35.4.4 અન્ય સત્તાઓ
35.5 વિવિધ સત્તાઓ વચ્ચેના સંઘર્ષો
 35.5.1 નાના રાજાઓની ભૂમિકા
 35.5.2 રાજકીય સંઘર્ષોનાં અન્ય પરિમાણો
 35.5.3 અન્ય દેશો સાથેના સંબંધો
 35.5.4 કરળ
35.6 રાજકીય સંગઠન
 35.6.1 રાજા અને વહીવટનું ઉચ્ચ સ્તર
 35.6.2 વહીવટી એકમો
 35.6.3 સ્થાનિક સંઘો
35.7 વિવિધ કક્ષાના શાસકો વચ્ચેના સંબંધો
35.8 સારાંશ
35.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબ
35.10 કેટલાંક ઉપયોગી પુસ્તકો

## 35.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે જાણી શકશો :

* દખ્ખણ અને દક્ષિણ હિંદમાં ઉદય પામેલાં રાજ્યો ખાસ તો બદામીના ચાલુક્યો અને કાંચીના પલ્લવો વિશે.
* આ રાજ્યો વચ્ચેના સંબંધો વિશે.
* આ કાળના રાજકીય ઇતિહાસને સમજવામાં ભૂગોળની ભૂમિકા.
* આ રાજ્યો પર પ્રજામાં કેવી રીતે શાસન થતું.

* દખ્ખણના કુળના રાજાઓ સામાન્ય રીતે 'ચાલુક્ય' તરીકે અને ગુજરાતના કુળના રાજાઓ ચૌલુક્ય તરીકેઓળખાતા, પરંતુ એ પરથી એ બે રાજવંશ ભિન્ન કુળના હોવાનું ફલિત થતું નથી. સંદર્ભ - ગુજરાતનારાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ- ગ્રંથ 4 સોલંકી કાલ, પૃ, 16, શેઠ ભો. જે. અધ્યયન-સંશોધનવિદ્યાભવન, 1976.

## 35.1 પ્રસ્તાવના

લોકો ઘણી વાર વિંધ્યથી દક્ષિણના હિંદને દક્ષિણ હિંદ અથવા દખ્ખણ કહે છે. આવો ભાગ લાંબા સમયથી પડેલો છે. છેક પ્રાચીન હિંદમાં પણ વિંધ્યની દક્ષિણનો વિસ્તાર **દક્ષિણાપથ** અથવા દક્ષિણ ક્ષેત્ર કહેવાતું. મધ્ય યુગમાં **દક્ષિણાનું દક્કન થયું**, જેમાંથી દખ્ખણપદ બન્યું. ઇતિહાસકારો અને ભૂગોળવિદોને તો દખ્ખણપદ દખ્ખણને દક્ષિણ હિંદના બાકીના ભાગથી અલગ દર્શાવવા માટે ઘણું ઉપયોગી થયું છે. દખ્ખણ મહારાષ્ટ્ર અને ઉત્તર કર્ણાટકનું બનેલું છે. તેમાં ગોદાવરી અને કૃષ્ણાના દ્વિ-મુખ પ્રદેશો (Double delta) સુધીનો વિસ્તાર આવી જાય. આ પ્રયોગને અનુસરીને આપણે વિંધ્યની દક્ષિણના બે પ્રદેશોને દખ્ખણ અને દક્ષિણ હિંદ કહીશું. જ્યારે બંને પ્રદેશો માટે 'દક્ષિણી હિંદ' પદ વાપરીશું. આથી તે ઉત્તરી હિંદથી પણ અલગ પડશે. આ વિસ્તારના ઇતિહાસ અને સમાજના અભ્યાસમાં જેમ જેમ તમે ઊંડા ઊતરતા જશો તેમ તેમ તમને આ તફાવતનું મહત્ત્વ સમજાતું જશે.

વિભાગ VII માં તમે, મૌર્ય અને અનુ મૌર્ય કાળમાં દખ્ખણ અને દક્ષિણ હિંદમાં બનેલી રાજકીય ઘટનાઓનો અભ્યાસ કરી ગયા.તમે જોયું હશે કે મૌર્ય સામ્રાજ્યમાં દખ્ખણનો સમાવેશ થઈ ગયો હતો, જ્યારે દક્ષિણ હિંદના ચોળો, પાંડ્યો, ચેરા અને સતિયપુત્રોના, મહત્ત્વનાં સામંત રાજ્યો મૌર્યોના મૈત્રીભર્યા પાડોશીઓ હતાં. અનુ-મૌર્ય કાળમાં પ્રારંભે તો દખ્ખણના ગૌણ સરદારો રાજાનું બિરુદ કરતા જણાયા હતા. દખ્ખણને તે પછી, ''દખ્ખણના સ્વામીઓ'' તરીકે પોતાને ઓળખાવતા સાતવાહનોએ રાજકીય રીતે અખંડ કર્યું હતું.દક્ષિણ હિંદમાં પણ સામંત રાજ્યોમાં મહત્ત્વના ફેરફારો થવા માંડ્યા હતા. પરિણામે તે પછીના કાળમાં રાજ્યતંત્રો ઉદ્ભવ્યાં હતાં. આ એકમમાં તમે અનુ-સાતવાહન કાળ (ઈ.સ. ની ત્રીજી સદીના પ્રારંભ)થી આઠમી સદી સુધીમાં દખ્ખણમાં થયેલી રાજકીય સ્થિતિનો અભ્યાસ કરશો.

## 35.2 ઈ.સ.ની છટ્ઠી સદીના મધ્ય સુધીની દખ્ખણની રાજકીય સ્થિતિ (Political Situation in the Deccan till the Mid-Sixth Century A.D.)

સાતવાહનોની પડતી પછી દખ્ખણમાં એકવંશીય રાજકીય હકૂમતનો અંત આવ્યો. વિવિધ પ્રદેશોમાં સાતવાહનોના અનુગામીઓ તરીકે અનેક રાજ્યોનો ઉદય થયો. ઉત્તર મહારાષ્ટ્રમાં જે આભીરોએ શક રાજ્યોમાં સેનાપતિઓ તરીકે સેવાઓ આપી હતી, તેમણે ઈ.સ.ની ત્રીજી સદીના મધ્યમાં એક રાજ્ય સ્થાપ્યું. આ શાખાનો સ્થાપક એક ઈશ્વરસેન હતો. તેણે ઈ.સ. 248-49 માં એક સંવત શરૂ કર્યો હતો. આ સંવત પાછળથી ઘણો મહત્ત્વનો બન્યો હતો અને તે પછીના સમયમાં કલચુરી સંવત તરીકે ઓળખાયો.

### 35.2.1 વિદર્ભ (Vidarbha (Maharashtra))

વિદર્ભ ઉચ્ચસમ ભૂ (plateau) પર થોડા સમયમાં જ વાકાટકોએ પ્રભુત્વ જમાવ્યું હતું. તેમણે ઈ.સ. ની ત્રીજી સદીના છેલ્લા ભાગમાં નાના રાજવીઓ તરીકે શરૂઆત કરી હતી. પરંતુ બહુ ઝડપથી તેમણે સત્તા હાંસલ કરી અને લગભગ આખા વિદર્ભ અને તેની આસપાસના મધ્ય પ્રદેશના ભાગો પર તેમનું શાસન જમાવ્યું હતું. વાકાટક રાજાઓની બે શાખાઓ જુદા જુદા વિસ્તારોમાં શાસન કરતી હતી. મુખ્ય શાખા વિદર્ભ પ્રદેશ ( પૂર્વ મહારાષ્ટ્ર)માંથી જ્યારે તેની સગોત્ર શાખા- Basin શાખા- વિદર્ભની દક્ષિણે (દક્ષિણ મહારાષ્ટ્ર)થી શાસન કરતી હતી. મુખ્ય શાખાનો સૌથી પ્રખ્યાત વાકાટક રાજા હતો - પ્રવરસેન પહેલો. વાકાટકોમાં તેણે એકે જ **સમ્રાટ** બિરુદ ધારણ કર્યું હતું.તેણે કેટલાક વૈદિક યજ્ઞો કર્યા હતા અને ઘણા બ્રાહ્મણોને ભૂમિદાન કર્યાં હતાં. વાકાટકો એકંદરે શાંતિપ્રિય પ્રજા જણાય છે. તેમણે ઉત્તરના ગુપ્તો, પૂર્વ દખ્ખણના વિષ્ણુકુંડીઓ અને દક્ષિણના કદંબો જેવા તેમના શક્તિશાળી પડોશીઓ સાથે વૈવાહિક તેમ જ રાજનૈતિક સંબંધો બાંધ્યા હતા. આમ છતાં રાજ્યની શિથિલતા અને ભંગાણ અટકાવી શકાયા ન હતાં. કલચૂરીઓ અને કદંબોએ, આને કારણે ઈ.સ.ની છટ્ઠી સદીના પૂર્વાર્ધમાં વાકાટક ક્ષેત્રોમાં પગપેસારો કરવા માંડ્યો હતો. છટ્ઠી સદીના મધ્ય સુધીમાં બદામીના ચાલુક્યોએ દખ્ખણમાં મહત્ત્વની સત્તા બનીને તેમને વિસ્થાપિત કર્યા હતા.

### 35.2.2 કર્ણાટક (Karnataka)

ઉત્તર કર્ણાટક (ઉત્તર કિનારા)ના દરિયાકાંઠાના પટ્ટા અને તેના આસપાસના વિસ્તારોમાં ચૂટુઓએ એક નાનું રાજ્ય બનાવ્યું હતું. ઈ.સ.ની ચોથી સદીના મધ્યમાં કદંબોએ તેમને વિસ્થાપિત કર્યા ત્યાં સુધી તેમણે શાસન કર્યું

હતું. આ રાજ્યનો સ્થાપક પ્રસિદ્ધ મયૂરસર્મન હતો. તે છાપામાર યુદ્ધમાં નિપુણ હતો અને તેણે કાંચીના પલ્લવો પાસે પોતાનું પ્રભુત્વ સ્વીકારાવ્યું હતું. તે પછી તેણે અશ્વમેધ યજ્ઞ કર્યો હતો. અને મયૂરસર્મનમાંથી મયૂરવર્મન બન્યો હતો. એટલે કે બ્રાહ્મણમાંથી ક્ષત્રિય બન્યો હતો. ( વર્મન એ લાક્ષણિક ક્ષત્રિય કુળનામ હતું જ્યારે સર્મન બ્રાહ્મણકુળ નામ હતું.) તેના અગાઉના ઈતિહાસ મુજબ કદંબ રાજ્યનો એક વિભાગ કુળની બે શાખાઓમાં વહેંચાયેલો હતો : એકની રાજધાની વૈજયંતી (બનવાસી) અને બીજાની પલસિકા (હલ્સી) હતી. આ બંને શાખાઓ વચ્ચે ક્યારેય સુલેહશાંતિ ન હતાં. બંનેને તેમના શક્તિશાળી પડોશીઓ - પલ્લવો, પશ્ચિમી ગંગો, સૌથી વધુ બદામીના ચાલુક્યો-નો ભય રહેતો. ચાલુક્યોએ ધીમે ધીમે તેમનો પ્રદેશ હડપ કરી લીધો અને લગભગ ઈ.સ. 575 સુધીમાં તેમને સંપૂર્ણપણે હરાવી દીધા.

### 35.2.3 પૂર્વ દખ્ખણ (Eastern Deccan)

અનુ-સાતવાહન કાળમાં દખ્ખણમાં કૃષ્ણા-ગોદાવરી મુખ પ્રદેશ ( આંધ્ર મુખ પ્રદેશ) રાજકીય રીતે સૌથી વધુ અશાંત હતો. ઈ.સ. 225થી આ પ્રદેશ સાતવાહનોના અનુગામીઓ ઇક્ષ્વાકુઓની હકૂમત હેઠળનો હતો. પશ્ચિમ તરફથી આભીરોના આગમનને કારણે એક ટૂંકા ગાળા માટે ઇક્ષ્વાકુઓની હકૂમતમાં ભંગ પડ્યો હતો. પરંતુ ફરીથી ઇક્ષ્વાકુ શાસન આવ્યું અને બીજાં પચાસ વર્ષ જેટલું ચાલ્યું હતું. ત્યાર બાદ એ વિસ્તાર અનેક સામંત રાજ્યોમાં વહેંચાઈ ગયો હતો. તામ્રપત્ર- અભિલેખો પરથી બૃહદ ફલાયન ગોત્રના અને તેમના પછીના શાલંકાયન ગોત્રના રાજાઓ વિશે જાણવા મળે છે. જ્યારે અલાહાબાદ સ્તંભ-અભિલેખ અથવા પ્રયાગ પ્રશસ્તિ (જુઓ વિભાગ 8 એકમ 32)માંથી આ વિસ્તારના ઈ.સ. 350ના અરસાનાં છ એક રાજ્યો વિશે જાણકારી મળે છે. તેમાં વેંગી, કુરાલા અને દેવરાષ્ટ્ર વગેરે રાજ્યો છે.

ઈ.સ.ની પાંચમી સદીના મધ્યે વિષ્ણુકુંડીઓના આગમનથી આંધ્ર મુખપ્રદેશમાં ફરીથી રાજકીય સ્થિરતા આવી. તેમને વાકાટકો સાથે સારા સંબંધો હતા. પરંતુ દક્ષિણ કર્ણાટકના પશ્ચિમી ગંગો સાથે તેમને લાંબા સંઘર્ષો ચાલુ રહેતા. આ શાખાના પ્રખ્યાત શાસકો હતા - માધવવર્મન પહેલો ( ઈ.સ. 440-60) અને માધવવર્મન બીજો (ઈ.સ. 556-616). માધવવર્મન પહેલો આ શાખાનો સ્થાપક હતો. તેણે ઘણા અશ્વમેધ યજ્ઞો કર્યા હતા. વિષ્ણુકુંડીઓએ ઈ.સ.ની. સાતમી સદીના બે-ત્રણ દાયકા સુધી શાસન કર્યું હતું. તે સમયે ચાલુક્યોનું આગમન થયું.

### 35.2.4 દક્ષિણ કર્ણાટક (South Karnataka)

ઈ.સ.ની પાંચમી સદીની શરૂઆતમાં દક્ષિણ કર્ણાટકમાં એક રાજવંશનો ઉદય થયો હતો. આ વંશના રાજાઓ ગંગો કહેવાયા. ઓરિસાના પૂર્વીય ગંગોથી જુદા પાડવા તેમને પશ્ચિમી ગંગો નામે ઓળખવામાં આવે છે. પશ્ચિમી ગંગોએ દક્ષિણ કર્ણાટક પર તે પછીનાં છસો વર્ષ શાસન કર્યું હતું. તેમના આટલા લાંબા કાળના શાસનને કારણે એ વિસ્તાર ગંગવાડી તરીકે ઓળખાયો. ગંગવાડી એ પર્વતોથી ઘેરાયેલું એક અલગ ક્ષેત્ર છે. તે કૃષિની દષ્ટિએ ઓછું સમૃદ્ધ છે. આ બંને પરિબળોને કારણે ગંગો બહારની કોઈ દખલગીરી સિવાય લાંબા સમય સુધી શાસન કરી શક્યા. જોકે તેમનું સ્થાન યુદ્ધની દષ્ટિએ બહુ લાભપ્રદ હતું. તેમણે બદામીના ચાલુક્યો અને પલ્લવોનાં યુદ્ધોમાં ચાલુક્યોના સાથીઓ તરીકે તેમ જ પલ્લવો અને પાંડ્યોનાં યુદ્ધોમાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવી. ગંગોને પલ્લવો સાથે સામાન્યતઃ મૈત્રીપૂર્ણ સંબંધો ન હતા. પલ્લવો તેમના ગગનચુંબી પર્વતીય ગઢ નાંદીદુર્ગથી ગંગોને પરેશાન કરી શકતા હતા.

## 35.3 દક્ષિણ હિંદની રાજકીય સ્થિતિ (Political Situation in South India)

ઈ.સ.ની ત્રીજી સદીના અંત સમયમાં દક્ષિણ હિંદ(તામિલનાડુ અને કેરાલા)માં સંગમકાળનો અસ્ત થવા માંડ્યો હતો.આ વિસ્તારનો ઈ.સ.ની ચોથી સદીથી છઠ્ઠી સદીના મધ્ય સુધીનો ઇતિહાસ ઘણો અસ્પષ્ટ છે. પલ્લવોનો શરૂઆતનો ઇતિહાસ આ કાળમાં આવે છે. કાંચીથી પાડવામાં આવેલા તામ્રપત્ર-અનુશાસનો ઉપલબ્ધ થયાં છે. પલ્લવ શાસન પરંપરા અનુસાર કાંચી પ્રદેશ ( પાલાર નદી ખીણ) અથવા તોન્ડાઈમંડલમ (તોન્ડાઈ એ પલ્લવ માટેનું તામિલ પદ છે.)સાથે સાંકળવામાં આવે. પરંતુ એવું જણાય છે કે આ કાળ દરમિયાન કાંચી પ્રદેશ પર તેમનો અસરકારક અંકુશ નહિ હોય, કારણ કે કલભ્ર* નામની પર્વતીય જાતિઓએ તેમને ઉત્તર તરફ હઠાવ્યા હતા.

* કલભ્રો કલવરો તરીકે પણ ઓળખાય છે.

હકીકતમાં, સંગમ કાળના અંતથી ઈ.સ.ની છઠ્ઠી સદીના મધ્ય સુધી દક્ષિણ હિંદ ( તામિલનાડુ અને કેરાલા) પર કલભ્રોનું પ્રભુત્વ હતું.આપણે તેમના વિશે બહુ જાણતા નથી.પરંતુ જે થોડા ઘણા પુરાવા મળ્યા છે તે પરથી અનુમાન કરાયું છે કે તેઓ બ્રાહ્મણ સંસ્થાઓ (Brahmanical institutions)ની વિરુદ્ધ હતા - તેમને બૌદ્ધ અને જૈન ધર્મો પ્રત્યે વધુ લગાવ હતો. તેમણે સંગમ કાળના ચેરો, ચોળો અને પાંડ્યોના શાસનનો અંત આણ્યો હતો. તે ખેતી ન કરતી, પહાડી જાતિના હતા અને સ્થાયી થયેલી ખેતીપ્રધાન વસ્તીની તારાજી કરતા હતા. કલભ્રોનો ભય ઉત્તર કર્ણાટકમાં ઉદય પામેલા ચાલુક્ય રાજ્યની સરહદો સુધી ફેલાયો હતો. તેમને પણ તેમણે હરાવ્યા હતા એવો દાવો છે. આ કાળ 'કલભ્ર અંતર્કાળ' તરીકે ઓળખાય છે.


## 35.4 ચાલુક્યો, પલ્લવો અને પાંડ્યોનો ઉદય ( The rise of the Chalukyas, the Pallavas and the Pandyas)

ઈ. સ.ની છઠ્ઠી સદીના મધ્યથી દખ્ખણ અને દક્ષિણ હિંદના રાજકીય તખ્તા પર બદામીના ચાલુક્યો, કાંચીના પલ્લવો અને મદુરાઈના પાંડ્યોનુ પ્રભુત્વ હતુ.

### 35.4.1 ચાલુક્યો (The Chalukyas)

પુલકેશી પહેલાના સમયથી ચાલુક્યો સર્વોપરી બન્યા. ઈ.સ. 543-44માં બદામી(કર્ણાટકના બીજાપુર જિલ્લામાં)ની નજીક એક મજબૂત ગઢ બનાવીને તેણે પોતાના રાજ્યની સ્થાપના કરી. તેણે અશ્વમેધ યજ્ઞ કર્યો હતો. તેના ઉત્તરાધિકારીઓએ કદંબોને ઉથલાવીને તેમનું રાજ્ય પોતાના રાજય સાથે જોડી દીધું. તેમણે કોંકણ ( મહારાષ્ટ્રના દરિયાકાંઠાની પટ્ટી)ના મૌર્યોને પણ હરાવ્યા. પુલકેશી બીજાની ચડાઈઓમાં દક્ષિણમાં પશ્ચિમી ગંગો અને અલુપો અને ઉત્તરમાં લાટો, માલવો અને ગુર્જરોએ તેની અધીનતા સ્વીકારી સમર્પણ કર્યું. આથી દખ્ખણમાં ચાલુક્યો સર્વોપરી બન્યા. પુલકેશી બીજાના લશ્કરે હર્ષવર્ધનનાં દળોને નર્મદાકિનારે અટકાવ્યાં હતાં.

પુલકેશી બીજાએ આંધ્ર મુખપ્રદેશના વિષ્ણુકુંડીઓને પણ હરાવ્યા હતા. પરંતુ કૃષ્ણા-ગોદાવરીના મુખપ્રદેશની દસ લાખ એકરની ફળદ્રુપ કૃષ્ય જમીન ખૂબ મૂલ્યવાન હતી, તેથી પુલકેશી બીજાને વિષ્ણુકુંડીઓના માત્ર સમર્પણથી સંતોષ થયો ન હતો. આથી લગભગ ઈ.સ. 621માં તેણે પોતાના નાના ભાઈ વિષ્ણુવર્ધનને એ વિજયને પાકો કરી તે વિસ્તાર સર કરવા મોકલ્યો હતો. તેણે વિષ્ણુવર્ધનને પોતાનું રાજ્ય સ્થાપવા દીધું. આમ, વેંગીના ચાલુક્યો અથવા પૂર્વી ચાલુક્યોની શાખા શરૂ થઈ. તેણે એ વિસ્તાર પર પાંચસોથી વધુ વર્ષો સુધી પોતાના શાસન હેઠળ રાખ્યો હતો.



9. પુલકેશી બીજાનો ઐહોળે અભિલેખ

### 35.4.2 પલ્લવો (The Pallavas)

ઈ.સ.ની છઠ્ઠી સદીના મધ્યના અરસામાં સિંહવિષ્ણુથી પલ્લવોનો ઉદય થયો. તેણે તોન્ડાઈમંડલમ ( કાંચી

પ્રદેશ)માં કલભ્ર અંતર્કાળનો અંત આણ્યો. અને પોતાનું રાજ્ય દક્ષિણ તરફ છેક કાવેરી મુખત્રિકોણ સુધી વિસ્તાર્યું. તેના ઉત્તરાધિકારી મહેન્દ્રવર્મને તેમના ક્ષેત્રને ઉત્તરમાં કૃષ્ણાનદી સુધી વિસ્તાર્યું હતું. પલ્લવ રાજાઓએ પણ પડોશી સામંતો અને રાજાઓનું આધિપત્ય હાંસલ કર્યુંહતું. આ રીતે તેઓ બદામીના, ચાલુક્યોના અને પાંડ્યોના ક્ષેત્ર સુધી પહોંચી ગયા હતા. પાંડ્યોને પણ તેમનું આધિપત્ય સ્વીકારવું પડ્યું હતું. આમ, ઈ.સ.ની સાતમી સદીના મધ્ય સુધીમાં પલ્લવોએ દક્ષિણ હિંદમાં એક બળવાન પ્રાદેશિક રાજ્ય સ્થાપી દીધું હતું. દખ્ખણમાં ચાલુક્યોની જગાએ રાષ્ટ્રકૂટો આવવા માંડ્યા ત્યારથી, લગભગ ઈ.સ.ની આઠમી સદીના મધ્યના અરસાથી, તેમની સ ા શિથિલ થવા માંડી હતી. ઈ.સ.ની દશમી સદીની શરૂઆતમાં પલ્લવ રાજા અપરાજિતને આદિત્યચોળ પહેલાએ હરાવ્યો ત્યારે પલ્લવ શાસનનો અંત આવ્યો હતો.

## 35.4.3 પાંડ્યો (The Pandyas)

ઈ.સ.ની છઠ્ઠી સદીના અંત સમયે રાજા કડુંગોણે કલભ્રોને વશ કર્યા ત્યારથી પાંડ્યો પ્રકાશમાં આવ્યા. પાંડ્યો છેક દક્ષિણમાં ( તામિલનાડુના છેક દક્ષિણના જિલ્લાઓ)માં શાસન કરતા હતા. વૈગઈ નદીનો પરિસર એ તેમના રાજ્યનો કેન્દ્ર પ્રદેશ હતો. તેમણે ઉત્તરમાં કાવેરી મુખત્રિકોણ પર અને અગ્નિ ખૂણામાં ચેર દેશ (કેરળ) પર પોતાનું શાસન જમાવવા સતત પ્રયાસો કર્યા હતા.

## 35.4.4 અન્ય સત્તાઓ (Other Powers)

ગંગોનું શાસન દક્ષિણ કર્ણાટકના ગંગવાડીમાં હતું. એ સમયે દખ્ખણ અને દક્ષિણ હિંદમાં નોલંબો, બનો, શિલાહારો વગેરે જેવા કેટલાક નાનાં રજવાડાં અને સામંત રાજ્યો હતાં. આર્યાવર્તની જેમ નદી ખીણોનાં પટ્ટા અને મેદાનો દક્ષિણમાં નથી. દક્ષિણમાં મહત્ત્વની નદીખીણો છે: રાયચૂર દોઆબ (તુંગભદ્રા અને કૃષ્ણા વચ્ચે) કૃષ્ણા-ગોદાવરી મુખત્રિકોણ,નીચલી કાવેરી ખીણ અને વૈગઈ ખીણ. આ નદીખીણો વિષમ પર્વતીય પ્રદેશો દ્વારા એકબીજાથી જુદી પડેલી છે. વળી, ત્યાંનાં વિશાળ જંગલોને કારણે કૃષિક્ષેત્રો વિભાજિત કરે છે. આને કારણે રાજકીય વિભાજનને પ્રોત્સાહન મળ્યું અને વસવાટનાં અલગ-અલગ સ્થળોએ નાનાં રાજ્યો ટકી શક્યાં હતાં. ઉપર્યુક્ત મહત્ત્વની નદીખીણોને કારણે બદામીના ચાલુક્યો (રાયચૂર દોઆબ), પલ્લવો (પાલર નદીખીણ) વગેરે જેવાં મોટાં રાજ્યોને આધાર મળ્યો હતો. આર્યાવર્તની તુલનાએ આ પ્રાદેશિક રાજ્યોમાંથી કોઈ પણ માટે બાકીના પર શાસન વિસ્તારવાનું બહુ મુશ્કેલ હતું. આ બાબત ચાલુક્યો, પલ્લવો અને પાંડ્યોના પરસ્પરની લડાઈઓ વિશેની નીચેની વિગતો પરથી સ્પષ્ટ થાય છે:

# 35.5 વિવિધ સત્તાઓ વચ્ચેના સંઘર્ષો (Conflicts between Different Powers)

આ સમયના રાજકીય ઇતિહાસમાં બદામીના ચાલુક્યો અને પલ્લવો વચ્ચેની તથા પાંડ્યો અને પલ્લવો વચ્ચેની સંખ્યાબંધ લડાઈઓ નોંધાયેલી છે. ચાલુક્ય રાજા પુલકેશી બીજાએ આક્રમણ કરીને મહેન્દ્રવર્મનને હરાવ્યો અને પલ્લવ રાજ્યના ઉત્તર ભાગનો કબજો લીધો ત્યારથી દુશ્મનાવટ શરૂ થઈ હતી. બીજા એક સંગ્રામમાં તેણે બનો (પલ્લવોના રાયલસીમાના સામંતો)ને પરાજિત કર્યા અને ફરી એક વાર કાંચીને માટે ભય ઊભો કર્યો હતો. પરંતુ તેને મહેન્દ્રવર્મનના ઉત્તરાધિકારી નરસિંહવર્મન પહેલાએ કેટલાંક યુદ્ધોમાં હરાવ્યો હતો. નરસિંહવર્મને તે પછી ચાલુક્ય પર હુમલો કરી બદામી કબજે કર્યું અને કદાચ પુલકેશી બીજાને મારી નાંખ્યો હતો. પુલકેશી બીજાના પુત્ર વિક્રમાદિત્ય પહેલાએ પરિસ્થિતિ વણસતી અટકાવી. તેણે પલ્લવોને હાંકી કાઢ્યા, પાંડ્યો સાથે સંધિ કરી અને પલ્લવ ક્ષેત્ર પર વારંવાર આક્રમણ કર્યાં. તેના અનુગામીઓમાંના એક - વિક્રમાદિત્ય બીજો આ બાબતે ખાસ નોંધપાત્ર છે કારણ કે તે કાંચી પર ત્રણ વાર ધસી ગયો હતો અને તેને લૂંટ્યું હતું.

કોઈ લડાઈઓ કે યુદ્ધોની વિગતોમાં ગયા વગર એટલું કહી શકાય કે પલ્લવોને પાંડ્યો સાથે પણ યુદ્ધો કરવા પડ્યાં હતાં.

આ યુદ્ધોમાં હંમેશાં પલ્લવો જ આક્રમણનું લક્ષ્ય બનતા એ નોંધપાત્ર છે. પલ્લવોનું સ્થાન ચાલુક્યો અને પાંડ્યોની વચ્ચે હતું તેથી આમ બનતું એવું ન હતું, પરંતુ પલ્લવો સૌથી વધુ સમૃદ્ધ હતા તેથી સહુ તેમના પર આક્રમણ કરતા. હંમેશાં ચાલુક્યો જ પલ્લવો પર ચઢાઈ કરતા અને પલ્લવો તેમને પોતાના ક્ષેત્રમાંથી પાછા હઠાવવાની જ ચિંતા સેવતા એ બાબત મહત્ત્વની છે. એમાં, ચાલુક્ય રાજ્ય પર નરસિંહવર્મન પહેલાનું આક્રમણ અને તેની રાજધાની કબજે કરવાનો, એક માત્ર અપવાદ હતો. પરંતુ આ એક પ્રતિકારાત્મક પગલું હતું અને દુશ્મનાવટના આખાયે ઇતિહાસમાં એક જ વાર લેવાયું હતું. બીજી એક વાર ધ્યાન બીજે દોરવાની ચાલ તરીકે પલ્લવ

પરમેશ્વરવર્મન પહેલાએ ચાલુક્ય રાજ્યમાં કૂચ આરંભી હતી. પરમેશ્વરવર્મન પોતાના રાજ્યનો કબજો લઈ બેઠેલા. ચાલુક્ય દળોને તેમનું ધ્યાન બીજે દોરીને હાંકી કાઢવા માંગતો હતો.

પાંડ્યો માટે પણ આ જ સાચું છે. કાવેરી મુખત્રિકોણ પર શાસન જમાવવા તે પલ્લવો સાથે અવારનવાર લડાઈ કરતા. સંગમ સાહિત્ય અને હ્યુએન-સંગનું વૃ ાંત સૂચવે છે કે વૈગાઈ નદીખીણ - પાંડય રાજ્યનો કેન્દ્ર પ્રદેશ- કૃષિ માટે એકંદરે બિનઉપજાઉ હતો. પાંડ્યો સમજી ગયા હશે કે તેમને સમૃદ્ધ અને શક્તિશાળી થવું હોય તો તેમણે કાવેરી મુખત્રિકોણના સમૃદ્ધ પ્રદેશ પર અંકુશ મેળવવો જોઈએ. પાંડ્યો આ હેતુને ધ્યાનમાં રાખીને પલ્લવો સાથે લડ્યા અને છેવટે ઈ.સ.ની નવમી સદીની શરૂઆતમાં આ વિસ્તારનો કબજો હાંસલ કર્યો.

## 35.5.1 નાના રાજાઓની ભૂમિકા (The Role of the Minor Kings)

પ્રાદેશિક રાજ્યો વચ્ચેની લડાઈઓમાં નાના રાજાઓ અને નાયકો કોઈ એક સત્તાના સાથીમિત્ર તરીકે ભાગ લેતા. પુલકેશી બીજાએ નરસિંહવર્મન પહેલા પર આક્રમણ કરતાં પહેલાં પલ્લવોના મિત્ર રાજ્યો બનોને હરાવવા પડ્યાં હતાં. એ જ પ્રમાણે પલ્લવ સેનાપતિ ઉદયચંદ્રને સબર રાજા ઉદયન અને નિષાદ નાયક પૃથ્વીવ્યાઘ્ર, જે કદાચ ચાલુક્યોની બાજુએ હતા તેમની, સાથે લડાઈ કરવી પડી હતી. આ સાથી રાજ્યો લૂંટમાં તો હિસ્સેદાર રહેતા ઉપરાંત પોતાના પ્રદેશમાં નવા વિસ્તારો પણ ઉમેરી શકતા.

નાનાં રજવાડાંઓને અલગ-અલગ જોઈએ ત્યારે તે નોંધને પાત્ર જણાતા નથી.પ્રત્યેક નાનું રાજ્ય પોતે મામૂલી અને મહત્ત્વ વગરનું હતું, પરંતુ બધાને સાથે લઈએ તો તે દખ્ખણ અને દક્ષિણ હિંદના બનાવોમાં ઘણું નોંધપાત્ર રાજકીય પરિબળ બને એ નિઃશંક હતું. એટલું જ નોંધપાત્ર હતું - ઈ.સ.ની ચોથીથી નવમી સદી સુધીના કોઈ પણ રાજાની દખ્ખણ કે દક્ષિણ હિંદ પર આધિપત્ય સ્થાપવાનું અસમાર્થ્ય. આ છ સદીઓ દરમિયાન, કેટલાક રાજાઓના જબરજસ્ત પ્રયત્નો અને મહત્ત્વાકાંક્ષા છતાં રાજકીય કુસંપ ઘણા સામાન્ય બની ગયા હતા. અગાઉ જોઈ ગયા પ્રમાણે દક્ષિણાત્ય હિંદની વિઘટિત ભૂગોળના પણ રાજકીય કુસંપ માટે તથા નાના રાજાઓ અને નાયકોના મહત્ત્વમાં એક ખાસ ભૂમિકા હતી.

## 35.5.2 રાજકીય સંઘર્ષોનાં અન્ય પરિણામો (Other Dimensions of Political Conflicts)

પલ્લવ-ચાલુક્ય સંઘર્ષનો એક મહત્ત્વનો ફણગો હતો - લાટ(દ.ગુજરાત)ના ચાલુક્યોના રાજ્યનો ઉદય. નરસિંહવર્મને બદામીનો કબજો લીધો અને પુલકેશી બીજાનું મૃત્યુ થયું. તેના પરિણામે ચાલુક્ય રાજ્યમાં ભયંકર ગૂંચવણ અને રાજકીય અરાજકતા સર્જાઈ હતી. સંપનું પુનઃસ્થાપન કરવામાં, દુશ્મન દળોને દબાવી દેવામાં અને પલ્લવોને હાંકી કાઢવામાં વિક્રમાદિત્ય પહેલાને તેના નાના ભાઈ જયસિંહવર્મને ઘણી સહાય કરી હતી. તેના બદલામાં વિક્રમાદિત્યે તેના ભાઈને દક્ષિણ ગુજરાત આપી દીધું હતું.

## 35.5.3 અન્ય દેશો સાથેના સંબંધો (Relations with other Countries)

આ સમયે સિંહલ દેશ (શ્રીલંકા)ના રાજકીય બનાવોમાં સક્રિય રસ એ દક્ષિણ હિંદ રાજકારણનું વિશિષ્ટ લક્ષણ હતું. ચાલુક્યો સાથેનાં યુદ્ધોમાં નરસિંહવર્મન પહેલાએ લંકાના રાજકુંવર મારવર્માને પોતાની બાજુ રાખ્યો હતો. મારવર્માને દેશવટો મળ્યો હતો અને તેણે પલ્લવ દરબારમાં આશ્રય લીધો હતો. બદામીથી પાછા આવ્યા પછી નરસિંહવર્મન નૌકાદળનાં બે આક્રમણ કરીને મારવર્માને અનુરાધાપુરની ગાદી મેળવવામાં મદદ કરી હતી. ફરીથી પાછો જ્યારે તેણે તેનું રાજ્ય ગુમાવ્યું ત્યારે પણ મારવર્માએ પલ્લવ રાજા પાસે મદદ માગી હતી. પાંડ્યોએ પણ સિંહલદેશમાં રસ લીધો હતો. આ વિસ્તારની સમૃદ્ધિની તેમને લાલચ થઈ હતી. તેને માટે તેમણે એ વિસ્તારમાં લૂંટફાટ કરવા માંડી હતી.

પલ્લવોએ અગ્નિ એશિયાના રાજકારણમાં રસ લીધો હતો અને તેમાં થોડાઘણા અસરકારક પણ રહ્યા હતા એવું જણાય છે. આઠમી સદીના મધ્યના અરસામાં પલ્લવ ગાદીના ઉત્તરાધિકારી બનનાર નંદીવર્મન બીજો પલ્લવમલ્લ, કદાચ અગ્નિ એશિયાથી આવ્યો હતો. અનુશ્રુતિમાં નંદીવર્મન ત્રીજાના શક્તિશાળી નૌકાદળનો પણ ઉલ્લેખ થાય છે. થાઈલેંડની એક તામિલ નોંધમાં એક વિષ્ણુમંદિર અને તેના નામવાળા એક જલાશયનો ઉલ્લેખ છે. જોકે દક્ષિણ એશિયામાં સીધી દખલગીરી ચોળાના આગમનથી થઈ. તેમણે દક્ષિણ એશિયામાં પલ્લવ પ્રભુત્વનો અંત આણ્યો.

## 35.5.4 કેરળ (Kerala)

આ કાળ દરમિયાન કેરળ પર પેરુમાલોનું શાસન ચાલુ રહ્યું હતું. જોકે તેના રાજકીય ઈતિહાસની વીગતો

ઉપલબ્ધ નથી. ચેરમાન પેરુમાલ (ઈ.સ.ની આઠમી સદીના અંતનો કે નવમી સદીની શરૂઆતનો અરસો) આ શાખાનો પ્રસિદ્ધ શાસક હતો. તેણે પોતાનો ધર્મ અને ધાર્મિક નીતિનો વિશિષ્ટ રીતે અમલ કર્યો હતો. આથી જૈનો, ખ્રિસ્તીઓ, શૈવો, મુસ્લિમો એ પ્રત્યેક તેની પ્રોત્સાહક તરીકે પ્રશંસા કરે છે. તે ઉપરાંત તેને પોતાના ધર્મનું આચરણ કરતો દર્શાવે છે. મલબારની સમૃદ્ધિ પ્રત્યે બહારના આક્રમણકારો સતત આકર્ષાતા રહેતા હતાં. પાંડ્યો, નરસિંહવર્મન, કેટલાક ચાલુક્ય રાજાઓ અને રાષ્ટ્રકૂટો એ પ્રત્યેકનો કેરલાને પરાજિત કર્યાનો દાવો કરે છે.

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(1) નીચેનાં વિધાનો પૈકીનું કયું સાચું (✓) અથવા ખોટું (✗) છે:

(ક) સાતવાહનોની પડતી પછી દખ્ખણ પરનો રાજકીય અંકુશ એક રાજવંશ હેઠળ ચાલુ રહ્યો હતો.

(ખ) વાકાટકો શાંતિપ્રિય પ્રજા હતી.

(ગ) સંગમ કાળના પતન પછી તામિલનાડુ અને કેરાલા પર કલભ્રોનું પ્રભુત્વ હતું.

(ઘ) દક્ષિણ હિંદના સંઘર્ષોમાં પલ્લવો આક્રમણનું લક્ષ રહેતા.

(ચ) મલબારની સમૃદ્ધિ આક્રમણકારોને આકર્ષતી ન હતી.

(2) તમે ચાલુક્યો, પલ્લવો અને પાંડ્યો વિશે શું જાણો છો ? તે આશરે દસ વાક્યોમાં લખો.

..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................

(3) દક્ષિણ હિંદની સત્તાઓ વચ્ચેના સંઘર્ષોના પ્રકારની ચર્ચા કરો. તેમાં નાનાં રાજ્યોની ભૂમિકા શું હતી ? ઉત્તર આશરે દસ વાક્યોમાં આપો.

..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................

## 35.6 રાજકીય સંગઠન (Political Organisation)

આ રાજ્યોના રાજકીય સંગઠન વિશે આપણે ટૂંકમાં ચર્ચા કરીએ.

### 35.6.1 રાજા અને વહીવટનું ઉચ્ચ સ્તર (The King and the Higher Stratum of Administration)

હવે આપણે આ રાજ્યોમાં પ્રવર્તતી વહીવટી તરેહો વિશે વિવરણ કરીશું. સૈદ્ધાંતિક રીતે રાજા તમામ સત્તાનું કેન્દ્ર હતો. તે મહારાજા, ભટ્ટારક, ધર્મમહારાજાધિરાજ વગેરે જેવા મોટા બિરુદ ધારણ કરતો. શરૂઆતમાં રાજત્વનું નિયમન વૈદિક સિદ્ધાંતો દ્વારા થતું, રાજાઓએ અશ્વમેધ, અને વાજપેય, રાજસૂય વગેરે અન્ય વૈદિક યજ્ઞો કર્યાના દાવા કરતા ઉલ્લેખ તેમના અભિલેખોમાં જોવા મળે છે. આ કાળમાં યજ્ઞોનું એટલું સામાજિક મહત્વ ન હતું જેટલું ઉત્તર વૈદિક કાળમાં હતું. પરંતુ તેનો એક ખાસ રાજકીય અર્થ હતો, કારણ કે તેનાથી તે ખાસ રાજાની સ્વતંત્રતા તેમ જ શાસન કરવાનો તેનો અધિકાર પ્રસ્થાપિત થતો. ચાલુક્ય રાજ્યના સ્થાપક

પુલકેશી પહેલાએ પોતાના રાજવંશના શાસનનો પ્રારંભ દર્શાવવા અશ્વમેધ યજ્ઞ કર્યો હતો. અન્ય ઘણા રાજાઓએ પણ એમ જ કર્યું હતું. ધીમે ધીમે જોકે ધાર્મિક વાતાવરણ બદલાયું, રાજત્વનો આદર્શ પણ બદલાયો અને રજવાડી વૈદિક યજ્ઞો પણ બંધ થયા.

રાજાને દરબારમાં તેના મંત્રીઓ દ્વારા સહાય થતી. શાસન ચલાવવામાં રાજકુટુંબના યુવરાજ સહિતના બધા સભ્યો ઉચ્ચ સ્તરે અગત્યનો ભાગ ભજવતા. તે પછી વિવિધ કક્ષાના અનેક અધિકારીઓ રાજાના નામે કેટલીક વહીવટી ફરજો બજાવતા. તેમના કાર્યમાં એક મહત્ત્વની ફરજ હતી - મહેસૂલ ઉઘરાવવાની. એક મહત્ત્વનું મહેસૂલ જમીન પર લેવાતું. તે ઊપજના છઠ્ઠા ભાગ જેટલું કે તેથી વધુ રહેતું. તે ઉપરાંત વણકરો પર, માલધારીઓ પર, જાનૈયાઓ પર વગેરે પર કેટલાક પરચૂરણ કર પણ લાગતા. રાજ્યના અધિકારીઓ મહેસૂલ ઉઘરાવવા ઉપરાંત કાયદો અને વ્યવસ્થા જાળવવાનું તથા તેમની પાસે આવતા ગુનાખોરીના તથા દીવાની વિવાદોના કિસ્સાઓમાં ફેંસલો આપવાનું કામ પણ કરતા.

## 35.6.2 વહીવટી એકમો (Administrative Units)

રાજ્ય શ્રેણીબદ્ધ એકમોમાં વહેંચાયેલું હતું. દખ્ખણમાં આ એકમો **વિષય**, **અહર**, **રાષ્ટ્ર** વગેરે કહેવાતા. ઈ.સ.ની આઠમી સદીથી દખ્ખણમાં રાજ્યોને શ્રેણીબદ્ધ રીતે દસ ગામોના જૂથમાં વહેંચવાનું વલણ વિકસ્યું હતું. કોઈ જિલ્લો જવલ્લે જ બાર ગામોનો બનતો. પલ્લવ રાજ્યમાં નાડુની વહીવટના મુખ્ય, કાયમી એકમ તરીકે શરૂઆત થઈ.

આ કાળના રાજાઓએ ખેતીનું મહત્ત્વ સ્વીકાર્યું હતું. ખેતી પરનું મહેસૂલ તેમની સમૃદ્ધિ અને શક્તિનો મુખ્ય આધાર હતું. એ નોંધપાત્ર છે કે પલ્લવોના (પાછળથી ચોળોના) મૂળભૂત રાજકીય એકમ નાડુનો અર્થ કૃષ્ય જમીન પણ થાય છે, જે કુડુ એટલે કે અકૃષ્ય વેરાન ભૂમિથી વિરુદ્ધ છે. આથી તે રાજ્ય ખેતીનો વ્યાપ વધારવાના પ્રયાસોને સતત પ્રોત્સાહન આપતું. કદંબ વંશના રાજા મયૂરસર્મને પડતર જમીન ખેડવા માટે દૂર દૂરથી બ્રાહ્મણોને આમંત્ર્યા હતા. કદાચ આવા જ હેતુસર એક પલ્લવ રાજાએ એક હજાર હળ વહેંચ્યા હતા. વળી, દક્ષિણ હિંદમાં ખેતી મહદંશે સિંચાઈ આધારિત હતી. તેથી પલ્લવોએ નહેરો, જળાશયો, સરોવરો, મોટા કૂવાઓ ખોદાવવામાં અને તેમની જાળવણીમાં ઘણો રસ લીધો હતો.

## 35.6.3 સ્થાનિક સંઘો (Local Associations)

દક્ષિણ હિંદના રાજકારણની, ખાસ તો પલ્લવ રાજકારણની હતી- પ્રજાજીવનનાં મહત્ત્વનાં તમામ પાસાંઓમાં સ્થાનિક સંઘોના મહત્ત્વની જ્ઞાતિ, હુન્નર, વ્યવસાય અથવા ધાર્મિક માન્યતા પર આધારિત એવા અનેક સ્થાનિક જૂથો અને સંઘો હતાં. આ રીતે વણકર, ઘાંચી વગેરે જેવા હસ્તઉદ્યોગોના, નાણાદેશીઓ, મણિગ્રામમ્ જેવા વેપારીઓના, અય્યયોલના પાંચસો, વિદ્યાર્થીઓના, સાધુઓના, પૂજારીઓના વગેરે સંઘો હતા. આ ઉપરાંત ત્રણ મહત્ત્વની પ્રાદેશિક સમિતિઓ હતી-ઉર,સભા,નગરમ. ઉર એ બ્રાહ્મણરહિત ગ્રામસમિતિ હતી. **સભા** માત્ર બ્રાહ્મણની બનેલી સમિતિ હતી. **નગરમ્** એવી સમિતિ હતી કે જ્યાં વ્યાપારી હેતુઓનું પ્રભુત્વ રહેતું. **નગરમ**ના કેટલાક કૃષિસંબંધી હેતુઓ પણ હતા. સમિતિના સભ્યો વર્ષે એક વાર મળતા. રોજિંદા પ્રશ્નો નાના કાર્યવાહક જૂથ દ્વારા નિપટાવવામાં આવતા. પ્રત્યેક જૂથ પોતાના રીતરિવાજ અને ઉપયોગ પર આધારિત બંધારણ અનુસાર સ્વાય ા રીતે કાર્ય કરતું. તે પોતાના સભ્યોના પ્રશ્નોનું સ્થાનિક કક્ષાએ નિરાકરણ કરતું. એક કરતાં વધુ સમિતિઓ કે સંઘોને અસર કરતી બાબતો માટે પરસ્પર મળીને નિર્ણય કરવામાં આવતા.

સંઘો દ્વારા થતા સ્થાનિક વહીવટને કારણે રાજ્યનો બોજો ઘણો ઘટી જતો. આનાથી પ્રજાને પોતાની ફરિયાદો અને સમસ્યાઓને વાચા આપવાની તક રહેતી એટલું જ નહિ, ફરિયાદો નિવારવાની અને સમસ્યાઓ ઉકેલવાની જવાબદારી પણ પ્રજાની જ રહેતી. આને પરિણામે રાજ્ય પ્રત્યેનો વિરોધ ઘટવાથી રાજ્ય દૃઢ બનતું, કારણ કે પ્રજા આ બાબતો માટે રાજ્યને જવાબદાર ઠેરવી શકતી નહિ.

આથી જ પલ્લવ રાજાઓ સ્થાનિક સ્વાયત્ત સંઘોની કાર્યપદ્ધતિમાં દખલગીરી કરતા જોવા મળતા નથી. જોકે બ્રાહ્મણોને લાવીને, તથા સીધું ભૂમિદાન (બ્રહ્મદાન) અથવા મંદિરના નામે ભૂમિદાન (દેવદાન) આપી વિશેષાધિકાર ધરાવતા બ્રાહ્મણોની વસાહતો બનાવીને તેમણે પોતાની સ્થિતિ મજબૂત કરી હતી. પલ્લવ રાજ્યના હાર્દ વિસ્તારોમાં બ્રાહ્મણ વસાહતો રચવામાં આવી હતી. આ હાર્દ વિસ્તારો સિંચાઈના ચોખાની ખેતીના ખૂબ સમૃદ્ધ વિસ્તારો હતા, જેની સમૃદ્ધિ પર પલ્લવ સામર્થ્ય આધારિત હતું. આપણે જોયું કે બ્રાહ્મણોની ગ્રામસમિતિ **સભા** કે **મહાસભા** કહેવાતી. ઉત્તર પલ્લવ કાળ દરમિયાન **સભા**એ સમિતિઓ (Committees) દ્વારા સંચાલનની પદ્ધતિ વિકસાવી હતી. તે **વરિયમ** પદ્ધતિ તરીકે જાણીતી છે. એ દક્ષિણ હિંદની બ્રાહ્મણ વસાહતોમાં સ્વ-શાસનની પ્રમાણિકતાનું ચિહ્નરૂપ બની હતી. સભા જળાશયો અને રસ્તાઓની જાળવણી, ધર્માર્થ દાનોનું સંચાલન, મંદિરને લગતી બાબતો, સિંચાઈ-હકોનું નિયમન જેવાં કામો મોટે ભાગે આ સમિતિઓ દ્વારા કરાવતી.

દખ્ખણમાં સ્થાનિક સંઘો અને સમિતિઓની ભૂમિકા એટલી ધ્યાનાકર્ષક નથી. ચાલુક્ય કાળમાં સ્થાનિક સંસ્થાઓની જગ્યાએ મહાજનો કહેવાતી. સ્થાનિક પ્રખ્યાત વ્યક્તિઓ ગામો અને નગરોના સ્થાનિક વહીવટમાં ભાગ લેતી. ગામોમાં મહાજનોને ગામુંડા (મુખી) નામે ઓળખાતો એક આગેવાન હતો. મહાજનોને દક્ષિણ હિંદની સમિતિઓ જેવી સ્વાયત્તતા ન હતી પરંતુ તેમના પર રાજ્ય-અધિકારીઓ બારીકાઈથી દેખરેખ રાખતા.

બ્રાહ્મણ વસાહતો દખ્ખણ તેમ જ દક્ષિણ હિંદમાં ઠેર ઠેર જોવા મળતી, છતાં દખ્ખણમાં બ્રાહ્મણો તેમની સામુદાયિક બાબતોનું સંચાલન કેવી રીતે કરતા તે ચોક્કસપણે જાણવા મળતું નથી. પરંતુ તે બધી રાજાઓ તથા નાયકો દ્વારા રચાયેલી હતી તેથી તેમણે સ્થાનિક કક્ષાએ રાજ્યનાં હિતોની જાળવણી કરી જ હશે.

## 35.7 વિવિધ કક્ષાના શાસકો વચ્ચેના સંબંધો (Relations between Different Categories of Rulers)

મોટા રાજાઓ અને તેમના નાના મિત્ર રાજવીઓ વચ્ચેના સંબંધો એ એક વિવાદાસ્પદ બાબત છે. સામાન્યતઃ શક્તિશાળી રાજાઓ અને નાના રાજવીઓ અને નાયકો વચ્ચેના સંબંધો બાબતે બે મત પ્રવર્તે છે. પહેલા મત મુજબ, નાના રાજવીઓ અને નાયકો મોટા રાજાને, ખાસ તો પલ્લવોને ધાર્મિક આધાર પર પોતાના અધિદેવ માનતા, પલ્લવ રાજાઓ લાંબી જટિલ ધાર્મિક સમારંભોમાં ભાગ લેતા જેનાથી તેમને ધર્મવિધિ અંગેનો ઉચ્ચ દરજ્જો મળતો. આ ઉચ્ચ દરજ્જાનો નાના રાજવીઓ અને નાયકો આદર કરતા. આ મંતવ્યને ઐતિહાસિક પુરાવાનું સમર્થન મળતું નથી. આનાથી એ સમજાવી શકાતું નથી કે આ નાના રાજવીઓ તેમનો આદર પલ્લવોને બદલે ચાલુક્યો પ્રત્યે કેવી રીતે બદલી શકતા અથવા તો અસ્થિર રાજકીય પરિસ્થિતિમાં ધર્મવિધિ સંબંધી ઉચ્ચ દરજ્જો ધરાવતા રાજા પ્રત્યેનો આદર સમાપ્ત કરીને પોતાની સ્વતંત્રતા શા માટે ઘોષિત કરતા અથવા તો શા માટે તેમને ધર્મવિધિ સંબંધી દરજ્જાને આદર આપવાની ફરજ પડતી હશે.

અન્ય મંતવ્ય મુજબ આ નાના રાજવીઓ અને નાયકો મહાન સત્તાના સામંતો હતા. 'સામંત' એ પારિભાષિક પદ મધ્યયુગીન યુરોપમાં અસ્તિત્વમાં હતા એવા એક ખાસ સંબંધ માટે વપરાય છે. આપણને એ ખાતરી નથી કે પલ્લવો અથવા ચાલુક્યો અને નાના રાજવીઓ અને નાયકો વચ્ચે એવો જ સંબંધ હતો. આથી જ આપણે નાની શાસકીય સ ાાઓના મહત્ત્વની શાસકીય સત્તા સાથેના સંબંધો દર્શાવવા એક તટસ્થ પદ - 'ગૌણ મિત્રરાજ્ય' પસંદ કર્યું છે.

તમારી પ્રગતિ ચકાસો (ખ)

(1) વહીવટમાં સ્થાનિક સંઘોની ભૂમિકા વિશે ચર્ચા કરો. આશરે દસ વાક્યમાં ઉત્તર આપો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(2) વિવિધ કક્ષાના શાસકો વચ્ચેના સંબંધો દર્શાવો. આશરે દસ વાક્યમાં ઉત્તર આપો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 35.8 સારાંશ

આ એકમમાં તમે ઈ.સ.ની છઠ્ઠી સદીના મધ્ય સુધીની દખ્ખણની અને દક્ષિણ હિંદની રાજકીય પરિસ્થિતિનો અભ્યાસ કર્યો. આ સમય પછી આ પ્રદેશની મહાસત્તાઓ હતી - ચાલુક્યો, પલ્લવો અને પાંડ્યો. કેટલીક ગૌણ સત્તાઓ પણ હતી પરંતુ તેમની ભૂમિકા એટલી મહત્ત્વની ન હતી. મહાસત્તાઓ સતત એકબીજા સાથે સંઘર્ષ કરતી રહી હતી અને ગૌણ સત્તાઓ આ સંઘર્ષો દરમિયાન એક યા બીજી મહાસ ાાની બાજુએ રહેતી.

રાજકીય સંગઠનમાં રાજા વહીવટના કેન્દ્રસ્થાને હતો. તેને અન્ય અધિકારીઓની મદદ મળતી. રોજિંદા વહીવટી કામમાં સ્થાનિક સંઘોની ભૂમિકા એ નોંધપાત્ર લાક્ષણિકતા હતી.

## 35.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(1) (ક) ખોટું (ખ) ખરું (ગ) ખરું (ઘ) ખરું (ચ) ખોટું

(2) તમારા ઉત્તર માટે વિભાગ 35.4 નો આધાર લો.

(3) તમારા ઉત્તર માટે વિભાગ 35.3 નો આધાર લો.

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(1) તમારા ઉત્તર માટે પેટા વિભાગ 35.6.3નો આધાર લો.

(2) તમારા ઉત્તર માટે વિભાગ 35.7 નો આધાર લો.

## 35.10 કેટલાંક ઉપયોગી પુસ્તકો

Agarawal Ashvini. *Rise and Fall of Imperial Guptas*, Motilal Banarasidas, Delhi 1989.
Gupta P.L. *Imperial Guptas*, Varanasi
Nilakanta Shastry, K.A., *A History of South India,* Oxford, New Delhi, 1974

Thaper Romila, *History of India*, Vol. I, Pelican, 1983.

## વંશાવળીઓ

Ref.The Classical Age p.719

### 1. પ્રતાપી ગુપ્તો

શ્રીગુપ્ત
ઘટોત્કચ ગુપ્ત
ચંદ્રગુપ્ત પહેલો = કુમારદેવી
સમુદ્રગુપ્ત = દત્તાદેવી

(? રામ ગુપ્ત)
ચંદ્રગુપ્ત બીજો = ધ્રુવદેવી; કુબેરનાગ

કુમારગુપ્ત પહેલો = અનંતદેવી
પ્રભાવતી ગુપ્ત

સ્કંદગુપ્ત
(? કુમારગુપ્ત બીજો)
પુરુગુપ્ત= ચંદ્રાદેવી

બુદ્ધગુપ્ત
નરસિંહગુપ્ત = મિત્રાદેવી
(બાલાદિત્ય)

નરસિંહગુપ્ત → કુમારગુપ્ત ત્રીજો
(વિક્રમાદિત્ય)

કુમારગુપ્ત ત્રીજો → વિષ્ણુગુપ્ત
(ચંદ્રાદિત્ય)

### 2. ઉત્તરકાલીન ગુપ્તો

1. કૃષ્ણગુપ્ત
2. હર્ષગુપ્ત
3. જીવિતગુપ્ત
4. કુમારગુપ્ત
5. દામોદરગુપ્ત
6. મહાસેનગુપ્ત
7. માધવગુપ્ત  કુમારગુપ્ત
8. આદિત્યસેન
9. દેવગુપ્ત
10. વિષ્ણુગુપ્ત

વિષ્ણુગુપ્ત → [illegible]

3. મૌખરિઓ

(અ)

1. યજ્ઞવર્મન
2. શાર્દૂલવર્મન
3. અનંતવર્મન

(બ)

1. મહારાજા હરિવર્મન
2. મહારાજા આદિત્યવર્મન
3. મહારાજા ઈશ્વરવર્મન
4. મહારાજાધિરાજ ઈશાનવર્મન
5. મહારાજાધિરાજ સર્વવર્મન
6. મહારાજાધિરાજ અવંતિવર્મન

ગ્રહવર્મન — સુવા (?)

Ref : P 722

4. પુષ્યભૂતિઓ

મહારાજા નરવર્ધન

મહારાજા રાજ્યવર્ધન

મહારાજા આદિત્યવર્ધન

પરમભટ્ટાકર મહારાજાધિરંજ પ્રભાકરવર્ધન

નકાશાઓ :

Map 1. India Gupta Age

2. India as described by Hiuen-tsang (A.D. 629 -649)

3. South India (320-1000 A.D.)

Art-plates after p.758. The Classical Age Bhartiya Vidya Bhavan. Vol.3. 1988.

વંશાવળીઓ :

P.719 - 729.

Imperial Guptas

Later Guptas

The Classical Age - Bhartiya Vidya Bhavan Vol.3

Fourth edition 1988.

અન્ય સંદર્ભો

1. ભારતનું ગેઝેટિયર (ઇતિહાસ અને સંસ્કૃતિ) સંપા.કા.પી.એન.ચોપરા; અનુવાદકો - ડૉ.હરિપ્રસાદ શાસ્ત્રી, ડૉ.પી.સી.પરીખ, ડૉ. યતીન્દ્ર દીક્ષિત, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ

2. ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ગ્રંથ -3 અને 4 શેઠ ભો. જે. અધ્યયન સંશોધન વિદ્યાભવન, અમદાવાદ

3. The History and Culture of the Indian People
The CLASSICAL AGE. VOL.III Bhartiya Vidya Bhavan.
Bombay